BODHPRAD AGYARH VARTAON

(GUJRATI)

VISIT…

LANZAROTE Caliente.com

॥ શ્રીહરિઃ ॥

અનુક્રમણિકા

॥ શ્રીપરમાત્મને નમઃ ॥

બોધપ્રદ અગિયાર વાર્તાઓ

યોગક્ષેમનું વહન

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

(ગીતા ૯/૨૨)

'જે અનન્યપ્રેમી ભક્તજનો મુજ પરમેશ્વરને નિરંતર ચિંતન કરતાં નિષ્કામભાવે ભજે છે, એ નિત્ય-નિરંતર મારું ચિંતન કરનારા ભક્તોના યોગક્ષેમનું હું પોતે વહન કરું છું.'

કોઈ - કોઈ આ શ્લોકનો સર્વથા સકામ અથવા નિવૃત્તિપરક અર્થ કરે છે અને સંસારયાત્રાની કંઈ પણ ચિંતા ન કરતાં માત્ર ભગવાન પર જ નિર્ભર રહીને ભજન કરવું જ ઉચિત માને છે. આ વિષે તેઓ નિમ્નલિખિત દૃષ્ટાંત આપતા હોય છે.

એક ઈશ્વરભક્ત ગીતાભ્યાસી નિવૃત્તિપ્રિય બ્રાહ્મણ હતા. તેઓ અર્થને સમજીને સમસ્ત ગીતાનો વારંવાર પાઠ કરવામાં તેમજ ભગવાનના નામનો જપ તથા તેમના સ્વરૂપનું ધ્યાન કરવામાં જ પોતાનો બધો સમય વ્યતીત કરતા હતા. તેઓ એકમાત્ર ભગવાન પર જ નિર્ભર હતા. જીવનનિર્વાહની તો શું, તેઓ પોતાની ખાવા-પીવાની પણ પરવા ન કરતા હતા. તેમનાં માતા-પિતા પરલોકમાં સિધાવી ચુક્યાં હતાં. તેઓ ત્રણ ભાઈઓ હતા. ત્રણેય વિવાહિત હતા. એ સૌથી મોટા હતા અને બે ભાઈઓ નાના હતાં. બન્ને નાના ભાઈઓ પુરોહિતવૃત્તિ દ્વારા ગૃહસ્થાશ્રમનું સમગ્ર કામ ચલાવ્યા કરતા હતા. એક દિવસની વાત છે, બન્ને નાના ભાઈઓએ

મોટા ભાઈને કહ્યું - 'આપ કેટલોક સમય જીવિકા માટે પણ કાઢતા હો તો સારું રહે.'

મોટાભાઈ બોલ્યા : 'જ્યારે સૌનું ભરણ-પોષણ કરનાર વિશ્વમ્ભર ભગવાન સર્વત્ર બધો સમય મોજૂદ છે ત્યારે પોતાની જીવિકાની ચિંતા કરવી તો કેવળ નાદાની છે. ભગવાને ગીતાના નવમા અધ્યાયના બાવીસમા શ્લોકમાં પોતે યોગક્ષેમના વહનની જવાબદારી લીધી છે –

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

માટે ભાઈ! આપણે તો બસ આપણા ભગવાન પર જ નિર્ભર રહેવું જોઈએ. તેઓ બ્રહ્માથી લઈને ક્ષુદ્રાતિક્ષુદ્ર જીવ-જીવાણુ સુધી સૌનું ભરણ-પોષણ કરે છે. તો પછી જે તેમના ભરોસે રહીને નિત્ય-નિરંતર તેમનું જ સ્મરણ-ચિંતન કરે છે, તેનું યોગક્ષેમ ચલાવવા માટે તો તેઓ વચનબદ્ધ જ છે. આપણે તો નિત્ય ગીતાનું અધ્યયન - અધ્યાપન અને નિરંતર શ્રદ્ધા-પ્રેમપૂર્વક ભગવાનનું ભજન-સ્મરણ જ કરવું જોઈએ.'

બેય ભાઈઓએ કહ્યું – 'મોટાભાઈ! આપનું કહેવું તો યોગ્ય છે, પરંતુ જીવનનિર્વાહ માટે કોઈ પણ પ્રયત્ન કર્યા વિના ભગવાન કોઈને ઘેર બેઠા જ નથી આપી દેતા.' મોટાભાઈએ વિશ્વાસની સાથે ઉત્તર આપ્યો – 'શ્રદ્ધા-વિશ્વાસ હોય તો ઘેર બેઠાં જ ભગવાન આપી શકે છે.' બન્ને નાના ભાઈઓએ કંઈક ચીડાઈને કહ્યું – 'મોટાભાઈ! હવાઈ કિલ્લા બનાવવામાં કંઈ મૂલ્ય લાગતું નથી. અમે લોકો કમાઈને લાવીએ છીએ ત્યારે ઘરનું કામ ચાલે છે. આપ માત્ર પડ્યા - પડ્યા શ્લોક ગોખવાનું અને મોટી-મોટી વાતો કરવાનું જાણો છો. આપને ખબર જ નથી, કે અમે કેટલો પરિશ્રમ કરીને કંઈક ભેગું કરી શકીએ છીએ. આપ જ્યારે અમારાથી અલગ થઈને ઘર ચલાવશો, ત્યારે ખબર પડશે; ત્યારે અમે જોઈશું કે જીવિકા માટે પ્રયત્ન કર્યા વિના આપનું કામ કેવી રીતે ચાલે છે.' મોટાભાઈએ ધીરજ સાથે કહ્યું – 'ભાઈ! તમે લોકો આ જ ઠીક

સમજો છો તો બહુ આનંદ. મને અલગ કરી દો. હું કોઈના ઉપર ભારરૂપ થઈને નથી રહેવા માગતો. ભગવાન કયા પ્રકારે મારું ગુજરાન કરશે, એને તેઓ સારીપેઠે જાણે છે.' આ વાત પર બન્ને ભાઈઓ નિશ્ચિંત જેવા થઈને બોલ્યા – 'બહુ સારુ. કાલે જ આપણે સૌએ પોત-પોતાના ભાગ અનુસાર જુવારુ કરી લેવું જોઈએ.' મોટા ભાઈએ કહ્યું – 'જે પ્રકારે તમે લોકો ઉચિત સમજો, તે પ્રકારે કરી શકો છો; મારી તરફથી કોઈ વાંધો નથી. હું તો તમારા લોકોના રાજીપામાં જ રાજી છું.'

બીજા જ દિવસે બન્ને ભાઈઓએ, જે કંઈ સામાન-સમ્પત્તિ હતી, બધાના ત્રણ ભાગ કરી દીધા. બ્રાહ્મણ ભક્તના ભાગમાં એક નાનું-સરખું કાચું મકાન, થોડા રોકડા રૂપિયા અને થોડાં સાધારણ ઘરેણાં-કપડાં તથા રસોઈનાં વાસણો વગેરે આવ્યાં. ત્રીજા ભાગની યજમાનોની વૃત્તિ પણ તેમના ભાગમાં આપવામાં આવી. પરંતુ યજમાનોના એવા હાલ હતા કે, તેમની પાસે જો કોઈ પુરોહિત ચાલ્યો જાય તો ભલે ને તેમની પાસેથી કંઈ લઈ આવતો; ઘેર બેઠાં પુરોહિત મહારાજને કોઈ યાદ કરતું નથી.

આ પ્રકારે જ્યારે ત્રણે ભાઈઓ અલગ-અલગ થઈ ગયા, ત્યારે તે બ્રાહ્મણ ભક્તે પોતાની પત્નીને કહ્યું - 'મારા ભાઈઓએ આપણને જે કંઈ પણ આપ્યું છે, તે બહુ જ સંતોષજનક છે; પરંતુ હવે આપણે એ વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે આપણે કેવળ ભગવાન પર જ આધાર રાખીએ. કોઈના પણ ઘરે જઈને ક્યારેય પણ યાચના ન કરવી અને કોઈ આપે તો પણ કંઈ ગ્રહણ ન કરવું. ભગવાન સ્વયં યોગક્ષેમ વહન કરનારા છે, તેઓ જ આપણું યોગક્ષેમ ચલાવશે. ભાઈઓએ જે કંઈ આપ્યું છે, અત્યારે તો તેનાથી જ કામ ચલાવવું જોઈએ.'

બ્રાહ્મણી ઈશ્વરની ભક્તાણી અને પતિવ્રતા હતી. તેણીએ પતિની વાત ઘણા આદર સાથે સ્વીકાર કરી. તેણીએ વિચાર્યું - 'હમણાં તો

ગુજરાન માટે થોડુંક હાથમાં છે જ. એના સમાપ્ત થયા બાદ સ્વામી જેમ યોગ્ય સમજશે, પોતાની મેળે જ વ્યવસ્થા કરશે.'

તે ભગવદ્ભક્ત બ્રાહ્મણ પ્રાતઃકાળે ચાર વાગે જ ઊઠતા અને શહેરથી એક માઈલ દૂર એક તળાવ પર જઈને શૌચ-સ્નાન કર્યા પછી સંધ્યા-વંદન બાદ ભગવાનની માનસ-પૂજા, જપ, ધ્યાન કરીને સંપૂર્ણ ગીતાનો ભાવસહિત અર્થ સમજીને પાઠ કર્યા કરતા, આ પછી દિવસમાં અગિયાર વાગે ઘરે પાછા આવીને ભોજનાદિ કરતા. ભોજન કર્યા પછી ફરીથી બપોરે એક વાગે પાછા તે જ તળાવ પર જઈને જપ, ધ્યાન, સ્વાધ્યાય કરતા. ફરીથી સાંજે ચાર વાગે શૌચ-સ્નાન કરીને સંધ્યા-વંદન કરતા. ત્યારબાદ માનસ પૂજા કરીને સત્-શાસ્ત્રોનો શ્રદ્ધાપૂર્વક સ્વાધ્યાય કરતા. સૂર્યાસ્ત પછી ભગવાનના નામનો જપ અને તેમના સ્વરૂપનું ધ્યાન કરતા હતા. છેવટે રાત્રે આઠ વાગ્યા પછી ઘરે પાછા આવીને ભોજન કરતા અને પછી પોતાની પત્ની સાથે સત્સંગ-વાર્તાલાપ કરીને દસ વાગે શયન કરતા હતા. તેમની સાધ્વી ધર્મપત્ની પણ બન્ને સમય પતિને ભોજન કરાવીને સ્વયં ભોજન કરતી અને દરરોજ પતિને નમસ્કાર કરવા, તેમની સેવા-શુશ્રૂષા કરવી, એમની આજ્ઞાનું પાલન કરવું તથા ઈશ્વરનું ભજન-ધ્યાન કરવું પોતાનું પરમ કર્તવ્ય સમજતી હતી. આ રીતે બન્નેનો સમય વીતતો હતો. દરરોજ ખર્ચ તો થતું જ હતું. થોડાક દિવસોમાં તેમની પાસે જે કંઈ રૂપિયા-પૈસા હતા, એ બધા સમાપ્ત થઈ ગયા.

પત્નીએ સ્વામીને કહ્યું – 'રૂપિયા બધા ખલાસ થઈ ગયા છે.' પતિએ પૂછ્યું : 'શું ઘરેણાં-કપડાં પણ સમાપ્ત થઈ ગયાં?'

પત્નીએ કહ્યું – 'ના.' આ વાત પરથી બ્રાહ્મણી એમ સમજી કે હવે ઘરેણાં-કપડાંથી કામ ચલાવી લેવાની સ્વામીની મરજી છે. આથી જ તેણી તે બધાને વેચીને ઘરનું ગુજરાન ચલાવવા લાગી. પરંતુ તે ઘરેણાં-કપડાં પણ કેટલા દિવસ ચાલે! તે પણ સમય પસાર થતાં ખલાસ

થઈ ગયાં. વળી એક દિવસ પત્નીએ કહ્યું - 'ઘરેણાં-કપડાં પણ બધાં જ પતી ગયાં છે.'

પતિએ કહ્યું – 'કંઈ ચિંતા નહિ, હવે વાસણ-કુસણ અને મકાન તો છે.' આથી બ્રાહ્મણી સમજી કે હવે સ્વામીની સમ્મતિ મકાન અને વાસણોથી કામ ચલાવવાની છે. તેણીએ પ્રસન્નમને મકાનને વેચી દીધું અને તેઓ બીજા ભાડાના મકાનમાં ચાલ્યાં ગયાં. કેટલાક દિવસ આથી કામ ચાલ્યું. આના પછી વાસણ-કુસણ પણ વેચી દીધા, પરંતુ તેનાથી શું થાય! છેવટે બ્રાહ્મણીની પાસે શરીર ઢાંકવા માટે માત્ર એક સાડી બચી અને બ્રાહ્મણ દેવતા માટે એક ધોતિયું અને એક અંગરખો બચ્યો. એક દિવસ બ્રાહ્મણ દેવતા જ્યારે પ્રાતઃકાળે ચાર વાગે જંગલની તરફ જવા લાગ્યા, ત્યારે પત્નીએ ઘણા જ વિનમ્ર-ભાવથી હાથ જોડીને નિવેદન કર્યું, 'સ્વામિન્! હવે બધું જ ખલાસ થઈ ગયું છે; ઘર તો ભાડાનું છે, વાસણ-કુસણ પણ બધું જ ખલાસ થઈ ચુક્યું છે. કેવળ આપની આ ગીતાજીની પોથી, ધોતિયું, અંગરખો અને મારી એક સાડી બચી છે. આજે ભોજન માટે ઘરમાં અન્ન પણ નથી. જે કંઈ હતું, ગઈકાલે ખલાસ થઈ ગયું. બ્રાહ્મણે આનો કોઈ પણ જવાબ ન આપ્યો અને તેઓ હંમેશની માફક જંગલની તરફ ચાલી નીકળ્યા.

હંમેશની માફક જ પંડિતજી તળાવ પર ગયા અને શૌચ-સ્નાનથી પરવારીને સંધ્યા-ગાયત્રી-જપ વગેરે નિત્યકર્મ કર્યું. તેના બાદ જ્યારે તેઓ ગીતાનો પાઠ કરવા લાગ્યા, ત્યારે તેમની સામે પેલો પોતાનો ગમતો શ્લોક આવ્યો –

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

તે દિવસે પંડિતજી આ શ્લોકને વાંચીને ચોંકી પડ્યા, અને એને વાંચતાં જ મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યા કે 'લાગે છે કે આ શ્લોકમાં ભગવાનનાં વચન નથી, કદાચ ક્ષેપક હશે. જો આ ભગવાનનું

કથન હોત તો ભગવાન શું મારી સંભાળ ન રાખત? હું તો સર્વથા તેમની પર નિર્ભર છું. તેમણે આજ સુધી મારી સાર-સંભાળ જરા પણ લીધી નથી.' આમ સમજીને બ્રાહ્મણે તે શ્લોકની પર હરતાલ ચોપડી દીધી અને તેઓ તે શ્લોકને છોડીને ગીતાનો પાઠ કરવા લાગ્યા.

બ્રાહ્મણ દેવતાના હૃદયના આ ભાવને જોઈને સર્વના હૃદયમાં રહેલા તથા ભક્તની ઈચ્છાને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન ભગવાન તરત એક વિદ્યાર્થીના રૂપમાં ઘોડા પર સવાર થઈને બ્રાહ્મણના ઘેર તેમની ધર્મપત્નીની પાસે પહોંચ્યા અને મીઠાઈનો એક થાળ ભેટ આપીને પૂછવા લાગ્યા – 'ગુરુજી ક્યાં છે?' બ્રાહ્મણ-પત્નીએ કહ્યું – 'અહીંથી એક માઈલ દૂર એક તળાવ છે, તેઓ દરરોજ ત્યાં શૌચ-સ્નાન અને નિત્યકર્મ માટે જાય છે અને લગભગ અગિયાર વાગે પાછા આવે છે, અત્યારે દસ વાગ્યા છે, તેમના આવવામાં એક કલાકની વાર છે. આપ કોણ છો, અને આ મીઠાઈ શા માટે લાવ્યા છો?' વિદ્યાર્થીએ જવાબ આપ્યો – 'હું પંડિતજીનો શિષ્ય છું અને ગુરુજીની તથા આપ સેવાની કાજે આ મીઠાઈ લાવ્યો છું. એને આપ રાખી લો.' બ્રાહ્મણ-પત્નીએ કહ્યું – 'પંડિતજી ન તો કોઈને શિષ્ય બનાવે છે અને ન કોઈની આપેલી વસ્તુ પણ લે છે. મને પણ તેમણે કોઈની વસ્તુ ન સ્વીકારવાની આજ્ઞા આપી રાખી છે. આ માટે હું કોઈની આપેલી કોઈ વસ્તુ ન લઈ શકું. આને આપ લઈ જાઓ.' વિદ્યાર્થીએ કહ્યું – 'આપ જેવું કહો છો, તેવું જ હું પણ માનું છું. તેઓ કોઈને પણ શિષ્ય નથી બનાવતા, આ વાત પણ સાચી છે. મારા સિવાય તેમણે ન તો કોઈને શિષ્ય બનાવ્યો છે કે ન બનાવશે. મારા પર તેમની વિશેષ કૃપા છે, આથી જ મને તેમણે શિષ્ય માન્યો છે. માત્ર હું એક જ તેમનો શિષ્ય છું, આ વિષે આપ મારા પર વિશ્વાસ રાખો.' બ્રાહ્મણ-પત્નીએ કહ્યું – 'મેં તો આ વાત ક્યારેય નથી સાંભળી કે તેમણે આપને શિષ્ય બનાવ્યા છે. હું તો જાણું છું કે તેમણે કોઈને પણ શિષ્ય બનાવ્યો જ નથી, પછી હું આ વાતને

કેવી રીતે માની લઉં કે આપ તેમના શિષ્ય છો. જે કંઈ પણ હોય, હું આ મીઠાઈનો કોઈ પણ પરિસ્થિતિમાં સ્વીકાર ન કરી શકું. પંડિતજીના પાછા આવ્યા બાદ આપ તેમને આ આપી શકો છો.' વિદ્યાર્થીએ કહ્યું – 'સારું, આ થાળી અહીં રાખી છે અને મારો ઘોડો પણ અહીં બાંધેલો છે. હું પાછો આવીને પંડિતજીને મળી લઈશ.'

આ વાત પર બ્રાહ્મણ-પત્નીએ ઉત્તર આપ્યો - 'આપ આ થાળીને પાછી લઈ જાઓ, પંડિતજીના આવ્યા બાદ આપ ફરીથી લાવી શકો છો. હું પંડિતજીની આજ્ઞા વિના આને કોઈ પણ હાલતમાં ન રાખી શકું. કિંતુ તે ભગવાન તો વિચિત્ર રહ્યા. તેઓ થાળીને ત્યાં જ છોડીને ચાલવા માંડ્યા. જતી વખતે બ્રાહ્મણ-પત્નીએ પૂછ્યું – 'આપનું નામ-ઠેકાણું તો બતાવી દો, જેથી પંડિતજીના આવ્યા બાદ આ મીઠાઈની થાળી આપના ઘરે પાછી પહોંચાડી શકાય.' વિદ્યાર્થીએ કહ્યું – 'તેઓ મને જાણે છે. તેમની મારી પર અત્યંત કૃપા છે, કારણ કે હું તેમનો એક જ શિષ્ય છું. મારા સિવાય બીજો કોઈ શિષ્ય છે જ નહીં. આપ કહી દેજો કે આજે પ્રાતઃકાળે જેમના મુખ પર આપે હરતાલ ચોપડી હતી, તે જ શિષ્ય આવ્યો હતો. આથી તેઓ સમજી જશે.' આટલું કહીને ભગવાન ચાલ્યા ગયાં.

એક કલાક પછી પંડિતજી જંગલમાંથી પાછા આવ્યા અને ઘરમાં પ્રવેશ કરતાં જ જોયું કે એક થાળી મીઠાઈથી ભરેલી રાખી છે. પંડિતજીએ કંઈક ઉત્તેજિત જેવા થઈને પૂછ્યું – 'આ મીઠાઈ ક્યાંથી આવી, કોણે આપી અને શા માટે રાખી?' બ્રાહ્મણ-પત્નીએ હાથ જોડીને વિનયપૂર્વક ઉત્તર આપ્યો – 'સ્વામિન્! મેં નથી રાખી. એક વિદ્યાર્થી પરાણે આને મૂકી ગયો. તે કહેતો હતો કે હું ગુરુજીની સેવા કાજે લાવ્યો છું. આ વાતનો પણ મેં સ્વીકાર ન કર્યો. પરંતુ તે બળજબરીથી છોડીને ચાલ્યો ગયો.' બ્રાહ્મણે કહ્યું – 'તું તો આ વાતને જાણે છે કે મેં ન તો આજ સુધી કોઈને શિષ્ય બનાવ્યો છે, અને ન બનાવું પણ છું.' પત્નીએ કહ્યું –

'વાત સાચી છે. મેં પણ તેને કહ્યું કે ન તો પંડિતજીએ કોઈને શિષ્ય બનાવ્યો છે, ન બનાવે છે અને ન બનાવશે.' આ વાત પર તેણે મારી વાતનું સમર્થન કરતાં કહ્યું કે – 'હું આ વાતને જાણું છું. ગુરુજીએ મારા સિવાય કોઈને પણ શિષ્ય નથી બનાવ્યો અને ન બનાવશે. એકમાત્ર હું જ તેમનો શિષ્ય છું. મારી પર તેમની વિશેષ દયા છે. માટે મને તેમણે શિષ્ય સ્વીકાર્યો છે. મારા પર વિશ્વાસ રાખીને આ મારી વાત સાચી માનવી જોઈએ.' એ વખતે પણ મેં તો એ જ કહ્યું કે – 'મેં આ ક્યારેય નથી સાંભળ્યું કે આપને તેમણે શિષ્ય બનાવ્યા છે. જે પણ હોય, હું તેમની આજ્ઞા વિના આ ભેટ નહીં રાખી શકું, પરંતુ તે મૂકીને ચાલ્યો ગયો.' પંડિતજીએ કહ્યું – 'તેનું નામ-ઠેકાણું તો પૂછવું જોઈતું હતું, જેથી તેના ઘરે તેની ચીજ પાછી આપી શકાય.' બ્રાહ્મણ-પત્નીએ કહ્યું – 'મેં પૂછ્યું હતું, ત્યારે તેણે એમ કહ્યું હતું કે મને ગુરુજી જાણે છે. આજે પ્રાતઃકાળે જ તેમણે મારા મુખ પર હરતાલ ચોપડી હતી, મને એટલી જ વારમાં તેઓ થોડા ભૂલી જશે. આપ કહી દેજો કે જેના મુખ પર આજે પ્રાતઃકાળે હરતાલ લગાવી હતી, તે જ આપનો એકમાત્ર શિષ્ય ભેટ આપી ગયો છે. બસ, આટલું કહીને તે ચાલ્યો ગયો અને કહી ગયો કે મીઠાઈની થાળી અહીં રાખી છે, મારો ઘોડો પણ અહીં બાંધેલો છે. હું ફરીથી આવીને ગુરુજીને મળી લઈશ.'

આ સાંભળતાં જ પંડિતજીને રોમાંચ થઈ આવ્યો અને તેઓ ગદ્ગદ થઈને બોલ્યા - 'બ્રાહ્મણી! તું ધન્ય છે. તેઓ તો સાક્ષાત્ ભગવાન હતા. તારું મોટું સૌભાગ્ય છે, કે તને તેમનાં સાક્ષાત્ દર્શન થયાં. હું અવિશ્વાસુ અને કમનસીબ છું, માટે મને તેમણે દર્શન ન દીધાં. મેં એક દિવસ પણ ભૂખ સહન ન કરી અને અધીર થઈને ભગવાનના વચનો પર હરતાલ લગાવી દીધી. ગીતા સ્વયં ભગવાનના મુખમાંથી નીકળેલી છે. તેના પર હરતાલ ચોપડવી સાચેસાચ ભગવાનના મુખ પર જ હરતાલ લગાવવી છે. આજે ગીતાનો પાઠ કરતી વખતે જ્યારે

આ શ્લોક આવ્યો –

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

(ગીતા ૯/૨૨)

ત્યારે મુજ અવિશ્વાસુના મનમાં ભગવાનના વચનો પર શંકા થઈ ગઈ કે જો ખરેખર આ ભગવાનનાં વાક્યો હોત તો તેઓ નિશ્ચય જ મારું યોગક્ષેમ વહન કરત; આ ક્ષેપક છે. એવું સમજીને મેં તેની પર હરતાલ લગાવી દીધી. હું ઘણો જ નીચ, પાપી અને અવિશ્વાસુ છું. મારા હૃદયમાં જો થોડુંક પણ ધૈર્ય હોત તો હું એવું નીચ કામ ક્યારેય ન કરત. તે પરમ દયાળુ ભગવાન તો સદા યોગક્ષેમ ચલાવી જ રહ્યા છે. સર્વ કંઈ સમાપ્ત થવાની સાથે આવી જ પહોંચ્યા. હરતાલ લગાવ્યાના અપરાધના કારણે હું તેમના દર્શનથી વેગળો રહ્યો. તું શુદ્ધ અને અનન્ય ભક્ત તથા પતિવ્રતા છે, માટે તને દર્શન દઈ ગયા. હવે તો જ્યાં સુધી તેઓ નહિ આવે ત્યાં સુધી મને ચેન નથી.' આ પછી તેમની દૃષ્ટિ બહારની તરફ ગઈ તો જુએ છે કે ઘોડાપર ભાર લાદેલો છે. તેમણે તરત જઈને ભાર ઉતાર્યો અને તેને અંદર લાવીને જોવા લાગ્યા. તેમાં લાખો રૂપિયાનાં રત્નો ભરેલાં હતાં, બ્રાહ્મણ આ જોઈને પોતાના કૃત્ય પર પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તેઓ ફરીથી ગદ્‌ગદ થઈ ગયા અને પ્રેમમાં તન્મય થઈને ભાગવતનો આ શ્લોક ગાવા લાગ્યા –

अहो बकी यं स्तनकालकूटं जिघांसयापाययदप्यसाध्वी।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम॥*

(૩/૨/૨૩)

* આશ્ચર્યની વાત છે કે પાપિણી પૂતનાએ જે શ્રીકૃષ્ણને મારવાની ઈચ્છાથી તેમને સ્તનો પર ચોપડેલું હળાહળ વિષ પિવડાવ્યું હતું, તે પણ માતાના યોગ્ય ઉત્તમ ગતિને પ્રાપ્ત થઈ; તો પછી તે ભગવાનને છોડીને અમે બીજા કયા દયાળુની શરણમાં જઈએ?

મને ધિક્કાર છે કે આવા દીનબંધુ, પતિતપાવન, સર્વનું ભરણ-પોષણ કરનાર વિશ્વમ્ભર પ્રભુ પર મેં જૂઠો દોષ લગાવીને પોતાને કલંકિત કર્યો. હું તો ધનનો દાસ છું. જો હું સાચેસાચ પ્રભુનો દાસ હોત તો મને ખાવા-પીવાની ને ઓઢવાની ચિંતા જ કેમ થાત, અને શા માટે ભગવાન મને સંતુષ્ટ કરવા માટે આ રત્ન-રાશિ દઈ જાત. હું વાસ્તવમાં જો ભગવાનના તત્ત્વ-રહસ્યને જાણતો હોત, મારો તેમનામાં સાચો પ્રેમ હોત અને મારા મનમાં ધનની કામના ન હોત તો તેઓ મને આ રત્નો આપીને શા માટે ભરમાવત.' આમ કહેતાં કહેતાં બ્રાહ્મણ આનંદમુગ્ધ થઈ ગયા.

બહુ જ વાર થતી જોઈને બ્રાહ્મણીએ કહ્યું - 'ભગવાનનો દીધેલો પ્રસાદ તો જમી લો.' પંડિતજી બોલ્યા - 'જ્યારે ભગવાન એમ કહી ગયા છે કે હું આવીશ તો હવે તો તેમના પધાર્યા પછી જ પ્રસાદ જમીશ.' સાયંકાલ થઈ ગયો, પરંતુ ભગવાન ન આવ્યા. ત્યારે બ્રાહ્મણીએ ફરીથી કહ્યું – 'હવે તો પ્રસાદ જમી લો' પંડિતજી ક્યાં માનવાના હતા, તેમણે ફરીથી તે જ વાત કહી દીધી. હવે રાત્રીના દસ વાગી ગયા, શયનનો સમય થઈ ગયો અને ભગવાન ન આવ્યા, ત્યારે બ્રાહ્મણીએ ફરીથી વિનયપૂર્વક કહ્યું - 'પ્રસાદ તો જમી લો.' બ્રાહ્મણદેવતાએ છતાં પણ પ્રસાદ ન લીધો, અને બન્ને કશુંય ખાધા વિના સૂઈ ગયાં.

રાતના અગિયાર વાગ્યા હતા. દરવાજો ખખડાવીને કોઈએ બહુ જ મીઠા શબ્દોમાં પોકાર કર્યો – 'ગોરાણીજી! ગોરાણીજી! દરવાજો ખોલો.' બ્રાહ્મણ-દમ્પતીને હજુ નિદ્રા આવી જ ન હતી. સુમધુર સ્વર તથા સમ્બોધન સાંભળીને બ્રાહ્મણી ચોંકી ગઈ, અને આનંદઘેલી થઈને બોલી – 'સ્વામિન્! લ્યો, આપના ભગવાન આવી ગયા છે.'

બ્રાહ્મણે તરત દોડીને દરવાજો ખોલ્યો અને તેઓ ભગવાનના ચરણોમાં ઢળી પડ્યા.

ભગવાને તેમને ઊભા કરીને પોતાના હૃદય સરસા ચાંપી દીધા. તે સમયે પંડિતજીની ઘણી વિચિત્ર દશા હતી. તેમનું શરીર રોમાંચિત હતું, નેત્રોમાંથી આંસુઓની ધારા વહી રહી હતી, હૃદય પ્રફુલ્લિત હતું અને વાણી ગદ્‌ગદ હતી. છતાં પણ તેઓ કોઈ પણ પ્રકારે ધીરજ ધરીને બોલ્યા - 'નાથ! હું તો અર્થનો દાસ છું. મારા જેવા પામર પર પણ જે આપે આટલી કૃપા કરી, એમાં આપનો પરમ દયાળુ સ્વભાવ જ કારણ છે. જો મારા ભાવ અને આચરણોની તરફ ધ્યાન આપવામાં આવે તો આપનાં દર્શન તો દૂર રહ્યાં, મને ક્યાંય નરકમાં સ્થાન ન મળવું જોઈએ. મેં આપ-જેવા સર્વથા નિર્દોષ મહાપુરુષ પર દોષ લગાવ્યો – મારા જેવો ધનની લાલસા રાખનારો નીચ કોઈ ભાગ્યે જ હશે. હું તો ધન માટે જ આપને ભજતો હતો, એટલે જ તો આપે મારા સંતોષ માટે આ રત્નો આપ્યાં છે.' હું ભારે સકામી છું, માટે જ તો મેં આપને સાંસારિક યોગક્ષેમ ચલાવનાર જ સમજ્યા, નહિ તો હું પારમાર્થિક યોગક્ષેમની જ કામના કરત. જેઓ નિષ્કામભાવથી કેવળ આપ પર જ આધાર રાખે છે, તેઓ તો આ યોગક્ષેમને પણ નથી ઝંખતા; પરંતુ આપ તો વિના ઝંખ્યે જ તેમનું યોગક્ષેમ વહન કરો છો. મારા જેવા અભાગિયામાં આવી શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ અને નિર્ભરતા ક્યાં જે આપ જેવા મહાપુરુષના હેતુરહિત અનન્ય-શરણે થાઉં!'

ભગવાન બોલ્યા – 'આમાં તમારો કોઈ દોષ જ નથી. તમે તો મારા પર જ નિર્ભર હતા. મારા આગમનમાં જે મોડું થયું, એ મારા સ્વભાવનો દોષ છે, પરંતુ હજુ સુધી તમે ભોજન કેમ ન કર્યું? પંડિતજીએ કહ્યું 'જ્યારે આપ કહી ગયા હતા કે હું ફરીથી આવીને મળીશ, તો આપના આવ્યા વિના હું કેવી રીતે ભોજન કરું. આપ ભોજન કરો, તેના પછી જ અમે પણ પ્રસાદ પામીશું.' ભગવાને કહ્યું – 'નહીં - નહીં; ચાલો. આપણે બધા એક સાથે જ ભોજન કરીએ.' પછી બ્રાહ્મણ-પત્નીએ ભગવાનનો સંકેત સમજીને બન્નેને ભોજન કરાવ્યું.

બ્રાહ્મણ-દેવતાએ અત્યન્ત પ્રેમ-વિહ્વળ થઈને પ્રસાદ લીધો. ભોજન પછી ભગવાન બોલ્યા – 'તમારી જે ઈચ્છા હોય, તે માગી લો; તમારા માટે કંઈ પણ અદેય નથી. બ્રાહ્મણે કહ્યું – 'જ્યારે આપ સ્વયં જ પધાર્યા, ત્યારે હવે તો માગવાનું બાકી જ શું રહ્યું? નાથ! હું તો એ જ માગું છું કે હવે તો મારા મનમાં યોગક્ષેમની પણ ઈચ્છા ન રહે અને કેવળ આપમાં જ મારો અનન્ય વિશુદ્ધ પ્રેમ રહે.' ભગવાન 'તથાસ્તુ' કહીને અન્તર્ધાન થઈ ગયા.' આ પછી બ્રાહ્મણ-પત્નીએ પણ પ્રસાદ લીધો.

આ બાજુ જ્યારથી તે નાના ભાઈઓએ પોતાના મોટાભાઈ ભગવદ્‌ભક્ત બ્રાહ્મણને અલગ કરી દીધા હતા, ત્યારથી તેઓ ઉત્તરોત્તર એકદમ દરિદ્ર અને દુઃખી થતા ગયા. તેમની એટલી હીન હાલત થઈ ગઈ કે ન તો તેમને ક્યાંયથી કંઈ પણ ઉધાર મળતું કે ન માગ્યાથી મળતું. જ્યારે તેમણે સાંભળ્યું કે અમારા ભાઈ એટલા ધનવાન થઈ ગયા છે કે તેમના દ્વારપર હંમેશાં યાચકોની ભીડ લાગેલી રહે છે. ત્યારે તેઓ પણ પોતાના ભાઈની પાસે ગયા. પરમ ભક્ત પંડિતજીએ ભાઈઓને આવ્યા જોઈને તેમને હૃદયથી લગાવી દીધા અને તેમના કુશળ-ક્ષેમના સમાચાર પૂછ્યા. તેમણે ઉત્તરમાં કહ્યું - 'આપ જેવા સજ્જન પુરુષથી અલગ થઈને અમને કુશળતા કેવી? અમે તો મોઢું દેખાડવા લાયક પણ નથી. છતાં પણ આપ અમારા પર દયા કરીને પ્રેમથી મળ્યા છો, આ આપનું સૌહાર્દ છે.' મોટાભાઈએ કહ્યું – 'નહીં-નહીં ભાઈ! એવું ન કહો. આપણે ત્રણે સગા ભાઈઓ છીએ, આપણે ક્યારેય અલગ થોડા જ થઈ શકવાના છીએ. આ તો એક થનાર હતું. આપણે લોકો જેવા પ્રેમથી પહેલાં રહેતા હતા, હવે પણ આપણે એવી જ રીતે રહેવું જોઈએ. સંસારમાં સગા ભાઈની સમાન આપણો હિતેચ્છુ અને પ્રેમી કોણ છે? તમારે લોકોએ લજ્જા કે પસ્તાવો ન કરતાં પહેલાંની રીતે જ પ્રેમ રાખવો જોઈએ. આ જે કંઈ ઐશ્વર્ય જુઓ છો, એમાં ભાઈ! મારું શું છે? આ બધી શ્રીભગવાનની વિભૂતિ છે. જે કોઈ પણ ભગવાન

પર નિર્ભર થઈ જાય છે, ભગવાન સર્વ રીતે તેના યોગક્ષેમની જવાબદારી ઉઠાવે છે. જેવી રીતે બાળક માતા-પિતા પર નિર્ભર થઈને નિશ્ચિંત વિચરે છે, અને માતા-પિતા જ સર્વ પ્રકારે તેનું પાલન-પોષણ કરે છે, તે જ પ્રકારે, અરે, તેનાથી પણ અધિક ભગવાન પોતાના આશ્રિતનું પાલન-પોષણ અને સંરક્ષણ કરે છે. આટલું જ નહિ, તેઓ તો પોતાની જાત જ તેને સમર્પણ કરી દે છે. આથી તમારે –

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

(ગીતા ૯/૨૨)

આ શ્લોકમાં કરેલી વાત પર વિશ્વાસ મૂકીને નિત્ય-નિરંતર ભગવાનનું જ ચિંતન કરવું જોઈએ તથા અર્થ અને ભાવને સમજીને નિત્ય શ્રીગીતાનું અધ્યયન-અધ્યાપન કરવું જોઈએ.'

આ પછી તે બેય ભાઈઓ મોટા ભાઈની સાથે રહીને તેમની આજ્ઞા અનુસાર નિત્ય-નિરંતર જપ, ધ્યાન તથા ગીતાનો પાઠ કરવા લાગ્યા, અને થોડા જ સમયમાં ભગવાનની ભક્તિ કરીને ભગવત્કૃપાથી ભગવાનને પ્રાપ્ત થઈ ગયા.

આ વાર્તા કેટલા અંશે સાચી છે, એની જાણ નથી; પરંતુ આપણે આમાંથી એ બોધ ગ્રહણ કરવો જોઈએ કે ભગવાન પર નિર્ભર થયા પછી ભગવાન યોગક્ષેમનું વહન કરે છે. આથી આપણે પણ આ વાર્તા પર વિશ્વાસ કરીને ભગવાન પર નિર્ભર થઈ જઈએ. સૌથી શ્રેષ્ઠ વાત તો એ છે કે નિત્ય-નિરંતર ભગવાનનું નિષ્કામભાવથી ચિંતન કરવું જોઈએ. યોગક્ષેમની પણ ખેવના ન રાખતા ભગવાનમાં માત્ર નિર્હેતુક વિશુદ્ધ પ્રેમ થાય, એના જ માટે પ્રયત્ન કરવો જોઈએ. કિંતુ જો યોગક્ષેમની જ ઈચ્છા હોય તો સાચા—પારમાર્થિક યોગક્ષેમની ઈચ્છા કરવી જોઈએ.

અપ્રાપ્તની પ્રાપ્તિનું નામ 'યોગ' છે અને પ્રાપ્તની રક્ષાનું નામ 'ક્ષેમ' છે. પારમાર્થિક યોગક્ષેમનો અભિપ્રાય એ છે કે પરમાત્માની

પ્રાપ્તિના માર્ગમાં જ્યાં સુધી આપણે આગળ વધી ચુક્યા છીએ, તે પ્રાપ્ત સાધનસમ્પત્તિની તો ભગવાન રક્ષા કરે છે, અને ભગવાનની પ્રાપ્તિમાં જે કંઈ ઊણપ છે તેની પૂર્તિ ભગવાન કરી દે છે. આવું ભગવાને આશ્વાસન આપ્યું છે. આમ સમજીને અને એના પર વિશ્વાસ કરીને ભગવાન પર નિર્ભર તેમજ નિર્ભય થઈ જઈએ, ભગવચ્ચિંતન સિવાય બીજી કોઈ પણ ચિંતા ન કરીએ.

જે લોકો સાંસારિક યોગક્ષેમને માટે ભગવાનને ભજે છે, તેઓ પણ ન ભજનારાઓ કરતાં બહુ જ ઉત્તમ છે; કારણ કે ભગવાને અર્થાર્થી, આર્ત આદિ ભક્તોને પણ ઉદાર–શ્રેષ્ઠ બતાવ્યા છે - '**उदाराः सर्व एवैते** (ગીતા ૭/૧૮) અને જ્ઞાની નિષ્કામ અનન્ય ભક્તને તો પોતાનું સ્વરૂપ જ બતાવ્યો છે; કારણ કે તે નિષ્કામી જ્ઞાનીને એક ભગવાન સિવાય અન્ય કોઈ ગતિ છે જ નહીં.

આથી આપણા માટે ઉચિત છે કે આપણે ભગવાનના નિષ્કામ જ્ઞાની અનન્ય ભક્ત બનીએ; કારણ કે આવો ભક્ત ભગવાનને અત્યંત પ્રિય છે. ભગવાને કહ્યું છે –

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः॥

(ગીતા ૭/૧૭)

'એ ભક્તોમાંથી હંમેશાં મારામાં એકાત્મભાવે સ્થિત, અનન્ય પ્રેમભક્તિ રાખનાર જ્ઞાની ભક્ત ઘણો શ્રેષ્ઠ છે; કેમકે મને તત્ત્વથી ઓળખનાર જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને એ જ્ઞાની મને અત્યંત પ્રિય છે.'



નિષ્કામતા

રામૂ અને ગોપાલ બન્ને એક જ ગામ રામપુરાના રહેવાસી હતા. બન્ને ભોઈ (પાલખી ઉપાડવાનો ધંધો કરનાર હતા. ગોપાલ ઈચ્છાનગરી - નરેશના મુખ્યમંત્રીના શિરસ્તેદારના ઘેર વાસણ માંજવાનું તથા કચરો વાળવો વગેરે કામ કરતો હતો. તે રામૂથી ઉંમરમાં મોટો હતો, પરંતુ સંબંધમાં ભાઈ હતો. રામૂના પિતા ગામમાં પ્રતિષ્ઠિત મનાતા હતા. રામૂ ભોઈના ઘેર જન્મ્યો હતો, પરંતુ તે બહુ જ બુદ્ધિમાન હતો. અને તેનામાં સાત્ત્વિક ગુણોની સ્વાભાવિક જ અધિકતા નજરે ચડતી હતી. રામૂના હૃદયમાં ભગવદ્ભક્તિ, વિનય, સંતોષ અને નિષ્કામતા આદિ ગુણોનો પણ વિકાસ થયો હતો. તેનો ચહેરો પણ રાજકુમારના જેવો સુંદર હતો. ગામના બધા જ લોકો તેને સ્નેહ કરતા હતા. તેણે પંદર વર્ષની ઉંમરમાં જ ગામના વયોવૃદ્ધ પંડિત રમાકાંતજી, જેઓ ઘણા સંયમી, સદાચારી તથા ભગવદ્ભક્ત વિદ્વાન હતા અને નગરનો ઊંચો અધ્યાપનનો વ્યવસાય છોડીને નિઃસ્વાર્થભાવથી ગામના છોકરાઓને ભણાવતા હતા, તેમની પાસેથી સારા વિદ્યાભ્યાસની સાથે જ ઘણાખરા સદ્ગુણો પણ પ્રાપ્ત કરી લીધા હતા.

રામૂનું ગામ રામપુરા ઈચ્છાનગરી રાજધાનીથી થોડું જ દૂર હતું. એક દિવસ વહેલી સવારમાં જ રામૂ નાહી-ધોઈને ઘરેથી ચાલી નીકળ્યો અને પોહ ફાટતાં-ફાટતાં ઈચ્છાનગરી જઈ પહોંચ્યો. તેણે ખોળતાં-ખોળતાં ગોપાલના ઘરે પહોંચીને એકદમ ગોપાલના પગ પકડી લીધા. ગોપાલ તે વખતે પથારીમાંથી ઉઠ્યો જ હતો. રામૂને આ રીતે જોઈને તે ચકિત થઈ ગયો અને આનંદ તથા આશ્ચર્યથી તેના ચહેરા તરફ જોવા લાગ્યો.

'ભાઈ! તમે ધન્ય છો,' રામૂએ પગ પકડી રાખતાં જ કહ્યું, 'અરે ભાઈ! તમે આવ્યા, બહુ સારું કર્યું. ગામમાં બધા કુશળ તો છે ને? પરંતુ તમે મારા પગ કેમ પકડી લીધા? ખરેખર તો તમે મારા ભાઈ છો.' ગોપાલ પાછળ ખસી જતાં એકીશ્વાસે બોલી ગયો.

'ભાઈ! તમારો મહિમા હું શું કહું! બસ, તમે ધન્ય છો.' રામૂએ ગદ્ગદ્ વાણીથી ફરી કહ્યું.

'ભાઈ! આમ તો હું તમારા ઘરનો માણસ છું, મારું કામ જુઓ તો હું મહારાજા સાહેબના દીવાનના શિરસ્તેદારને ત્યાં વાસણ માંજનાર નીચી પાયરીનો નોકર છું, હું ધન્ય કેવી રીતે થઈ ગયો?' ગોપાલે જિજ્ઞાસાથી કહ્યું.

"ભાઈ! એટલા જ માટે તો તમે ધન્ય છો. તમે જાણો છો, આપણા મહારાજા ઉચ્ચકોટિના મહાપુરુષ છે. તેઓ અનન્યભક્ત, જ્ઞાની અને યોગી મહાત્મા છે.' રામૂએ ગોપાલના પગોને ચોંટીને જ કહ્યું.

'પરંતુ એથી શું થયું? આ સદ્ગુણોથી સમ્પન્ન મહારાજા તો છે ને?' પગ છોડાવતાં ગોપાલે કહ્યું. 'મારામાં તો કોઈ ગુણ નથી.'

રામૂએ આદર અને પ્રેમભર્યા શબ્દોમાં કહ્યું 'ભાઈ! આવા મહાપુરુષ મહારાજાના દીવાનના શિરસ્તેદારના ત્યાં નોકરી મળવી શું કોઈ સાધારણ વાત છે? મને તો આવી નોકરી મળી જાય તો હું પોતાના જીવનને સફળ સમજું, બલ્કે તમારી જ સેવાનો અવસર મળી જાય તો પણ મારું જીવન ધન્ય થઈ શકે છે.' આ પ્રમાણે કહીને તે ગોપાલના મોઢાની તરફ જોવા લાગ્યો.

ગોપાલ પર રામૂના શબ્દોનો મોટો પ્રભાવ પડ્યો. ગોપાલે કહ્યું – 'ભાઈ! શિરસ્તેદાર સાહેબને તો માણસની જરૂર જ હતી, તેઓ મને કહી રહ્યા હતા. તમે આવી ગયા અને તમે ઈચ્છો પણ છો, આથી આજે જ હું તમને કામ અપાવી દઈશ.'

* * *

રામૂ શિરસ્તેદારના ત્યાં ઘણું મન દઈને કામ કરવા લાગ્યો. મહિનો પૂરો થયા પછી ગોપાલના હાથે મોકલાવેલ વેતનને જ્યારે તેણે લીધું નહિ, ત્યારે શિરસ્તેદારે તેને બોલાવીને કહ્યું -

'તમે અત્યંત ઉત્સાહ, શ્રદ્ધા, પ્રેમ તથા તત્પરતાથી દિવસ-રાત કામ કરો છો. કામ પણ અગાઉના નોકરથી બમણું કરી લો છો. આટલું કામ તો કોઈ નોકર કરતો જ નથી. છતાં પણ ગયા માસમાં તમે વેતન ન લીધું, આથી મને બહુ જ શરમ લાગે છે. હું સમજું છું કે તમને દસ રૂપિયા માસિક બહુ જ ઓછા છે. તો હવે તમે જેટલા કહો, એટલા જ રૂપિયા હર માસ માટે નક્કી કરી દઉં!'

રામૂની પ્રસન્નતાનો પાર ન હતો. તેને શુદ્ધ, સાત્ત્વિક તેમજ દિવ્યગુણસમ્પન્ન નરેશના દીવાનના શિરસ્તેદારની પાસે રહેવાનું સ્થાન જે મળી ગયું હતું. આ જ કારણે તે અહંતા, મમતા તથા આસક્તિ અને સ્વાર્થનો ત્યાગ કરીને અત્યંત શ્રદ્ધા-ભક્તિયુક્ત હૃદયને લઈને નિષ્કામભાવથી સેવા કરી રહ્યો હતો. શિરસ્તેદાર એના કામથી ઘણો સંતુષ્ટ થયો હતો. રામૂએ શિરસ્તેદારની વાત સાંભળીને અત્યંત વિનયથી ઉત્તર આપ્યો - 'મારું રૂપિયા ન લેવાનું એ કારણ ન હતું કે વેતન ઓછું છે.'

શિરસ્તેદાર ચકિત થઈ ગયા. તેમને રામૂની વાત પર એકદમ વિશ્વાસ ન બેઠો. તેણે પૂછ્યું - 'તો પછી આટલી વધારે મહેનત શા માટે કરો છો?'

'આપ સારી રીતે જાણો છો, અમારા મહારાજા ઉચ્ચકોટિના મહાપુરુષ છે. તેઓ યોગી, જ્ઞાની, ઈશ્વરભક્ત અને સાક્ષાત્ મહાત્મા છે. આપ તેમના દીવાનના શિરસ્તેદાર છો. પગાર આથી વધારે બીજો કેટલો હોય?' રામૂએ નતમસ્તક થઈને જવાબ દીધો.

'રાજાસાહેબ તો તમે જેવા કહો છો, તેવા જ છે; પરંતુ હું તો એક સાધારણ માણસ છું. મારામાં તેવા કોઈ પણ ગુણ નથી, જે તેમનામાં છે.

મારી ચાકરીથી તમને શો લાભ છે?' શિરસ્તેદારે ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

'આપ છો તો તેમના દીવાનના શિરસ્તેદાર. મારા ભાગ્યમાં આપ જેવા મહાપુરુષોની સેવા ક્યાં? ભગવાનની વાત તો દૂર રહી, તેમના આશ્રિત ભક્તોના દાસાનુદાસોના દાસાનુદાસની સેવા પ્રાપ્ત કરી લેવી પણ ઘણું મોટું સૌભાગ્ય છે; કારણ કે તેમના સમ્પર્કથી ક્યારે ને ક્યારે ભગવદનુરાગી મહાપુરુષોનાં દર્શન પ્રાપ્ત થઈ શકે છે. આ જ રીતે આપની સેવા કરતાં-કરતાં મને ક્યારેક દીવાનજીનાં પણ દર્શન થઈ જશે કે જે તે ભગવદ્‌ભક્ત રાજાના સૌથી નિકટના સમ્પર્કમાં રહેતા હોય છે.' રામૂએ સરળતાથી મનની સાચી વાત કહી દીધી.

'દીવાનના દર્શનની શું વાત છે, તેમનાં દર્શન તો હું તમને કાલે જ કરાવી શકું છું.' શિરસ્તેદાર રામૂની પવિત્ર ભાવના પર મુગ્ધ થઈ ગયા હતા. તેમણે કહ્યું – 'દીવાનજી સવારે સાડા આઠ વાગે ન્યાયાલયમાં આવે છે અને હું ત્યાં આઠ વાગે ચાલ્યો જાઉં છું; તમારે નવ વાગ્યા સુધીમાં એક ગ્લાસ ચા અને પાણી લઈને ત્યાં આવી જવું. અને વેતનના જેટલા રૂપિયા કહો, તેટલા તમારા ઘરે મોકલી આપું.'

મને રૂપિયાની જરૂર નથી. ઘરનું કામ ચાલી જાય છે. મને તો શ્રીદીવાનજીનાં દર્શનથી જ સર્વ કંઈ મળી જશે.' રામૂએ વિવેક-વિનયપૂર્વક રૂપિયા લેવાનો અસ્વીકાર કરી દીધો.

શિરસ્તેદાર રામૂની તરફ તાકી રહ્યા હતા. તેઓ તેના સ્વભાવની મનમાં-ને-મનમાં પ્રશંસા કરવા લાગ્યા.

* * *

ગાદી પર મોટા તકિયાના ટેકે બેઠેલા દીવાને દરવાજાની તરફ જોયું. એક સુંદર અજાણ્યો નવજુવાન હાથમાં ગ્લાસ લઈને બહુ જ મુગ્ધદૃષ્ટિથી એકીટસે તેમની તરફ જોઈ રહ્યો હતો, જાણે કોઈ ભગવાનનું દર્શન કરી રહ્યો હોય!

દીવાને ઘણી વાર સુધી જોયું, તેની પાંપણ પડતી જ ન હતી. તે અતૃપ્ત નેત્રોથી દીવાનની તરફ જોઈ રહ્યો હતો.

'આ કોણ છે અને અહીં કેમ ઊભો છે?' – દીવાને શિરસ્તેદારને પૂછ્યું. 'શ્રીમાન! આ આપનો નોકર છે. આજે હું ચા પીને ન આવી શક્યો, તો આ અહીં લઈને આવી ગયો.' - શિરસ્તેદારે જવાબ આપ્યો.

'સારું, પહેલાં ચા પી લો.' - દીવાને કહ્યું.

શિરસ્તેદારે ચા પીધી અને ફરી કામમાં પરોવાઈ ગયા. પરંતુ દીવાન પર રામૂની પરમ મુગ્ધ અને આકર્ષક પ્રેમભરી દૃષ્ટિનો પ્રભાવ પડી ચુક્યો હતો. તેઓ રહી-રહીને વિવશતાથી રામૂની તરફ જોઈ લેતા હતા. રામૂએ ચાનાં વાસણ માંજી-ધોઈને ત્યાં કચરો વાળી દીધો. પછી દીવાનજીના જોડા સાફ કરવામાં લાગી ગયો. સાથે સાથે તે રહી-રહીને દીવાનની તરફ શ્રદ્ધા અને પ્રેમભરી દૃષ્ટિથી જોઈ પણ લેતો હતો.

આ છોકરો તો ઘણા પ્રેમ અને ઉત્સાહથી કહ્યા વિના પણ કામ કરે છે અને તે પણ કેટલી સ્ફૂર્તિ અને સફાઈની સાથે! શું આપો છો એને?' દીવાને શિરસ્તેદારને પૂછ્યું.

'શ્રીમાન્!..., આ કામ તો ઘણું અને બહુ જ સુંદર રીતે કરે છે, પરંતુ લેતો કંઈ પણ નથી.'

આશ્ચર્યચકિત થઈને દીવાને રામૂને તરત પાસે બોલાવી લીધો અને તેઓ પૂછી બેઠા - 'તમે કંઈ પણ લીધા વગર જ ઘણા પ્રેમથી કામ કરો છો, એનું કારણ બતાવી શકશો?'

'હજુર! ફક્ત આપનાં દર્શન માટે. આજે હું ધન્ય છું.' રામૂએ ધીમા અવાજે કહી દીધું.

'મારામાં કઈ એવી વાત છે ભાઈ?' દીવાને આકર્ષિત થઈને રામૂને પૂછ્યું.

'દીવાન સાહેબ! આપ તો જાણો જ છો કે આપણા મહારાજા સાહેબ

ઉચ્ચકોટિના મહાપુરુષ છે. તેઓ યોગી, જ્ઞાની, ભક્ત અને મહાત્મા છે. આપ એવા પવિત્રાત્મા નરેશના દીવાન છો. આપ જેવા પુરુષોનાં દર્શન થવાં કંઈ સાધારણ વાત છે! જેમના મોટાં ભાગ્ય હોય છે, તેઓ જ આપ જેવા પુરુષોનાં દર્શન પામે છે.' – રામૂએ બહુ પ્રેમ અને વિનયથી કહ્યું.

'જ્યારે તમારી આવી ભાવના છે, ત્યારે તમે અમારી જ પાસે રહી શકો છો.' દીવાન પર પ્રેમનો જાદૂ ફરી વળ્યો હતો.

રામૂ આશ્ચર્યચકિત હતો. અત્યંત રાજી થઈને તેણે કહ્યું – 'આપનાં ચરણોનું સામીપ્ય પામીને હું પોતાને પરમ સૌભાગ્યશાળી સમજીશ.'

'ભાઈ! આને તો હું મારી પોતાની પાસે રાખવા માગું છું.' દીવાને શિરસ્તેદારની તરફ મુખ ફેરવીને કહ્યું.

'આપ પ્રસન્નતાપૂર્વક રાખી લો' - શિરસ્તેદારે સ્વીકૃતિ આપી દીધી.

* * *

'મારી પાસે કામ કરતાં તમને ઘણા દિવસો વીતી ગયા અને જે પ્રેમ તથા ઉત્સાહ સાથે તમે કામ કરો છો, તેવી રીતે સાધારણ નોકર તો કરી જ ન શકે; પરંતુ આજ સુધી તમે કંઈ પણ લીધું નથી, તેથી મને ઘણો સંકોચ થઈ રહ્યો છે. ભલે વેતન ન લો, પરંતુ ઈનામના રૂપમાં કંઈક અવશ્ય સ્વીકાર કરી લો. બસો-ચારસો જેટલા કહો, હું તમારા ઘરે મોકલાવી આપું.' - દીવાને ઘણા સ્નેહથી કહ્યું.

ઘરનું કામ ચાલી જાય છે, સરકાર! રૂપિયાની જરૂર નથી.' રામૂએ શ્રદ્ધાળુ ભક્તની માફક ઉત્તર દીધો.

'તમે ઘરે રૂપિયા ન મોકલો તો બીજી કોઈ ચીજ મોકલી દો. હું તમારી સેવાનો ઘણો આભાર માનું છું. કંઈક તમારો પ્રત્યુપકાર કરવા માગું છું' - અનુરોધપૂર્વક દીવાનજીએ કહ્યું.

'આવું કહીને આપ મને શરમમાં ન નાખો. આપની સેવા જ સૌથી વધીને મારી ભેટ છે. કારણ કે આપ એક મહાન પુરુષના દીવાન અને

દેશના પરમ સેવક છો. મારા માટે તો આપનાં દર્શન પણ દુર્લભ હતાં. આપે મને સેવાનું સૌભાગ્ય આપીને હંમેશને માટે ઋણી બનાવી લીધો છે. આપની સેવા કરતાં-કરતાં ક્યારેક મારું પરમ સૌભાગ્ય નીવડશે તો આપની કૃપાથી મહારાજના પણ દર્શન થઈ જશે.' રામૂએ મનની વાત પ્રગટ કરી દીધી.

'રાજાજીના દર્શનની શી વાત છે, તે તો તમને કાલે જ કરાવી શકું છું. હું દરબારમાં બાર વાગે જાઉં છું અને રાજા સાહેબ ત્યાં એક વાગે આવે છે. કાલે મંગળવારનું વ્રત છે. તમે જાણો છો, હું તે દિવસે ખાધા વગર જ જાઉં છું અને મારા માટે ફલાહાર ત્યાં જ પહોંચાડવામાં આવે છે. તમે બે વાગે ફલાહાર લઈને ત્યાં આવી જજો, પરંતુ કંઈક રૂપિયા અવશ્ય ઘરપર મોકલી આપો.' - દીવાને આગ્રહ કર્યો.

'હું આપનો ચિરઋણી છું, હજૂર! મને રૂપિયા ન જોઈએ.' રામૂનું મસ્તક શ્રદ્ધાથી નમી ગયું હતું.

* * *

રાજાની દૃષ્ટિ આનંદસમુદ્રમાં ડૂબેલા રામૂ પર પડી ગઈ હતી. તેમને તેનામાં વિલક્ષણ આનંદ દેખાયો. તે એકીટસે રાજા સાહેબની તરફ દેખી રહ્યો છે અને હર્ષમગ્ન થઈ રહ્યો છે, આ રાજાએ સારી રીતે સમજી લીધું હતું. તેમણે દીવાનને પૂછ્યું - 'આ કોણ છે અને અહીં શા માટે ઊભો છે?'

'શ્રીમાન! આ આપનો સેવક છે. આજે મંગળવાર છે, આથી ફલાહાર લાવ્યો છે.' - દીવાન બોલ્યા.

'સારું, તમે પહેલાં ફલાહાર કરી લો' - રાજાએ આજ્ઞા આપી.

દીવાને અલગ જઈને ફલાહાર કર્યો અને પછી પાછા આવીને પોતાના કાર્યમાં લાગી ગયા. રામૂ એઠાં વાસણો સાફ કરીને દીવાન અને મહારાજાનાં જૂતાં સાફ કરવા લાગ્યો. સાથે સાથે તે મહારાજાની

તરફ જોઈ-જોઈને અતિશય આનંદથી વિહ્વળ થઈ રહ્યો હતો. તે મંત્રમુગ્ધ જેવો થઈ રહ્યો હતો. તેની આ દશાનો અનુભવ રાજાએ પણ કર્યો.

'આ છોકરો ઘણો ઉત્સાહી માલૂમ પડે છે. આને વેતન શું આપવામાં આવે છે?' રાજાએ દીવાનને પ્રશ્ન કર્યો.

'નામદાર! કામ તો આ ઘણી જ તત્પરતા તથા હર્ષોલ્લાસથી કરે છે, પરંતુ વેતન આગ્રહ કરવા છતાં પણ કંઈ નથી લેતો.' દીવાને જવાબ આપ્યો.

મહારાજાને બહુ આશ્ચર્ય થયું. તેમણે રામૂને બોલાવીને પૂછ્યું - 'તમે કંઈ પણ લીધા વિના જ આટલા પ્રેમ અને ઉત્સાહથી કામ કરો છો, એનું શું કારણ છે?'

'હજૂર! કંઈ લીધા વગર જ કેવી રીતે? એમની જ તો કૃપા છે, જે હું આજે નામદાર - એવા અપ્રતિમ મહાપુરુષનાં દર્શન કરીને કૃતકૃત્ય થઈ ગયો. મારું અહોભાગ્ય છે, જે હું આજે નામદારના દર્શન કરી રહ્યો છું.' રામૂ ગદ્ગદ થઈ ગયો હતો.

'તમે પોતાને કૃતકૃત્ય માનો છો, એવી કઈ વાત છે?'

આપ મહાપુરુષ છો, નામદાર જેવા યોગી, જ્ઞાની, ભક્ત અને મહાત્માનાં દર્શન ખૂબ દુર્લભ છે અને મોટા ભાગ્યથી થાય છે. આજે સરકારનાં દર્શન કરીને હું પરમ ધન્ય થઈ ગયો છું, મારો જન્મ આજે સફળ થઈ ગયો છે. સરકારની કૃપાથી હું આજે સાચેસાચ કૃતાર્થ થઈ ગયો!' રામૂએ મહારાજાના ચરણ પકડી લીધા.

'જો તમારી ઇચ્છા હોય તો મારી સાથે હંમેશાં રહી શકો છો.' નરપતિ પ્રભાવિત થઈ ચુક્યા હતા.

'આ તો મારા માટે પરમ સૌભાગ્યની વાત છે. આથી વધીને મારા માટે બીજું હોઈ પણ શું શકે છે?' રામૂનું મસ્તક નરપતિના ચરણો પર હતું.

'આ છોકરાને મારી પાસે રહેવા દો.' - રાજાએ દીવાનને કહી દીધું. તેમના હૃદયમાં સ્નેહ ઊભરાવા લાગ્યો. દીવાને શિર ઝુકાવી દીધું.

'હું તમારી સેવાથી ઘણો સંતુષ્ટ છું; પરંતુ ન તો તમે રૂપિયા લો છો, અને ન તો ઘરે કંઈ પણ મોકલાવો છો. હું તમારો આભારી છું, તમારી જે કંઈ ઈચ્છા હોય તે કહો; હું તમારું કંઈ પણ મનગમતું હોય, તે પૂરું કરવાની ઈચ્છા રાખું છું.' - રાજા બોલ્યા.

'મહારાજ! આપ જ્યારે આ નગણ્ય સાધારણ દાસ પર સંતુષ્ટ છો, તો પછી મને સર્વ કંઈ પ્રાપ્ત થઈ ગયું. મને રૂપિયાની આવશ્યકતા નથી.' – રામૂએ ઉત્તરમાં કહ્યું.

'હું તમારો આભાર માનું છું. મારા સંતોષ ખાતર તમારે કંઈ ને કંઈ લેવું જ પડશે.' - નરેશે ફરીથી આગ્રહપૂર્વક કહ્યું.

'આમ કહીને મને શરમમાં ન નાખો. મને તો નામદારની સેવાની સામે ભૌતિક વસ્તુઓ અત્યંત તુચ્છ માલૂમ પડે છે. આ સિવાય મારે વધારે કંઈ ન જોઈએ. આ પર પણ જો આપ આગ્રહ કરો છો તો પછી હું જે માગું, આપે તે જ આપવી પડશે.' - રામૂએ મધુર શબ્દોમાં કહ્યું.

'ચોક્કસ તમે જે માગશો તે હું આપી દઈશ.' નરેશે નિશ્ચિત કરી લીધું હતું - આના માગવાથી સમસ્ત રાજ્ય પણ પ્રસન્નતાપૂર્વક આપી દઈશ.

'હું સદા-સર્વદા નામદારના ચરણોની સાથે રહી શકું. મને નામદાર ક્યારેય એક ક્ષણના માટે પણ પોતાનાથી અલગ ન કરે.' શ્રદ્ધાથી પિગળેલા હૃદયથી રામૂ મહારાજાના ચરણોમાં ઢળી પડ્યો.

'આમાં શી વાત છે. તમે તો વધારેમાં વધારે મારી સાથે રહો જ છો. કંઈક બીજું માગો.'

'બસ, હું આ જ ઈચ્છું છું.'

'મને કોઈ આપત્તિ નથી. તમે પ્રસન્નતાપૂર્વક મારી સાથે રહો.'

* * *

'રાત્રિમાં શયનખંડમાં મારી પાછળ કેવી રીતે?'

'મહારાજ! નિત્ય સમીપ રહેવાની આજ્ઞા મળી ચુકી છે.' – હાથ જોડીને રામૂએ તરત જવાબ દીધો.

'આવો!' મહારાજાએ કહ્યું.

'તમારે કોઈ પુત્ર ન હતો. હવે એને તમારી સેવા માટે પુત્રરૂપે લાવ્યો છું.' – રાજાએ મહારાણીને કહ્યું.

'ઘણું સારું! રાણીએ રામૂની તરફ જોયું. તેના મનોહર મુખમંડલને જોઈને તેણીનાં નેત્રોમાંથી સ્નેહાશ્રુઓનાં ટીપાં ટપકી પડ્યાં. વાત્સલ્ય ઊભરાઈ આવ્યું. રામૂ મંત્રમુગ્ધ શિશુની માફક મહારાણીની તરફ તાકી રહ્યો હતો.

* * *

'અત્યાર સુધી તો આ માત્ર કામ-કાજ જોઈ રહ્યો હતો, પરંતુ હવે બધા કાગળો પર આજથી આ જ સહી કર્યા કરશે, અને આની સહી મારી જ સહી માનવાની રહેશે.' રાજાએ દીવાનને કહી દીધું. તેઓ રામૂની સેવાથી ઘણા સંતુષ્ટ હતા. રામૂ તીક્ષ્ણબુદ્ધિનો હતો; અને હતો મહારાજાનો અનન્ય સેવક તેમજ તેમના ગુણોને પોતાનામાં સ્વાભાવિક રીતે જ ધારણ કરનાર. આથી થોડા જ દિવસોમાં તેણે મોટી યોગ્યતા પ્રાપ્ત કરી લીધી હતી. રામૂ ભણેલો-ગણેલો તો હતો જ.

દીવાને આજ્ઞા શિરોમાન્ય કરી. કાગળો પર સહી રામૂની થવા લાગી.

* * *

કેટલાક દિવસો પછી –

'મારું કોઈ સંતાન નથી. હું તમને યુવરાજના પદ પર બેસાડવાની ઈચ્છા ધરાવું છું.' - નરેશે રામૂને કહ્યું. તેઓ તેને પુત્રની માફક પ્રેમ કરવા લાગ્યા હતા.

'નામદાર! મને શરમમાં ન નાખો. હું નામદારની ચરણ-સેવા ન

ત્યાગી શકું. આટલા મોટા લાભની તુલનામાં રાજ્ય-સુખ તુચ્છ છે.' રામૂએ સેવાપરાયણ પુત્રની માફક ઉત્તર આપ્યો.

રાજાએ તેની વાત સ્વીકારી લીધી અને આજ્ઞા આપીને તેના દ્વારા રાજકાર્ય કરાવવા લાગ્યા.

* * *

'હું તો આપનો સેવક છું. આ બધું આપની જ કૃપાથી પ્રાપ્ત છે.' – દીવાનજીના ચરણ પકડીને રામૂએ કહ્યું.

'અરે, આપ મહારાજના પ્રતિનિધિ છો. આપ સિંહાસનના અધિકારી છો. મને શરમમાં ન નાખો.' ગભરાયેલા દીવાન કોઈ પણ પ્રકારે રામૂને સિંહાસન પર બેસાડવામાં સફળ થઈ શક્યા. દીવાનજી દરબારમાં આવ્યા હતા.

'હું તો આપના ચરણોનો ચાકર છું. આ બધું આપની જ કૃપાથી મને પ્રાપ્ત થયું છે.' રામૂ શિરસ્તેદારના પગ પકડીને કહેવા લાગ્યો અને તેને સિંહાસન પર બેસાડવા માટે પોતાની તરફ ખેંચવા લાગ્યો.

બિચારો શિરસ્તેદાર કોઈક કામથી આવી ચઢ્યો હતો. ઘણી મુશ્કેલીથી રામૂને સિંહાસન પર બેસાડીને પોતાના સ્થાન પર બેઠો.

'ભાઈ! તમારી જ કૃપાથી મને આ સિંહાસન પ્રાપ્ત થયું છે. ચાલો, સિંહાસન પર બેસો!' - સિંહાસન પરથી ઉતરીને દોડી જતા શિરસ્તેદારના પુરાણા નોકરની પાસે જઈને રામૂએ વિનયપૂર્વક કહ્યું.

'શિરસ્તેદાર સાહેબ અને દીવાન સાહેબની સામે હું ઊંચા આસન પર ક્યારેય બેસી ન શકું. આપ મને શરમમાં ન નાખો.' કહીને શિરસ્તેદારનો નોકર ત્યાં જ જમીન પર બેસી રહ્યો. તે કોઈક કામથી આવી ગયો હતો. રામૂમાં અહંકારનો છાંટો પણ ન હતો.

* * *

'વિનયના તમે મૂર્તિમાન સ્વરૂપ છો. અહંતા, મમતા તો તમને

સ્પર્શ પણ નથી કરી શકતી. અત્યંત નાના કર્મચારીથી લઈને ઊંચા પદાધિકારી સુધી બધા તમારી પર અત્યંત પ્રસન્ન છે. તમારામાં શાસન કરવાની અપૂર્વ યોગ્યતા અને ક્ષમતા પણ દેખાય છે. એટલા જ માટે તમે મારી વાત માનીને રાજપદનો સ્વીકાર કરો.' રાજાએ રામૂની સામે પ્રસ્તાવ મૂક્યો.

'નામદાર સદા-સર્વદા પોતાના ચરણોની સમીપ રાખવાનું મને વરદાન દઈ ચુક્યા છો, તો પછી એક ક્ષણ પણ મને અળગો કેવી રીતે કરી શકશો? મને રાજપદની બિલકુલ ઇચ્છા નથી, નામદાર! એમ કહીને મને લજ્જિત ન કરો, અને હું સરકારથી એક ક્ષણ પણ અળગો નહીં રહી શકું. હું રાજપદ સ્વીકાર કરવામાં સર્વથા અસમર્થ છું, આ માટે પ્રેમપૂર્વક ક્ષમા ચાહું છું.' રામૂએ વિનયપૂર્વક, પ્રેમભર્યા અને દૃઢ શબ્દોમાં પોતાનો નિર્ણય નરેશને સંભળાવ્યો.

'તો મારી સાથે રહીને રાજ્યનું શાસનપદ ગ્રહણ કરો.' મહારાજાએ વિવશ થઈને પોતાની ઈચ્છામાં ફેરફાર કરવો પડ્યો.

રામૂ હવે રાજાની સાથે રહીને રાજ્યનું કામ સંભાળતો હતો.

* * *

રામૂ ભોઈની આ કલ્પિત વાર્તા દૃષ્ટાન્તરૂપે કહેવામાં આવી છે. એને પરમાર્થ-વિષયમાં આ પ્રકારે ઘટાવવી જોઈએ. પરમાત્માની પ્રાપ્તિના માર્ગ પર ચાલનાર સાધક પુરુષને અહીં રામૂ ભોઈ સમજવો જોઈએ. ભગવાનના દાસના દાસાનુદાસ શિરસ્તેદારના ત્યાં રહેનાર નોકર ગોપાલને સમજવો જોઈએ. ભગવાનનો દાસાનુદાસ પેલા શિરસ્તેદારને સમજવો જોઈએ અને દીવાનને ભગવાનનો દાસ તથા ઈચ્છાનગરીના મહારાજા સાહેબને સાક્ષાત્ ભગવાન સમજવા જોઈએ. મહારાજા સાહેબનાં ભક્તિ, જ્ઞાન, યોગ વગેરેને ભગવાનનાં ગુણ તથા પ્રભાવ સમજવાં જોઈએ. રાજાની રાણીને ઈશ્વરની શક્તિ ભગવતી દેવી સમજવી જોઈએ. રામૂ

ભોઈના વેતનથી લઈને રાજપદ સુધી કંઈ પણ ન સ્વીકારવું નિષ્કામભાવ-સંયુક્ત સ્વાર્થનો ત્યાગ તથા શ્રદ્ધાપૂર્વક ઉત્સાહથી કામ કરવાને તેનું સાધન સમજવું જોઈએ. તેની શ્રદ્ધા, ભક્તિ, વિનયપૂર્વક, અહંકાર વિનાની વર્તણૂકને જ આદર્શ શિષ્ટાચાર સમજવો જોઈએ. રાજપદને મુક્તિ અને રાજાના નિત્ય સમીપ રહેવાને જ ઉચ્ચકોટિનો વિશુદ્ધ પ્રેમ સમજવો જોઈએ.

આ દૃષ્ટાન્તથી આપણે એ શિક્ષા લેવી જોઈએ કે અહંકાર, મમતા આસક્તિ અને સ્વાર્થનો ત્યાગ કરીને શ્રદ્ધા, ભક્તિ અને વિનયપૂર્વક નિષ્કામભાવથી ભગવાનના દાસાનુદાસનો સંગ અને સેવા કરતાં કરતાં ભગવાનની આજ્ઞાનું પાલન કરીએ; તથા મુક્તિની પણ ઈચ્છા ન રાખીને નિષ્કામ પ્રેમભાવે ભગવાનની નિત્ય સમીપ રહીને ભગવાનનું નિરન્તર સ્મરણ રાખીને જ સેવા કરવાનો આગ્રહ રાખીએ.



ગીતાના શ્લોકનાં અર્થ અને રહસ્યનો ભેદ

એક ઘણા સંતોષી, સદાચારી અને વિદ્વાન બ્રાહ્મણ હતા; પરંતુ તેઓ નિર્ધન હતા. તેમની પત્ની પતિવ્રતા, વિદુષી, તત્ત્વજ્ઞાનથી સમ્પન્ન અને જીવન્મુક્ત હતી. તે દેશના રાજા પણ તત્ત્વજ્ઞાની જીવન્મુક્ત મહાત્મા હતા. બ્રાહ્મણની પત્નીએ એક દિવસ વિચાર કર્યો - મારા પતિદેવ સંતોષી, સદાચારી અને વિદ્વાન છે. આ માટે તેઓ મુક્તિના અધિકારી તો છે જ, એમની જો અમારા જીવન્મુક્ત રાજા સાથે મુલાકાત થઈ જાય તો આ પણ સત્વરે તત્ત્વજ્ઞાની – જીવન્મુક્ત થઈ શકે છે. આમ વિચારીને તેણીએ પતિને પ્રાર્થના કરી - 'પતિદેવ! આજકાલ આપણા શરીરના ગુજરાન માટે ઘણી તંગી થઈ ગઈ છે અને આવકનો કોઈ પણ રસ્તો દેખાતો નથી. સાંભળવામાં આવ્યું છે કે, અહીંના રાજા મોટા સદાચારી જીવન્મુક્ત મહાત્મા છે તથા બ્રાહ્મણોનો આદરસત્કાર કરનારા તેમજ પરમ ઉદાર છે. આપ તેમને એકવાર મળી લો, તો તેઓ આપનો ઉચિત સત્કાર કરી શકે છે અને શાસ્ત્રવિધિ અનુસાર જો રાજા યાચના કર્યા વિના જ કંઈક આપે તો તે બ્રાહ્મણના માટે અમૃત સમાન છે – આ આપ જાણો જ છો.'

પંડિતજીએ કહ્યું – 'તારું કહેવું ઠીક છે; પરંતુ હું જ્યાં સુધી કોઈનો કશો ઉપકાર ન કરી દઉં, ત્યાં સુધી અયાચકવૃત્તિથી પણ - વણમાગ્યે તેની પાસેથી દાન લઈને જીવન-નિર્વાહ કરવો નિંદાસ્પદ સમજું છું. માટે હું એવું નહીં કરું; ભલે મારે ભૂખ્યા કેમ ન રહેવું પડે.'

બ્રાહ્મણ-પત્ની બોલી - 'આપ વિદ્વાન છો, રાજાને યથોચિત ઉપદેશ આપીને તેમનો ઉપકાર કરી શકો છો.'

આ વાત પંડિતજીને કંઈક ગમી. પરંતુ રાજાની પાસે જવાનું તેમને મન થતું ન હતું. છેવટે પત્નીના બહુ કહેવાથી તેઓ રાજી થઈ ગયા અને

રાજસભામાં ગયા. પંડિતજીના સદ્‌ગુણો અને સદાચારોની ખ્યાતિ દેશભરમાં પ્રસરેલી હતી. રાજાએ પંડિતજીનો ઘણો આદર-સત્કાર કર્યો. કુશળક્ષેમ - પ્રશ્નોત્તર પછી રાજાએ ઘણી બધી સુવર્ણમુદ્રાઓ મંગાવીને પંડિતજીને ભેટ આપી. પંડિતજીએ તેમનો અસ્વીકાર કરતાં કહ્યું - 'રાજન્! આપ ઘણા ઉદાર છો, હું એ જાણું છું. પરંતુ મારો એક નિયમ છે, હું કોઈનો ઉપકાર કર્યા વિના તેની પાસેથી અયાચિતરૂપે પણ ધન નથી લેતો. આપ મને કોઈ કામ સોંપો અને તેનાથી હું આપને સંતોષ આપી શકું, તે પછી જો આપ કંઈ આપો તો તે લઈ શકું.' રાજાએ કહ્યું - 'પંડિતજી! બહુ સારું. આપ સદાચારી વિદ્વાન બ્રાહ્મણ છો. હું આપની પાસેથી ગીતાનું રહસ્ય સાંભળવા માગું છું. આપ કૃપાપૂર્વક મને ગીતાના બારમા અધ્યાયના સોળમા શ્લોકનો ભાવસહિત સ્પષ્ટ અર્થ સમજાવો.'

પંડિતજીએ શ્લોક વાંચ્યો, પછી તેનો શબ્દાર્થ બતાવ્યો.

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः॥

'જે ખેવના વિનાનો, બાહ્ય તેમજ આંતરિક રીતે શુદ્ધ, નિપુણ, પક્ષપાત વિનાનો અને દુઃખોમાંથી છૂટેલો છે – એ સર્વ આરંભોનો ત્યાગી મારો ભક્ત મને પ્રિય છે.'

ત્યાર પછી તેઓ શ્લોકનો ભાવાર્થ આ પ્રકારે બતાવવા લાગ્યા – જેને કોઈ પણ પ્રકારની ઈચ્છા, સ્પૃહા અને કામના ન હોય, જે આપ્તકામ હોય તેમજ જેને કોઈ વાતની પણ પરવા ન હોય, તેને 'અનપેક્ષ' કહે છે.

જેનું અન્તઃકરણ અત્યંત પવિત્ર હોય, જેનો બહારનો વ્યવહાર પણ ઉદ્વેગરહિત, પવિત્ર અને ન્યાયયુક્ત હોય, જેનાં દર્શન, ભાષણ, સ્પર્શ અને વાર્તાલાપથી જ લોકો પવિત્ર થઈ જાય, તે 'શુચિ' છે.

જે મહાન કાર્યના માટે મનુષ્ય-શરીર મળ્યું છે, તેને પ્રાપ્ત કરી લેવું અર્થાત્ ભગવાનને પ્રાપ્ત કરી લેવા એ જ મનુષ્યની યથાર્થ દક્ષતા છે, જે પોતાનું કામ બનાવી લે છે, તે જ 'દક્ષ' કહેવાય છે.

જે સાક્ષી આપતી વખતે અને ન્યાય અથવા પંચાત કરતી વખતે કુટુંબી,

મિત્ર, બંધુ વગેરેને ધ્યાનમાં લઈને અથવા રાગ, દ્વેષ, લોભ, મોહ તેમજ ભય વગેરેને વશ થઈને કોઈનો પક્ષપાત કરતો નથી, સદા-સર્વદા પક્ષપાતરહિત રહે છે, તેને 'ઉદાસીન' કહે છે.

કોઈ પણ પ્રકારના ભારેમાં ભારે દુ:ખ અથવા દુ:ખના હેતુ પ્રાપ્ત થવા છતાં પણ જે દુ:ખી નથી થતો અર્થાત્ જેના અન્તઃકરણમાં ક્યારેય કોઈ પણ જાતનો વિષાદ, દુ:ખ અથવા શોક નથી થતો, તે જ 'ગતવ્યથ' છે.

જે બહાર-અંદરથી સઘળાં કર્મોનો ત્યાગ કરીને કેવળ પ્રારબ્ધ પર જ આધાર રાખે છે, પોતાના સ્વાર્થની સિદ્ધિના માટે કોઈ પણ કર્મ કરતો નથી, પોતાની મેળે જે કંઈ પ્રાપ્ત થઈ જાય, તેમાં જ સંતુષ્ટ રહે છે તથા પ્રારબ્ધવશ થનારી ક્રિયાઓમાં જેને કર્તાપણાનું અભિમાન નથી, એવા બહાર અને અંદરના ત્યાગીને 'સર્વારંભપરિત્યાગી' કહે છે.

પંડિતજીએ ઉપર પ્રમાણે ભાવાર્થ બતાવી ચુક્યા પછી રાજાએ નમ્રતાથી કહ્યું - 'મહારાજજી! આપે બહુ સુંદર અર્થ કર્યો. આપનું કથન સર્વથા યુક્તિયુક્ત અને શાસ્ત્રસંગત છે, છતાં પણ મારું એવું અનુમાન છે કે શ્લોકનો બહુ સુંદર અર્થ કરવા છતાં પણ આપ એના રહસ્યથી અજાણ છો. પંડિતજી ચીડાઈને બોલ્યા - 'રહસ્ય જાણતો ન હોત તો ભાવસહિત અર્થ કેવી રીતે બતાવી શકત. મને ગીતાની બાવન ટીકાઓ કંઠસ્થ છે. એ ઉપરાંત કોઈ વિશેષ રહસ્ય હોય અને તેને આપ જાણતા હો તો આપ જ બતાવો.'

રાજાએ આનો ઉત્તર ન આપી બહુ જ વિનમ્ર વાણીમાં કહ્યું - 'પંડિતજી! મને આપની શાસ્ત્રસંમત સુંદર વ્યાખ્યાથી ઘણો સંતોષ થયો છે; હું આપનો બહુ આભારી છું. આથી જ મારી આપેલી ભેટનો આપ કૃપા કરીને સ્વીકાર કરો.'

પંડિતજીએ કહ્યું - 'રાજન્! જો આપ મારા માટે એમ કહો છો કે હું રહસ્યથી અજાણ છું, તો પછી સંતોષની વાત ક્યાં રહી. આ તો કહેવા પૂરતો સંતોષ છે. જ્યાં સુધી આપને વાસ્તવમાં સંતોષ ન થઈ જાય, ત્યાં સુધી હું આપની પાસેથી કંઈ પણ લેવા માગતો નથી.' રાજાએ બહુ જ અનુનય-વિનય કરવા છતાં પણ પંડિતજીએ ભેટનો સ્વીકાર ન કર્યો અને

તેઓ ઘરે પાછા આવ્યા. ત્યાં રાજાએ એક વિશ્વાસપાત્ર ગુપ્તચરને બોલાવીને કહ્યું - 'આ બ્રાહ્મણ દેવતા મોટા ત્યાગી, સદાચારી અને સ્વાભિમાની વિદ્વાન છે. તું એમની પાછળ જઈને જો, ઘરમાં એમનો કેવો શું વ્યવહાર અને વાર્તાલાપ થાય છે, અને પછી તેની સૂચના મને આપ.' રાજાનો આદેશ મળતાં ગુપ્તચર તેમની પાછળ ગયો અને તે બધાંનો વ્યવહાર–વાર્તાલાપ જોતો રહ્યો.

પંડિતજીએ ઘરે પાછા આવીને પત્નીના પૂછવાથી રાજસભાની બધી કથા આદિથી અંત સુધી તેણીને સંભળાવી દીધી. પત્નીએ વિનય અને પ્રેમથી કહ્યું - 'સ્વામિન્! રાજાએ જે કંઈ કહ્યું, તે તો ઉચિત જ માલૂમ પડે છે. આપે નારાજ થવું જોઈતું ન હતું.'

પંડિતજી - (કંઈક ક્રોધાવેશમાં આવીને તથા વ્યથિત જેવા થઈને) 'વાહ! તું પણ રાજાની જ વાતનું સમર્થન કરે છે.'

પત્ની - 'નાથ! આપ જ કહ્યા કરો છો કે ન્યાયયુક્ત વાતનું સમર્થન કરવું જોઈએ.'

પંડિતજી - (કંઈક વધારે ઉત્તેજનાથી તરત તેણીને દબાવીને) 'શું રાજાનું એમ કહેવું ન્યાયયુક્ત છે કે મારી વ્યાખ્યા તો સુંદર છે, પરંતુ હું એના રહસ્યને નથી સમજતો?'

પત્ની - 'આપ ક્ષમા કરો. રાજાની વાત તો એકદમ ઠીક છે. કોઈ પણ શ્લોકની વ્યાખ્યા કરવી તો સહેલી છે, પરંતુ તેનું યથાર્થ રહસ્ય જાણવું બહુ જ કઠણ છે.'

પંડિતજી - કેવી રીતે?

પત્ની - જેવી રીતે ગ્રામોફોન પર જે રેકર્ડ ચડાવી દેવામાં આવે, તે ગાયન તો ગાઈ લે છે, પરંતુ તેના રહસ્યને તે થોડું જ સમજે છે!

પંડિતજી - તો શું હું ગ્રામોફોન જેવો છું?

પત્ની - જે પુરુષ બીજાઓને ઉપદેશ-આદેશ તો બહુ સુંદર આપે છે, પરંતુ તેનામાં તે વાતો ચરિતાર્થ ન થતી હોય તો આપ જ બતાવો, ગ્રામોફોનમાં અને તેનામાં શો ફરક છે? રાજાના પૂછવાથી આપે શ્લોકની

જે વ્યાખ્યા કરી, શું તે બધી બાબતો આપમાં ચરિતાર્થ થાય છે?

પંડિતજી - કેમ નહિ? કઈ વાત મારામાં નથી?

પત્ની - આપ શાંતિથી મારું નિવેદન સાંભળો. મારી પ્રાર્થના છે. આપ તે શ્લોકના પ્રત્યેક પદનો અર્થ ફરીથી મને બતાવો. 'અનપેક્ષ'નો શો ભાવ છે?

પંડિતજી - જેને કોઈ પણ પ્રકારની ઈચ્છા, સ્પૃહા અને કામના ન હોય, જે આપ્તકામ હોય તેમજ જેને કોઈ પણ વાતની પરવા ન હોય, તેને 'અનપેક્ષ' કહે છે.

પત્ની - શું આપ એવા છો?

પંડિતજી - કેમ નહિ? મને તો કોઈ પણ ઈચ્છા, સ્પૃહા અને કામના નથી. હું તો તારા જ આગ્રહથી રાજાની પાસે ગયો હતો અને રાજાએ વિવેક-વિનય કરવા છતાં પણ મેં તેમની પાસેથી કંઈ પણ ન લીધું.

પત્ની - બહુ સારું! સાચું છે, આપ મારા જ આગ્રહથી ગયા હતા. આ આપની મારી પર દયા છે. સારું, 'શુચિ'નો શો અભિપ્રાય છે?

પંડિતજી - જેનું અંતઃકરણ અત્યંત પવિત્ર હોય, જેનો બહારનો વ્યવહાર પણ ઉદ્વેગરહિત, પવિત્ર અને ન્યાયયુક્ત હોય, જેનાં દર્શન, ભાષણ, સ્પર્શ અને વાર્તાલાપથી જ લોકો પવિત્ર થઈ જાય, તે 'શુચિ' છે.

પત્ની - શું આપ બહાર-અંદરથી આ પ્રકારે શુદ્ધ છો? શું આપનાં દર્શન, ભાષણ, સ્પર્શ, વાર્તાલાપ કરવાથી મનુષ્ય પવિત્ર થઈ જાય છે? શું આપનો બહારનો વ્યવહાર ઉદ્વેગરહિત, ન્યાયયુક્ત અને પવિત્ર છે? જો એવું છે તો પછી આપના મનમાં ક્રોધ તથા ઉદ્વેગ કેમ થયો અને રાજાને પોતાનાં અહંકારભર્યાં વચન કેમ કહ્યાં?

પંડિતજી - (સંકોચથી) ઠીક છે, આ ગુણની તો મારામાં કમી છે.

પત્ની - સારું, 'દક્ષ'નો આપે શો ભાવ બતાવ્યો?

પંડિતજી - જે મહાન કાર્ય માટે મનુષ્યશરીર મળ્યું છે, તે પ્રાપ્ત કરી લેવું અર્થાત્ ભગવાનને પ્રાપ્ત કરી લેવા જ મનુષ્યની ખરી દક્ષતા છે. જે પોતાનું કામ બનાવી લે છે તે જ 'દક્ષ' કહેવાય છે.

પત્ની - તો શું આપ જે મહાન કાર્ય માટે સંસારમાં આવ્યા હતા, તેને પૂરું કરી ચુક્યા? શું આપે પરમપદને પ્રાપ્ત કરી લીધું? નહિ; તો પછી રાજાનું કહેવું ઉચિત જ છે.

પંડિતજી - તમારું કથન સત્ય છે. મારામાં આ પણ ગુણ નથી.

પત્ની - 'ઉદાસીન' પદનો શો અભિપ્રાય છે?

પંડિતજી - જે સાક્ષી આપતી વખતે,ન્યાય અથવા પંચાત કરતી વખતે, કુટુંબી, મિત્ર, બંધુ વગેરેને ધ્યાનમાં રાખીને અથવા રાગ, દ્વેષ, લોભ, મોહ તેમજ ભય વગેરેને વશ થઈને કોઈનો પણ પક્ષપાત નથી કરતો, સદા-સર્વથા પક્ષપાતરહિત છે, તેને 'ઉદાસીન' કહે છે.

પત્ની - શું આપ પક્ષપાતરહિત છો? શું આપે રાજાની સમક્ષ આપના પક્ષનું સમર્થન નથી કર્યું? શું આપે રાજાના આ કથન પર કે આપ શ્લોકના રહસ્યને સમજતા નથી, ગંભીરતાપૂર્વક ધ્યાન આપ્યું?

નહિ, તો પછી રાજાનું કહેવું કેમ ઉચિત નથી?

પંડિતજી - (સરળ અને શુદ્ધહૃદયથી પોતાની ઊણપનો વિનમ્ર ભાવથી સ્વીકાર કરતાં) તું સાચું કહે છે. સાચેસાચ, તેં આજે મારી આંખો ખોલી દીધી. પક્ષપાતરહિત હોવાનો તો મારામાં મોટો અભાવ છે. ક્યાંય વાદ-વિવાદ થાય છે તો હું પોતાના પક્ષને દુર્બળ જાણવા છતાં પણ પોતાના પક્ષ પ્રત્યેના દુરાગ્રહને નથી છોડતો.

પત્ની - સારું, 'ગતવ્યથ'નો આપ શો અર્થ કરો છો?

પંડિતજી - કોઈ પણ પ્રકારના ભારેમાં ભારે દુઃખ અથવા દુઃખનો હેતુ પ્રાપ્ત થવા છતાં પણ જે દુઃખી નથી થતો અર્થાત્ જેના અન્તઃકરણમાં ક્યારેય કોઈ પણ પ્રકારનો વિષાદ, દુઃખ અથવા શોક નથી થતો, તે જ 'ગતવ્યથ' છે.

પત્ની - શું આપના ચિત્તમાં કોઈ વ્યથા નથી થતી? જો ન થતી હોય તો પછી રાજાના વચનો પર અને મારું સમર્થન કરવા છતાં પણ આપને આટલો ઉદ્વેગ અને વ્યથા કેમ થવાં જોઈએ?

પંડિતજી - તારું કહેવું ખરું છે. આ ભાવ મારામાં બિલકુલ નથી. મનથી અવળું થતાં ડગલે ને પગલે માત્ર વ્યથા જ નહિ, ભય, ઉદ્વેગ, ઈર્ષ્યા, શોક

વગેરે વિકાર પણ મારામાં દેખાઈ પડે છે.

પત્ની - સારું, 'સર્વારંભપરિત્યાગી'થી આપ શું સમજો છો?

પંડિતજી - જે બહાર-અંદરનાં સમસ્ત કર્મોનો ત્યાગ કરીને કેવળ પ્રારબ્ધ પર જ નિર્ભર રહે છે, પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે કંઈ પણ કર્મ કરતો નથી, આપમેળે જ જે કંઈ પ્રાપ્ત થાય તેમાં જ સંતુષ્ટ રહે છે તથા પ્રારબ્ધવશ થનારી ક્રિયાઓમાં જેને કર્તાપણાનું અભિમાન નથી – એવા બહાર અને અંદરના ત્યાગીને 'સર્વારંભપરિત્યાગી' કહે છે.

પત્ની - ઘણી સુંદર વ્યાખ્યા છે, પરંતુ બતાવો, શું આપે બહાર અને અંદરથી બધાં કર્મોનો ત્યાગ કરી દીધો? અને શું આપના અન્તઃકરણમાં કોઈ સાંસારિક સંકલ્પ નથી થતો? જો ના, તો પછી આપને આટલો અહંકાર શા માટે થવો જોઈએ? બહારથી તો આપ સઘળાં કર્મો કરો જ છો.

પંડિતજી - સાચું છે, આ વાત તો મારામાં બિલકુલ જ નથી ઘટતી. હું પોતાની બધી ત્રુટિઓને સમજી ગયો. સાચેસાચ હું આજસુધી અર્થ કરતો જ હતો. રહસ્યથી અજાણ હતો. હવે કંઈક-કંઈક સમજમાં આવી રહ્યું છે, આથી તું અનુમતિ (રજા) આપ, હવે હું બહાર અને અંદરથી સર્વ કંઈ ત્યાગીને સાચો સંન્યાસી બનવા જાઉં છું.' આમ કહીને પંડિતજી સર્વ કંઈ છોડીને ઘરેથી ચાલવા માંડ્યા.

પત્નીએ પ્રાર્થના કરી - મહારાજજી! હું પણ આપની સાથે જ આપનું અનુગમન કરવા ઈચ્છું છું.

પંડિતજી - હું પોતાની સાથે કોઈ પણ ઝંઝટ રાખવા નથી ઈચ્છતો. તો પછી સ્ત્રીને તો રાખું જ કેવી રીતે?

પત્ની - મને આપ ઝંઝટ ન સમજો. હું આપના સાધનમાં કોઈ વિઘ્ન ઊભું કરીશ નહિ. મેં જે આજે આપને રાજાની પાસે મોકલ્યા હતા, તે ધનના માટે નહિ. ધનને તો મેં એક નિમિત્ત બનાવ્યું હતું. મારો હેતુ આ જ હતો કે આપ જીવનના મુખ્ય લક્ષ્યને પ્રાપ્ત કરી લો. રાજા તત્ત્વજ્ઞ જીવન્મુક્ત મહાત્મા પુરુષ છે. આપ ધર્મજ્ઞ, સદાચારી, ત્યાગી, સંતોષી વિદ્વાન તો છો જ, તત્ત્વજ્ઞ રાજાના સંગ-પ્રભાવથી આપને પરમાત્માની પ્રાપ્તિ પણ થઈ

જશે - આ જ લક્ષ્યથી મેં આપને ત્યાં મોકલ્યા હતા. હવે જો આપની આજ્ઞા હોય તો હું પણ આપની સાથે આવવા માગું છું.

પંડિતજી - (કૃતજ્ઞતા સાથે) હું હવે આ વાતને સમજી ગયો. ખરેખર તારાથી કોઈ હાનિ થશે નહિ. તું તો મારો સાચો ઉપકાર કરનારી પરમ સુહૃદ છે. વાસ્તવમાં સાચો સુહૃદ તે જ છે, જે પોતાના પ્રિય સંબંધીની પરમાત્માને પ્રાપ્ત કરવામાં સહાયતા કરે છે. ચાલ, તું તો ત્યાં પણ પરમાત્માની પ્રાપ્તિમાં મારી સહાયતા જ કરીશ.

ત્યાર પછી તે બેય સર્વ કંઈનો ત્યાગ કરીને ઘરમાંથી નીકળી ગયા. આ બાજુ ગુપ્તચરે જે તેમની પરસ્પરની વાતચીત સાંભળી અને જે ઘટના જોઈ, તે સર્વ રાજાની પાસે જઈને જેમ-ની-તેમ કહી દીધી. રાજાએ પોતાનું રાજ્ય, ખજાનો વગેરે બધું તો પહેલાંથી જ પોતાના પુત્રને સંભાળવા માટે આપી દીધું હતું, હવે ગુપ્તચરની વાત સાંભળીને તે પણ રાજ્ય છોડીને ચાલી નીકળ્યા. તેમને રસ્તામાં સામાં આવતાં બ્રાહ્મણ-દંપતી મળ્યાં. રાજાએ ઉલ્લાસની સાથે તેમને કહ્યું - 'પંડિતજી મહારાજ! હવે આપ ગીતાના તે શ્લોકનું રહસ્ય સમજ્યા.'

પંડિતજીએ નમ્રતાભર્યા શબ્દોમાં ઉત્તર આપ્યો - 'હજુ સમજ્યો નથી, સમજવા માટે જઈ રહ્યો છું.'

રાજા પણ તેમની સાથે જ ચાલી નીકળ્યા. ત્રણે એકાંત પવિત્ર દેશમાં જઈને નિવાસ કરવા લાગ્યાં. રાજા અને બ્રાહ્મણપત્ની તો તત્ત્વજ્ઞાની જીવન્મુક્ત મહાત્મા હતા જ, તેમના સંગના પ્રભાવથી પંડિતજી પણ પરમાત્માને પ્રાપ્ત થઈ ગયા.

(આ વાર્તા ગીતાના બારમા અધ્યાયના ૧૬મા શ્લોકનો નિવૃત્તિપરક અર્થ કરીને જણાવવામાં આવી છે. આનો જે પ્રવૃત્તિપરક અર્થ થાય છે, તે આનાથી જુદો છે.)



ભગવાનનું નામ અમૂલ્ય છે

ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિતમાનસમાં ભગવાનના નામના મહિમાનું વર્ણન કરતાં એટલે સુધી કહ્યું છે કે કલિયુગમાં કેવળ ભગવાનના નામનો જ આધાર છે. ગણિકા અને અજામિલ જેવા મોટામાં મોટા પાપી કેવળ નામના પ્રભાવથી સહજ રીતે જ મુક્ત થઈ ગયા. શ્રીહનુમાનજીએ આ જ નામના પ્રભાવથી ભગવાન શ્રીરામને પોતાના વશમાં કરી રાખ્યા છે. નામને જીભપર રાખવામાત્રથી બહાર અને અંદર પ્રકાશ છવાઈ જાય છે. નામનો મહિમા એટલો અધિક છે કે સ્વયં ભગવાન પણ તેનું વર્ણન કરવામાં અસમર્થ છે - 'राम न सकहिं नाम गुन गाईं' એટલે સુધી કે ભગવાન શિવ આ નામની શક્તિથી જ કાશીમાં સમસ્ત જીવોને મુક્તિ પ્રદાન કર્યા કરે છે. આ જ પ્રકારે શ્રીમદ્ભાગવત, મહાભારત વગેરે અન્ય શાસ્ત્રો પણ નામ-મહિમાથી ભરેલાં છે, પરંતુ શું કારણ છે કે એના અનુસાર નામનું પ્રત્યક્ષ પરિણામ જોવા નથી મળતું?

આ પ્રકારનો તર્ક ઉપસ્થિત કરીને કેટલાય મહાનુભાવો પ્રશ્ન કર્યા કરે છે. આ સર્વનો ઉત્તર એ છે કે પ્રત્યક્ષ ફળ ન દેખાવાનું કારણ ભગવાનના નામમાં શ્રદ્ધાની ઊણપ છે. વસ્તુતઃ ભગવાનના નામનો જે મહિમા શાસ્ત્રોએ ગાયો છે, તે એનાથી કેટલોય અધિક છે. નામ-મહિમાની કોઈ સીમા જ નથી. શાસ્ત્રકથિત મહિમા તો નામથી લાભ પ્રાપ્ત કરેલા મહાત્માઓના ઉદ્ગારમાત્ર છે. જે પ્રકારે ઈશ્વર અને સત્સંગનો જેટલો મહિમા કહેવામાં આવે, એટલો થોડો જ છે, એ જ રીતે નામના મહિમાનું જેટલું વર્ણન થાય, એટલું થોડું જ છે, અસલમાં ભગવાનના નામનાં

...ત્ત્વ, રહસ્ય, ગુણ, પ્રભાવ આદિ ન જાણવાના કારણે જ તેના પ્રત્યે શ્રદ્ધામાં ઊણપ છે. શ્રદ્ધાના અભાવથી તથા ક્યાંક-ક્યાંક તો શ્રદ્ધાથી સર્વથા અવળી અશ્રદ્ધાના કારણે મનુષ્યને ખરા લાભથી વંચિત રહેવું પડે છે. નામનો તો અમિત મહિમા છે. સંસારના કોઈ પણ પદાર્થની સાથે ભગવાનના નામની સરખામણી નથી થઈ શકતી. જગતના જડ તમામ નાશવાન પદાર્થોને લઈને ભગવાનના નામને તોળવા બેસવું એ તો પોતાના અજ્ઞાનનો જ પરિચય આપવો છે.

ભગવન્નામના પ્રભાવ પર એક દૃષ્ટાંત

એક બહુ ઉચ્ચકોટિના ભગવાનના ભક્ત નામનિષ્ઠ મહાત્મા હતા. તેમની પાસે તેમનો એક શિષ્ય રહેતો હતો. એક સમયની વાત છે કે તે મહાત્મા ક્યાંક બહાર ગયા હતા; તે જ સમયે તેમની કુટીર પર એક વ્યક્તિ આવ્યો અને પૂછ્યું, 'મહાત્માજી ક્યાં છે? શિષ્યે કહ્યું – 'સ્વામીજી મહારાજ તો કોઈ વિશેષ કાર્યવશ બહાર ગયા છે. આપને કોઈ કામ હોય તો કહો.' આગંતુકે કહ્યું - 'મારો છોકરો બહુ જ બીમાર છે, તેને કેવી રીતે આરોગ્ય લાભ થાય? મહાત્માજીની ગેરહાજરીમાં આપ જ કોઈ ઉપાય બતાવવાની કૃપા કરો.'

શિષ્યે ઉત્તર આપ્યો - 'એક બહુ સરળ ઉપાય છે - 'રામ' નામને ત્રણવાર લખી લો અને તેને ધોઈને પિવડાવી દો. બસ, એનાથી જ આરામ થઈ જશે.'

આવનાર વ્યક્તિ પોતાના ઘરે ચાલી ગઈ. બીજા દિવસે તે વ્યક્તિ ઘણા પ્રસન્ન ચહેરે મહાત્માજીની કુટીર પર આવી. તે સમયે મહાત્માજી ત્યાં હાજર હતા. તેમના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને તેણે વિનમ્ર શબ્દોમાં હાથ જોડીને નિવેદન કર્યું - 'સ્વામીજી મહારાજ! આપના શિષ્ય તો સિદ્ધ પુરુષ છે. કાલની વાત છે. હું અહીં આવ્યો હતો, તે સમયે આપ ક્યાંક બહાર ગયા હતા, માત્ર આપના શિષ્ય હતા. આપની ગેરહાજરીમાં એમને મેં પોતાના પ્રિય પુત્રના રોગ-નિવારણ માટે ઉપાય

પૂછ્યો. ત્યારે એમણે બતાવ્યું કે ત્રણ વાર 'રામ' નામ લખો અને તેને ધોઈને પિવડાવી દો. મેં ઘેર જઈને ઠીક તે જ પ્રકારે કર્યું અને મહાન આશ્ચર્ય અને હર્ષની વાત છે કે આ પ્રયોગ કરતાં જ છોકરો તરત બેઠો થઈ ગયો, જાણે તેને કોઈ રોગ હતો જ નહિ.'

આ સાંભળીને મહાત્મા પોતાના શિષ્ય પર બહુ ક્રોધિત થયા અને તેના હિતના માટે ક્રોધનું નાટક કરતા બોલ્યા - 'અરે મૂર્ખ! આ સાધારણ જેવી બીમારીના માટે તેં રામ નામનો ત્રણ વાર પ્રયોગ કરાવ્યો. તું નામનો મહિમા સ્હેજ પણ નથી જાણતો. અરે, એકવાર જ નામનું ઉચ્ચારણ કરવાથી અનન્તકોટિ પાપોનો અને ભવરોગનો નાશ થઈ જાય છે અને મનુષ્ય અનામય પરમપદને પ્રાપ્ત થઈ જાય છે. તું આ આશ્રમમાં રહેવા યોગ્ય નથી. આથી જ્યાં તારી ઈચ્છા હોય ત્યાં ચાલ્યો જા. આવું થતાં શિષ્યની આંખમાં આંસુ આવી ગયાં અને તેણે પોતાના ગુરુદેવને બહુ કાલાવાલા કર્યા. સંત તો નવનીત-હૃદય હોય જ છે, ઉપરથી પણ પીગળી ગયા અને તેના અપરાધને ક્ષમા કરી દીધો.

એ પછી મહાત્માજીએ ચમ-ચમ કરતો એક સુંદર ચમકદાર પથ્થર બહાર કાઢ્યો અને તેને શિષ્યના હાથમાં આપીને કહ્યું - 'તું શહેરમાં જઈને આની કિંમત કરાવી લાવ. અને સાવધાન! એને કોઈ પણ કિંમતે વેચવાનો નથી; કેવળ કિંમત પૂરેપૂરી અંકાવાની છે. કોણ શું કિંમત આંકે છે, એને લખીને પાછો આવજે.'

શિષ્ય તેને લઈને બજારમાં ચાલ્યો ગયો. સૌથી પહેલાં એક શાક વેચનારી માળણ મળી. પથ્થર બહાર કાઢીને તેને બતાવ્યો અને પૂછ્યું - 'તું આની વધારેમાં વધારે કેટલી કિંમત આપી શકે છે? શાક વેચનારીએ પથ્થરની ચમક અને સુંદરતા જોઈને વિચાર કર્યો - 'આ ઘણો સારો પથ્થર છે, બાળકોને રમવા માટે ઘણી સુંદર વસ્તુ છે.' તે બોલી - 'આની કિંમતમાં શેર-દોઢ શેર મૂળા અથવા બટાટા અથવા જે શાક તમને પસંદ હોય તે લઈ શકો છો.'

'વેચવો નથી' કહીને શિષ્ય આગળ વધ્યો તો એક વાણિયા સાથે મુલાકાત થઈ. તેણે પૂછ્યું - 'શેઠજી! આ પથ્થરનું મૂલ્ય આપ શું આપી શકો છો? વાણિયાએ વિચાર્યું, 'પથ્થર તો ઘણો જ સુંદર તથા ચમકદાર છે અને ખૂબ વજનદાર પણ છે; આથી સોના-ચાંદી તોલવામાં આનો સારો ઉપયોગ થઈ શકે છે.' તેણે કહ્યું - 'એક રૂપિયો આપી શકું છું.' તેને ના કહીને શિષ્ય આગળ ચાલ્યો તો એક સોનાની દુકાને પહોંચ્યો. સોનીએ જોઈને વિચાર કર્યો કે આ તો પોતાના ઘણા કામની ચીજ છે. તેને તોડીને ઘણા જ પોખરાજ બનાવી શકાય છે. આથી તેણે કહ્યું 'વધારેમાં વધારે એક હજાર રૂપિયા સુધી હું આપી શકું છું.'

'વેચવો નથી' કહીને શિષ્ય ઘણા ઉત્સાહથી અગ્રસર થયો અને એક ઝવેરીની દુકાન પર પહોંચ્યો. જ્યારે ગુરુદેવની પાસેથી ચાલ્યો હતો, ત્યારે તો તેને કોઈ ઝવેરી પાસે જવાનું સાહસ જ નહોતું થતું; પરંતુ જેમ-જેમ તે પથ્થરના મૂલ્યમાં વૃદ્ધિ થતી ગઈ, તેમ-તેમ તેનું સાહસ પણ વધતું ગયું. હવે તેની દૃષ્ટિ પણ બદલાઈ ગઈ. તેની જે એવી માન્યતા હતી કે આ એક સાધારણ ચમકદાર પથ્થર છે, તે નષ્ટ થઈ ગઈ. ઝવેરીને દેખાડીને તેની કિંમત પૂછી. ઝવેરીએ વિચાર કર્યો તો તેને હીરો સમજ્યો અને તે તેના મૂલ્યમાં એક લાખ રૂપિયા આપવા તૈયાર થઈ ગયો. પરંતુ વેચવો તો હતો નહિ. આથી શિષ્ય તેને પણ તે જ ઉત્તર આપીને ઉચ્ચ કોટિના ઝવેરીઓની પાસે પહોંચ્યો. બધાએ મળીને તેની પરીક્ષા કરી અને પાંચ કરોડ રૂપિયા તેની કિંમત આંકી. ત્યાર પછી તે શિષ્ય રાજાની પાસે ગયો. રાજા સાહેબે શિષ્યને ઘણા આદરથી બેસાડ્યો અને મુખ્ય-મુખ્ય બધા મોટા ઝવેરીઓને બોલાવીને તે રત્નનું મૂલ્ય આંકવા માટે કહ્યું. બધાએ વિચાર-વિમર્શ કર્યા પછી આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું - 'મહારાજ! અમે તો આવું રત્ન ક્યારેય જોયું જ નથી. માટે આની કિંમત આંકવી અમારા લોકોની બુદ્ધિની બહારની વાત છે. અમને તો એવું પ્રતીત થાય છે કે જો આપ પોતાનું સંપૂર્ણ રાજ્ય પણ આપી દો તો તે પણ આના મૂલ્યમાં પર્યાપ્ત નથી.'

મહારાજે શિષ્યને પૂછ્યું - 'આવું અનુપમ રત્ન તમને કેવી રીતે મળ્યું?' શિષ્યે ઉત્તર દેતાં કહ્યું - 'આને મારા ગુરુદેવે મને આપીને કેવળ મૂલ્ય અંકાવવા માટે જ મોકલ્યો છે, પરંતુ વેચવાની આજ્ઞા નથી.' રાજા સાહેબે ઘણા વિનમ્ર શબ્દોમાં કહ્યું - 'આનું મૂલ્ય મારા રાજ્યથી પણ અધિક છે. જો તમારા ગુરુજી આને વેચવા ચાહે તો એના બદલામાં પોતાનું સમસ્ત રાજ્ય સહર્ષ આપી શકું છું. તમે પૂજ્ય સ્વામીજીને પૂછી જોજો.' સ્વામીજી ઉચ્ચકોટિના મહાત્મા છે, આ વાતને બધા જાણતા હતા. આથી બધાએ ઘણા આદર-સત્કારની સાથે તે શિષ્યને ત્યાંથી વિદાય કર્યો.

શિષ્યે મહાત્માજીની પાસે પાછા ફરીને સમગ્ર વાર્તા સંભળાવી અને અંતમાં કહ્યું - 'ગુરુદેવ! મારી તુચ્છ સમ્મતિ તો એ છે કે જ્યારે રાજા સાહેબ આના મૂલ્યમાં સમગ્ર રાજ્ય જ આપી રહ્યા છે, ત્યારે તો એને વેચી જ નાખવો જોઈએ.' મહાત્માજી બોલ્યા - 'આના મૂલ્યમાં રાજ્ય પણ કોઈ વસ્તુ નથી. હજી સુધી આના યોગ્ય આની કિંમત આંકવામાં નથી આવી.' શિષ્યે આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું - 'રાજ્યથી વધીને વધારે કિંમત શું થઈ શકે છે?' મહાત્માજીએ કહ્યું - 'અહીં કોઈ લોઢાની બનેલી વસ્તુ મળી શકશે શું?' શિષ્યે ઉત્તર આપ્યો - 'જી હા, આશ્રમમાં કેટલાક યાત્રીઓ આવેલા છે. તેમની પાસે તવો, ચીપિયો, સાણસી આદિ લોઢાનાં ઘણાં વાસણો છે. આજ્ઞા હોય તો તેમનામાંથી કેટલાંક લઈ આવું?' મહાત્માજીએ કહ્યું - 'હા, લઈ આવો.'

શિષ્ય કેટલીક લોઢામાંથી બનાવેલી વસ્તુઓ લઈ આવ્યો. મહાત્માજીએ જ્યાં તેમને પથ્થરનો સ્પર્શ કરાવ્યો કે ત્યાં જ તે બધી લોઢાની વસ્તુઓ જોતજોતામાં જ શુદ્ધ સોનાની બની ગઈ. આ જોઈને શિષ્યને મોટું આશ્ચર્ય થયું. તેણે ચકિત થઈને પૂછ્યું - 'આ તો ઘણી વિલક્ષણ વસ્તુ છે, આ શું છે ગુરુદેવ?' મહાત્માજીએ ઉત્તર દીધો - 'આ એવો સ્પર્શમણિ (પારસમણિ) પથ્થર છે, જેના સ્પર્શમાત્રથી લોઢું સોનું બની જાય છે. ભલા હવે તું જ બતાવ કે એની કિંમત કેટલી હોવી જોઈએ?' શિષ્ય

બોલ્યો - 'સંસારમાં સૌથી વધારે કિંમત સોનાની ઠરાવવામાં આવે છે અને તે કિંમત આના લીધે ઉત્પન્ન થાય છે, પછી આનું મૂલ્ય કેવી રીતે આંકી શકાય!'

મહાત્માજી - 'ભગવાનના નામનું મૂલ્ય તો આનાથી પણ અધિક છે. કારણ કે આ પારસમણિ તો જડ પદાર્થ છે, આનાથી કેવળ જડ પદાર્થોની જ પ્રાપ્તિ થઈ શકે છે, સચ્ચિદાનંદ પરમાત્માની નહિ. આથી કોઈ પણ સાંસારિક પદાર્થની સાથે ભગવાનના નામની સરખામણી કરવી સર્વથા અનુચિત છે. આની તુલના કરનાર પારસમણિને શેર-દોઢ-શેર મૂળા-બટાટાના શાકમાં વેચનાર મૂર્ખ કરતાં ઓછો મૂર્ખ નથી. જે પ્રકારે પારસમણિને ન ઓળખનાર વ્યક્તિ તેના દ્વારા તુચ્છ પદાર્થ લઈને સદા કંગાલ બની રહે છે, તે જ પ્રકારે રામ-નામના મહત્ત્વને ન જાણનાર પણ પ્રેમ અને ભક્તિની દૃષ્ટિએ હંમેશાં દરિદ્ર જ રહે છે. તું ભગવાનના નામનો પ્રભાવ અને તત્ત્વ-રહસ્યને નથી જાણતો, એટલા જ માટે એક સાધારણ રોગ માટે તેં રામ-નામનો ત્રણવાર પ્રયોગ કરાવ્યો. જે નામના પ્રભાવથી ભયંકર ભવરોગ મટી જાય છે, તેને સાધારણ રોગનાશના માટે ઉપયોગમાં લેવો સર્વથા અણસમજ છે. તારા આ અજ્ઞાનના નાશ માટે જ તને પારસમણિ આપીને મોકલ્યો હતો.' આ સાંભળીને શિષ્ય ભગવાનના નામનો પ્રભાવ સમજી ગયો અને પોતાની ભૂલ માટે ક્ષમા-યાચના કરવા લાગ્યો.

આ વાર્તાથી આપણને એ બોધ મળે છે કે પારસમણિના પ્રભાવથી અજાણી વ્યક્તિને જો પારસમણિ મળી જાય તો તે તેને અજ્ઞાનના કારણે બે-ચાર રૂપિયામાં જ વેચી શકે છે.

જો તે મહાત્મા શિષ્યને યોગ્ય મૂલ્યથી પારસમણિ વેચવાનું કહી દે, તો તે વધારેમાં વધારે પાંચ-સાત શેર બટાટા અથવા એક-બે રૂપિયામાં ચોક્કસ વેચી આવત અને એને જ તે સૌથી અધિક મૂલ્ય સમજ્યો હોત. આ જ પ્રકારે જે મનુષ્યો ભગવાનના નામના પ્રભાવને જાણતા નથી, તેઓ તેને સ્ત્રી, પુત્ર, ધન વગેરેના બદલામાં વેચી નાખે છે.

ભગવાનના નામનું રહસ્ય

એમાં જરાક પણ શંકા નથી કે ભગવાનના નામમાં પાપોને નાશ કરવાની મોટી શક્તિ છે. **'નામ અખિલ અઘપુંજ નસાવન'** - અર્થાત્ ભગવાનનું નામ સમગ્ર પાપોના ઢગલાનો નાશ કરે છે. આ ઉક્તિ સર્વથા સત્ય છે, પરંતુ લોકો આનું રહસ્ય ન જાણવાના કારણે આનો દુરુપયોગ કરી બેસે છે. તેઓ વિચારે છે કે નામમાં પાપ-નાશની મહાન શક્તિ છે જ; હમણાં પાપ કરી લો પછી નામ લઈને તેને ધોઈ નાખીશું. આમ વિચારીને તેઓ વધારેમાં વધારે પાપ-પંકમાં ફસાતા જ જાય છે. તેઓ એ પણ નથી વિચારતા કે જો વાસ્તવમાં તેમની આ માન્યતા ઠીક હોય, તો નામનો જપ પાપોનો વિનાશક નહિ, બલકે વૃદ્ધિ કરનાર જ સિદ્ધ થયો; કારણ કે પછી તો બધા લોકો નામનો આશરો લઈને મનમાન્યું પાપ કરવા લાગશે અને એના લીધે વર્તમાનકાળ કરતાં ભવિષ્યમાં પાપોની સંખ્યા બહુ વધી જશે. જે પ્રકારે પોલિસનો પોશાક પહેરીને ચોરી કરનારો બીજા ચોર કરતાં અધિક દંડને પાત્ર થાય છે, તે જ પ્રકારે ભગવાનના નામની ઓથ લઈને પાપ કરનાર વ્યક્તિ અધિક દંડને પાત્ર બની જાય છે, કારણ કે તેનાં પાપ વજ્રલેપ થઈ જાય છે, ભોગવ્યા વિના તેનો વિનાશ નથી થતો. નામની આડ લઈને પાપ કરવું તો એ નામના દસ અપરાધોમાંથી એક નામાપરાધ છે. નામના દસ અપરાધો આ છે -

सन्निन्दासति नामवैभवकथा श्रीशेशयोर्भेदधी-
रश्रद्धा श्रुतिशास्त्रदैशिकगिरां नाम्न्यर्थवादभ्रमः।
नामास्तीति निषिद्धवृत्तिविहितत्यागौ हि धर्मान्तरैः
साम्यं नामजपे शिवस्य च हरेर्नामापराधा दश॥

(૧) સત્પુરુષ – ઈશ્વરનું ભજન-ધ્યાન કરનારાઓની નિંદા, (૨) અશ્રદ્ધાળુઓમાં નામનો મહિમા કહેવો, (૩) વિષ્ણુ અને શિવના નામ-રૂપમાં ભેદ-બુદ્ધિ, (૪-૫-૬) વેદ, શાસ્ત્ર અને ગુરુના દ્વારા કહેવાયેલ નામ-માહાત્મ્યમાં અવિશ્વાસ, (૭) હરિનામમાં અર્થવાદનો ભ્રમ અર્થાત્ નામ-

મહિમા કેવળ સ્તુતિમાત્ર છે, એવી માન્યતા, (૮-૯) નામના બળ પર વિહિતનો ત્યાગ અને નિષિદ્ધનું આચરણ અને (૧૦) અન્ય ધર્મો સાથે નામની તુલના અર્થાત્ શાસ્ત્રવિહિત કર્મોથી નામની તુલના – આ બધા ભગવાન શિવ અને વિષ્ણુના નામ-જપમાં નામના દસ અપરાધો છે.

આ દસ અપરાધોથી પોતાને ન બચાવતાં જેઓ નામનો જપ કરે છે, તેઓ નામના રહસ્યને નથી જાણતા.

વાણી દ્વારા નામ જપવા કરતાં મનથી જપ કરવો સોગણો અધિક લાભદાયક છે અને તે માનસિક જપ પણ શ્રદ્ધા-પ્રેમથી કરવામાં આવે તો તેનું અનંત ફળ છે; તથા તે જ ગુપ્ત અને નિષ્કામ ભાવથી કરવામાં આવે તો સત્વરે પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે. માટે આ રહસ્યને સારી રીતે સમજીને ભગવાનના નામનો આશરો લેવો જોઈએ.

ભગવાનના નામનું તત્ત્વ

અસલમાં નામ અને નામીમાં કોઈ ભેદ નથી. તેઓ ભિન્ન હોવા છતાં પણ સર્વથા અભિન્ન છે. ગીતામાં ભગવાન કહે છે - 'यज्ञानां जपयज्ञोऽस्मि' (૧૦/૨૫) સર્વ પ્રકારના યજ્ઞોમાં જપયજ્ઞ હું છું - અર્થાત્ બીજા બધા યજ્ઞો તો મારી પ્રાપ્તિનાં સાધન છે, પરંતુ જપયજ્ઞ (નામ-જપ) તો સ્વયં હું જ છું. જે આ તત્ત્વને હૃદયંગમ કરી લે છે એટલે કે બરાબર સમજી લે છે, તે નામને ક્યારેય ભૂલી નથી શકતો.

જે નિત્ય-નિરંતર ભગવાનના નામના ગુણો, ભગવાનના નામનો જપ કરતો રહે છે તે સદ્‌ગુણોનો સાગર બની જાય છે. જે પ્રકારે સાગરમાં અનંત જલરાશિ હોય છે, તે જ પ્રકારે તેનામાં અનંત અસંખ્ય સદ્‌ગુણો આવી જાય છે. આથી સિદ્ધ થાય છે કે નામ બીજની માફક છે. જેવી રીતે બીજ વાવી દેવાથી તેમાંથી ફૂલીને અંકુર ઉત્પન્ન થાય છે, તેમજ તે જ ફૂલવાળું અને પાંદડાવાળું થઈને વિશાળ વૃક્ષ બની જાય છે, તેવી જ રીતે નામ જપનારમાં વિના પ્રયત્ને જ સઘળા સદ્‌ગુણોનો પ્રાદુર્ભાવ થઈ જાય છે.

માટે મનુષ્યે ભગવાનના નામના ગુણ, પ્રભાવ, તત્ત્વ અને રહસ્યને સમજવાં જોઈએ. આ પ્રકારે સમજવાથી જ તેની નામમાં પરમ શ્રદ્ધા બેસે છે અને શ્રદ્ધા સાથે કરેલો જપ જ તત્કાલ પૂર્ણ ફળ આપે છે. માટે ભગવાનના નામમાં અતિશય શ્રદ્ધા ઉપજે, એના માટે આપણે સત્પુરુષોનો સંગ કરવો જોઈએ. સત્પુરુષોનો સંગ ન મળે તો આપણે સત્શાસ્ત્રોનું – જેમાં ભગવાન અને તેમના નામનાં તત્ત્વ, રહસ્ય, ગુણ, પ્રભાવ, શ્રદ્ધા અને પ્રેમની વાતો બતાવી હોય તેમનું – અનુશીલન કરવું જોઈએ. આમ કરવાથી ભગવાનના નામમાં શ્રદ્ધા અને પ્રેમ જન્મે છે અને કરેલા જપનું ફળ કે જેનું શાસ્ત્રોમાં વર્ણન છે, તે પણ તત્કાળ પ્રત્યક્ષ જોઈ શકાય છે.



ભગવાનના સત્વર મિલનમાં ભાવ જ મુખ્ય સાધન છે

સંસારમાં ક્રિયા કરતાં ભાવ જ મુખ્ય છે. નાનામાં નાની ક્રિયા પણ ભાવની પ્રધાનતાને લીધે મુક્તિ પણ આપી શકે છે અને ઉત્તમમાં ઉત્તમ ક્રિયા પણ હલકી કક્ષાનો ભાવ હોવાથી નરકમાં લઈ જાય છે. જેવી રીતે કોઈ મનુષ્ય જપ, તપ, ધ્યાન, સ્તુતિ, પ્રાર્થના, પૂજા, પાઠ, યજ્ઞ અને અનુષ્ઠાન આદિ બીજાઓના અનિષ્ટ કે વિનાશના માટે કરે છે તો તેના ફળસ્વરૂપે કર્તાને નરકની પ્રાપ્તિ થાય છે. ભગવાન કહે છે –

जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः।

(ગીતા ૧૪/૧૮)

'તમોગુણના કાર્ય એવા નિદ્રા, પ્રમાદ, આળસ આદિમાં સ્થિત તામસી માણસો અધોગતિને એટલે કે જંતુ, પશુ આદિ નીચ યોનિઓને તેમજ નરકોને પામે છે.'

જ્યારે આ જ ઉત્તમ ક્રિયા સ્ત્રી, ધન, પુત્ર આદિની પ્રાપ્તિ માટે અથવા રોગ-નિવારણના માટે કરવામાં આવે છે, ત્યારે રાજસી ભાવ હોવાના કારણે તેનાથી મધ્યમ ગતિ પ્રાપ્ત થાય છે. સારાંશ છે કે જે-જે ભાવથી ક્રિયા કરવામાં આવે છે, તેની-તેની જ પ્રાપ્તિ થાય છે. ઉપર જણાવેલી ઉત્તમ ક્રિયા જ જ્યારે કર્તવ્ય સમજીને નિષ્કામ પ્રેમભાવથી ભગવાનના કાજે કરવામાં આવે છે, ત્યારે તેનું ફળ અન્તઃકરણની શુદ્ધિ થઈને ભગવાનની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે એક જ ક્રિયા ભાવના કારણે ઉત્તમ, મધ્યમ, અને અધમ ફળ આપનારી થાય છે. એક હલકી કક્ષાની ક્રિયા છે; કિંતુ ભાવ જો ઉચ્ચકોટિનો છે તો તે પણ મુક્તિ પ્રદાન કરનારી થઈ જાય છે.

જેવી રીતે માતા-પિતા, ગુરુજનોના રૂપે બાળકોનું શિક્ષણ અને પાલન કરવું, તેમનાં મલ-મૂત્રને સાફ કરવાં, ડૉક્ટરના રૂપે વાઢકાપ કરવી, રોડ વગેરેની સફાઈ કરવી, બાળવા માટે લાકડાંનો ભારો ઉપાડીને લઈ જવો, વસ્તુઓનું ન્યાયયુક્ત ખરીદ-વેચાણ કરવું, નોકરી તથા સેવાનું કામ કરવું - એટલે સુધી કે ગંદકી દૂર કરવા માટે ઝાડો-પેશાબ સાફ કરવાં - ઇત્યાદિ જે નીચલી કક્ષાની ક્રિયાઓ છે, આ બધી પણ કર્તવ્ય સમજીને નિષ્કામ-પ્રેમભાવથી કરવામાં આવે તો એના ફળસ્વરૂપે અંતઃકરણની શુદ્ધિ થઈને પરમાત્માની પ્રાપ્તિ સુદ્ધાં થઈ શકે છે, અને આ ક્રિયાઓ સકામ ભાવે કરવામાં આવે તો એમનાથી અર્થ(ધન)ની સિદ્ધિ થાય છે.

કહેવાય છે કે ભીલણી શબરી માર્ગ પર ઝાડું વાળ્યા કરતી તથા કચરો-પૂંજો, કાંટા વગેરે સાફ કર્યા કરતી તેમજ જંગલમાંથી લાકડાં એકઠાં કરીને ઋષિ-મુનિઓના આશ્રમોની પાસે રાખી દેતી હતી. આ જોવામાં તો નીચલી કક્ષાનું કામ દેખાય છે, કિંતુ તે તેને નિષ્કામભાવથી કર્તવ્ય સમજીને કરતી હતી, માટે તેનો ભાવ ઉત્તમ હોવાથી તેનું અંતઃકરણ શુદ્ધ થઈને તેને ભગવત્પ્રાપ્તિ થઈ ગઈ.

પદ્મપુરાણમાં કથા આવે છે – જ્યારે નરોત્તમ બ્રાહ્મણ તુલાધાર વૈશ્યના ત્યાં ગયો, તે સમયે તુલાધાર ઘરાકોને માલ વેચવામાં લાગેલો હતો. આ કારણે તેણે કહ્યું, 'હમણાં મને ફુરસદ નથી. ઘરાકોની આ ભીડ એક પ્રહર રાત્રી વીતતાં સુધી રહેશે, તે પછી જ મને ફુરસદ મળી શકશે. જો આપ એટલી વાર ન રોકાઈ શકો તો આપ સજ્જન અદ્રોહકની પાસે જાઓ. આપના દ્વારા જે બગલો મરી ગયો છે અને આપનું ધોતિયું આકાશમાં સુકાતું બંધ થઈ ગયું – આ બધાનું રહસ્ય આપને આગળ માલૂમ થઈ જશે.' બ્રાહ્મણના રૂપમાં નરોત્તમની સાથે-સાથે ચાલી રહેલા ભગવાને કહ્યું - 'ચાલો, આપણે સજ્જન અદ્રોહકની પાસે જઈએ.'

એમ કહીને તેઓ ત્યાંથી સજ્જન અદ્રોહકની પાસે જવા લાગ્યા; ત્યારે રસ્તામાં નરોત્તમે તેમને પૂછ્યું કે તુલાધારે મારા વડે બગલાના ભસ્મ થવાની વાત કેવી રીતે જાણી? ભગવાને બતાવ્યું કે ખરીદ-વેચાણમાં

સૌની સાથે સાચો તથા સમાન વ્યવહાર કરે છે, આથી જ એને ત્રણે કાળોનું જ્ઞાન છે. આ જ કારણે પોતે તુલાધારના ઘરમાં બ્રાહ્મણના રૂપમાં નિવાસ કરતા હતા અને અંતમાં તે તુલાધાર વૈશ્ય વિમાનમાં બેસીને ભગવાનની સાથે પરમધામમાં ચાલ્યો ગયો.

અહીં વિચારવાનું એ છે કે તુલાધાર વૈશ્યની રસ આદિ ખરીદ-વેચાણરૂપ ક્રિયા તો જોવામાં હલકી કક્ષાની છે, પરંતુ સ્વાર્થત્યાગ, સચ્ચાઈ, ઇમાનદારી અને સમતાના વ્યવહારના કારણે એ જ ક્રિયા એટલી ઊંચી થઈ ગઈ કે તેને પરમપદ પ્રાપ્ત કરાવનારી સિદ્ધ થઈ.

આથી આ જ વાત સિદ્ધ થાય છે કે ભાવ જ પ્રધાન છે, કર્મ નહિ. આથી આપણા માટે યોગ્ય છે કે આપણે જ્યારે પણ કોઈ ક્રિયા કરીએ, ત્યારે તેને ઉત્તમમાં ઉત્તમ ભાવથી કરીએ.

જ્યારે હલકામાં હલકી ક્રિયા પણ ઉત્તમમાં ઉત્તમ ગતિ પ્રાપ્ત કરાવી શકે છે, તો પછી જ્યાં ક્રિયા પણ ઉત્તમમાં ઉત્તમ હોય અને ભાવ પણ ઉત્તમમાં ઉત્તમ હોય, ત્યાં તો કહેવાનું જ શું! આ જ ભાવને સમજવા માટે નીચે એક વાર્તા લખેલી છે.

ભગવાનનો એક ભક્ત સાધક હતો. તે એક પીપળાના વૃક્ષની નીચે રહીને ભજન-ધ્યાન, ગીતા-પાઠ, સાધુ-સેવા, તપ અને ઉપવાસ વગેરે કરતો હતો. એક સમયે ત્યાં દેવર્ષિ નારદજી પધાર્યા. સાધકે તેમની ઘણી સેવા-શુશ્રૂષા કરી. ત્યારપછી જ્યારે નારદજી જવા લાગ્યા, ત્યારે તેણે નારદજીને પૂછ્યું - 'ભગવન્! આપ ક્યાં જઈ રહ્યા છો?' નારદજીએ જણાવ્યું - 'હું ભગવાનની પાસે વૈકુંઠમાં જઈ રહ્યો છું.'

તેણે નારદજીના ચરણોમાં શિર નમાવ્યું અને હાથ જોડીને ઉત્સુકતાપૂર્વક દીનભાવથી પ્રાર્થના કરી કે 'શું આપ મારા માટે પણ ભગવાનને એ પૂછી લેશો કે મને તેમનાં દર્શન ક્યારે થશે?' નારદજીએ કહ્યું - 'કેમ નહિ, જરૂર પૂછીને તને જવાબ આપીશ!' આટલું કહીને નારદજી ત્યાંથી ચાલી નીકળ્યા અને ઘણા પ્રેમથી ભગવાનનાં નામ અને ગુણોનું કીર્તન કરતા વૈકુંઠધામ પહોંચ્યા.

ભગવાને પૂછ્યું - 'નારદ! તમે ક્યાંથી આવી રહ્યા છો?' નારદજીએ કહ્યું - 'એક વૃક્ષની નીચે આપનો એક ભક્ત આપનાં ભજન-ધ્યાન અને તપસ્યામાં લીન છે, હાલમાં હું ત્યાંથી જ આવી રહ્યો છું. ભગવન્! તેની સેવા-પૂજા, ભજન-ધ્યાન અને તપસ્યા પ્રશંસાને યોગ્ય છે. પ્રભો! તેણે મારા દ્વારા આપને પૂછાવ્યું છે કે તેને આપનાં દર્શન ક્યારે થશે!' ભગવાન બોલ્યા - 'નારદ! આ વાત ન પૂછો.' નારદજીની ઉત્સુકતા વધી. તેમણે કહ્યું - 'કેમ નહિ ભગવન?' ભગવાને ઉત્તર આપ્યો - 'નારદ! તે જે પ્રકારે ભજન-ધ્યાન, સેવા-ચાકરી અને તપસ્યા કરી રહ્યો છે તે પ્રકારે કરતા રહેવાથી તો તેને મારાં દર્શન થવામાં બહુ વિલમ્બ થશે. આ પ્રકારે સાધન કરવાથી તો તેને તે પીપળાના વૃક્ષનાં જેટલાં પાંદડાં છે, તેટલાં વર્ષો પછી મારાં દર્શન થશે.' ભગવાનની આ વાત સાંભળીને નારદજી ડઘાઈ ગયા, તેમને મોટું આશ્ચર્ય થયું અને તેઓ બોલ્યા – 'ભગવન્! તે તો બહુ તીવ્રતાથી સેવા-ચાકરી, જપ-ધ્યાન, તપસ્યા વગેરે કરી રહ્યો છે, તો પછી તેના માટે આટલી વાર કેમ?' ભગવાને કહ્યું – 'નારદ! તમે આનું રહસ્ય નથી સમજતા, હું જે કંઈ કહું છું, તે તેને કહી દેજો.' ત્યારપછી નારદજીએ ભગવાનની સાથે બીજી પણ ભક્તિ, પ્રેમ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી ચર્ચા કરી.

પછી નારદજી ત્યાંથી પાછા ફરીને તે જ પીપળાના વૃક્ષની નીચે બેઠેલા તે ભક્તની પાસે પહોંચ્યા. નારદજીને જોતાંવેંત ભક્ત તેમના ચરણોમાં ઢળી પડ્યો અને ઘણી વ્યગ્રતાથી પૂછવા લાગ્યો - 'પ્રભો! શું મારી પણ ચર્ચા ત્યાં ચાલી હતી?' તેની વ્યાકુળતાભરી વાત સાંભળીને નારદજી મુગ્ધ થઈ ગયા અને બોલ્યા - 'તમારો પ્રસંગ ચાલ્યો તો હતો, કિંતુ કહેવામાં સંકોચ થાય છે.' ભક્તે કહ્યું - 'ભગવન્! સંકોચ કઈ વાતનો છે? શું ભગવાને સાફ ના પાડી દીધી? શું આ જન્મમાં મને ભગવાન નહિ મળે? જે પણ હોય, આપ મને બતાવો તો ખરા. આપ સંકોચ ન કરો, મને આથી કોઈ દુ:ખ થશે નહિ.'

તેના આગ્રહ કરવાથી નારદજીએ સઘળી વાત જેમની તેમ બતાવી દીધી અને કહ્યું - 'છેલ્લે ભગવાને તમારા માટે આ જ કહ્યું છે કે

આ પ્રકારે સાધન કરતાં કરતાં આ પીપળાના વૃક્ષનાં જેટલાં પાંદડાં છે, તેટલાં વર્ષો પછી મારાં દર્શન થશે.' આટલું સાંભળતાં જ તે ભક્ત આશ્ચર્યચકિત થઈ ગયો અને કરુણાભરેલી ગદ્‌ગદ વાણીથી કહેવા લાગ્યો, 'શું મારા જેવા અધમને ભગવાનનાં દર્શન થશે. શું આ વાત ભગવાને પોતાના શ્રીમુખથી કહી છે? અહા! ગમે ત્યારે થાય, મને ભગવાનનાં દર્શન તો અવશ્ય જ થશે.' નારદજી બોલ્યા - 'થશે તો ખરાં; કારણ કે ભગવાને સ્વયં પોતાના મુખથી કહ્યું છે, કિંતુ થશે બહુ વિલમ્બથી.' આ સાંભળીને કે ભગવાનનાં દર્શન અવશ્ય થશે, તે ભક્તના આનંદનો પાર ન રહ્યો. તેનો ભાવ એકદમ બદલાઈ ગયો. તે આનંદ-વિભોર થઈને પ્રેમાર્દ્રભાવથી ભગવાનનાં નામ અને ગુણોનું કીર્તન કરતો પાગલની માફક નાચવા લાગ્યો. આનંદ અને પ્રેમમાં તે એટલો તલ્લીન થઈ ગયો કે તેને પોતાના શરીરનું પણ ભાન રહ્યું નહિ. પછી વાર જ શી હતી! ભગવાન તે જ ક્ષણે ત્યાં પ્રગટ થઈ ગયા.

ભગવાનને જોઈને નારદજી દંગ રહી ગયા. તેમણે પૂછ્યું 'ભગવન્! આપ તો કહેતા હતા કે આ પ્રકારે સાધન કરતાં-કરતાં આ વૃક્ષનાં જેટલાં પાંદડાં છે, તેટલાં વર્ષો પછી મારાં દર્શન થશે. પરંતુ વર્ષોની વાત તો દૂર રહી, હજુ તો બે ઘડી પણ વીતી નથી; અને આપ પ્રગટ થઈ ગયા!'

ભગવાન બોલ્યા - 'નારદ! તે વાત જુદી હતી અને આ વાત જ જુદી છે. મેં તમને કહ્યું હતું ને કે તમે આના રહસ્યને નથી જાણતા. નારદજીએ કહ્યું - 'પ્રભો! આનું શું રહસ્ય છે, તે મને બતાવો.' ભગવાન બોલ્યા - 'નારદ! તે સમયે તો આના સાધનમાં ક્રિયાની જ પ્રધાનતા હતી, પણ હવે અત્યારે તો ક્રિયાની સાથે જ એના ભાવની પણ પ્રધાનતા છે. સાધુઓની સેવા-ચાકરી, વ્રત, ઉપવાસ, તપસ્યા, ગીતા-પાઠ, સત્પુરુષોનો સંગ, સ્વાધ્યાય અને ભજન-ધ્યાન જેવાં સાધનરૂપી મારી ભક્તિ કરવી એ બહુ જ ઉત્તમ ક્રિયા છે. આ બધી ક્રિયાઓની સાથે જ્યાં સુધી અનન્ય પ્રેમભાવ નથી હોતો, ત્યાં સુધી એના માટે વિલંબ થવો સ્વાભાવિક છે. જ્યારે ભક્ત પોતાને ભૂલીને અનન્ય પ્રેમ-ભાવમાં

મુગ્ધ થઈને કેવળ મારા ભજન-કીર્તનમાં જ નિમગ્ન થઈ જાય છે, ત્યારે હું એક ક્ષણ પણ નથી રોકાઈ શકતો. અત્યારે એનો જે અપૂર્વ પવિત્ર પ્રેમપૂર્ણ ભાવ છે, તેની તરફ તો જુઓ, તે વખતે ક્રિયા ઉત્તમ હોવા છતાં પણ આનો એવો ભાવ ન હતો. એટલા જ માટે મેં એમ કહ્યું હતું કે 'આ પ્રકારનું સાધન કરવાથી તો તે વૃક્ષનાં જેટલાં પાંદડાં છે, તેટલાં વર્ષો પછી મારાં દર્શન થશે' આ રહસ્યને સાંભળીને નારદજી પણ પ્રેમ-વિહ્વળ થઈ ગયા અને ભાવાવેશમાં પોતાની સઘળી સુધ-બુધ ખોઈને ભગવાનનાં નામ અને ગુણોનું કીર્તન કરતા ઊછળીને નૃત્ય કરવા લાગ્યા.

બન્ને ભક્તોની આ ભાવુક સ્થિતિથી સ્વયં ભગવાન પણ પ્રેમમગ્ન થઈ ગયા. તેમની પણ તેવી જ સ્થિતિ થઈ ગઈ. ભગવાનની તો આ પ્રતિજ્ઞા જ છે –

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।

(ગીતા ૪/૧૧)

'જે ભક્તો મને જેવા ભાવથી ભજે છે, હું પણ તેમને એવા જ ભાવથી ભજું છું.'

આવી રીતે કેટલાક સમય સુધી વિચિત્ર પ્રેમરાજ્યની પ્રગાઢ સ્થિતિમાં રહ્યા પછી ત્રણેને જ્યારે બાહ્ય ચેતના થઈ ત્યારે તેઓ પ્રેમમાં વિભોર થઈને પરસ્પર વાતચીત કરવા લાગ્યા. ત્યારપછી ભગવાન તે ભક્તની સાથે વિમાનમાં બેસીને પરમધામમાં પધારી ગયા અને નારદજી પ્રેમમાં વિભોર થઈને ભગવાનના ગુણાનુવાદ ગાતા-ગાતા પોતાના ગન્તવ્ય સ્થાન તરફ ચાલ્યા ગયા.

આ પ્રસંગમાં આપણે એ બોધ લેવો જોઈએ કે સમસ્ત ક્રિયાઓમાં ભગવાનની ભક્તિ ઉત્તમ છે તથા તે ભક્તિની સાથે નિષ્કામ અને અનન્ય પ્રેમભાવનો સમાવેશ થતાં ભગવાનને મળવામાં એક ક્ષણની પણ વાર થતી નથી. આ માટે ઉપર કહ્યા મુજબ નિષ્કામ અનન્ય પ્રેમભાવપૂર્વક નિરંતર ભજન-ધ્યાન વગેરે ઉત્તમ ક્રિયા કરવી જોઈએ.

પ્રવીરનો* અલૌકિક ભગવત્પ્રેમ

પ્રવીર માહિષ્મતી નગરીના નરેશ શ્રીનીલધ્વજના પુત્ર હતા. એમની માતા જુન્હાદેવી સરળ, સાધ્વી તેમજ ધર્મપરાયણા હતી. ભગવાનની ભક્તિની સાથે-સાથે તેણી મોટી સ્વાભિમાનિની, વીરાંગના અને ધૈર્યશીલ હતી. એ બેયના અત્યન્ત પવિત્ર જીવનનો પ્રભાવ એમના પુત્ર પ્રવીર પર પૂરેપૂરો પડ્યો. ફળસ્વરૂપે પ્રવીરમાં પણ સરળતા, સજ્જનતા, સત્પ્રેમ અને ભગવાનની ભક્તિ ભારોભાર ઊતર્યાં હતાં. વીરતા તેમના અંગ-પ્રત્યંગમાંથી છલકાતી દેખાતી હતી, પરન્તુ તેઓ નિરન્તર ભગવાનનું ચિંતન તેમ જ તેમના પ્રેમમાં મગ્ન રહ્યા કરતા હતા.

તે દિવસોમાં ઈન્દ્રપ્રસ્થમાં કૌરવોને પરાજિત કરીને ધર્મરાજ યુધિષ્ઠિર મહારાજ રાજ્ય કરી રહ્યા હતા. તેમણે ભગવાન શ્રીકૃષ્ણની સલાહથી અશ્વમેધ યજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો. અશ્વ છોડવામાં આવ્યો. તેની રક્ષા માટે ધનુર્ધર અર્જુન નક્કી થયા. તેમની સાથે વિશાળ સેના હતી. યાત્રાની પહેલાં ભગવાન શ્રીકૃષ્ણે પણ અર્જુનની સાથે આવવાની ઈચ્છા પ્રગટ કરી; કિન્તુ 'આ નાના-સરખા કાર્ય માટે આપને કષ્ટ આપવું જરૂરી નથી. ભૂમંડલ પર વિજય પ્રાપ્ત કરી લેવા માટે હું અને આ સેના જ પૂરતી છે' – આમ કહીને અર્જુને એકલા પ્રસ્થાન કર્યું. અર્જુનના મુખ પર છુપી અભિમાનની રેખા ચમકી રહી હતી.

---

* બંગાળના પ્રચલિત લીલા-અભિનયો (યાત્રાઓ)માં પ્રવીરની લીલા કરવામાં આવે છે. તે ઘણી જ સુન્દર અને મનોહર છે. આ વાર્તા તેના જ આધાર પર લખવામાં આવી છે. આ કેટલે અંશે સાચી છે, એની ખબર નથી. પ્રવીરની કથા 'જૈમિનીયાશ્વમેધ'માં પણ આવે છે, પરંતુ તે જુદા સ્વરૂપે છે.

'વીરવર અર્જુનની સાથે યુદ્ધ કરવાનું જેમને સાહસ હોય તેઓ આ ઘોડાને પકડે અથવા તો ભેટસહિત મહારાજ યુધિષ્ઠિરના અશ્વમેધયજ્ઞમાં નિયત સમયે હાજર થાય.' – અશ્વના મસ્તક પર સુવર્ણપત્રમાં આમ લખેલું હતું. સૌની આગળ અશ્વ ઝૂમતો જઈ રહ્યો હતો અને તેની પાછળ વીરવર અર્જુનની સાથે સશસ્ત્ર વિશાળ સેના ચાલી રહી હતી.

કોઈ ન હતું, જે અશ્વની તરફ પૂરેપૂરું જોવાનું સાહસ કરી શકે. માર્ગમાં જેટલા પણ રાજા-મહારાજા મળ્યા, તે સૌએ સર્વત્ર સ્વાગત કર્યું અને યુધિષ્ઠિર મહારાજની તાબેદારી સ્વીકારી. આમ તે અશ્વ માહિષ્મતીની સમીપ પહોંચ્યો.

પ્રવીરના પિતા માહિષ્મતીનરેશ નીલધ્વજ અર્જુનનું નામ સાંભળતાં જ સાશંક થઈ ગયા. તેમણે અશ્વને ન પકડવામાં જ કુશળતા સમજી, પરંતુ આ સંવાદથી વીરાંગના જુન્હાદેવી ખળભળી ઊઠી. તેમણે પોતાના પતિદેવના આ કૃત્યને કાયરતા સમજી તથા એવા અનેક પ્રયત્નો કર્યા જેથી તેઓ પોતાના ક્ષત્રિયત્વની પ્રતિષ્ઠાના રક્ષણ ખાતર અર્જુન સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ જાય, પરંતુ નીલધ્વજ પોતાના નિશ્ચયમાંથી વિચલિત થયા નહિ.

પતિથી નિરાશ થતાં જુન્હાદેવી પોતાના પ્રિય પુત્ર ભક્ત પ્રવીરની પાસે ગઈ અને તેને પ્રતિષ્ઠાના રક્ષણ માટે યુદ્ધમાં અડી જવા માટે પ્રોત્સાહિત કરીને બોલી – 'બેટા! હું તને પોતાના પ્રાણોથી અધિક સ્નેહ કરું છું, સાથે-સાથે તારી પાસેથી દેશ, જાતિ અને સ્વાભિમાનના રક્ષણની આશા પણ રાખું છું. અર્જુનની વિશાળ સેના અશ્વમેધના અશ્વની સાથે તારા ક્ષત્રિયત્વને, તારી વીરતાને, તારી સ્વતંત્રતાને તેમજ તારા દેશાભિમાનને લલકારી રહી છે. પરંતુ હું ચાહું છું કે તે અહીંથી વિજયોન્મત્ત બનીને ન જાય. તું અશ્વમેધના અશ્વને પકડીને અર્જુનને પાછા પગલે વળવા માટે વિવશ કરી દે. તેમની મદોન્મત્ત સેનાને પોતાનાં તીક્ષ્ણ બાણોથી વેધીને એક પળ માટે પણ અહીં ટકવા ન દેતો.'

'મા! શ્રીકૃષ્ણ સારથિ હતા તે વીરવર અર્જુન!...' પ્રવીર ચકિત

થઈને બોલ્યો ન બોલ્યો ત્યાં તો તેની સ્નેહમયી માતાએ દુર્ગાની માફક હુંકાર કરીને કહ્યું – 'હા, તે જ અર્જુન! જો તારે એક પણ પળ વિચાર કરવો હોય તો સ્પષ્ટ બોલ, હું સ્વયં યુદ્ધ કરવા માટે અર્જુનના વિશાળ સૈન્યમાં પ્રવેશ કરીશ. હું સમજીશ કે મેં પુત્રને જન્મ જ નહોતો આપ્યો.'

'આજ્ઞા શિરોમાન્ય છે માતા! તમે ચોક્કસ જ અન્તઃપુરમાં જાઓ.' પ્રવીરના આ કથનથી સંતુષ્ટ થઈ માતા અંદર ચાલી ગઈ અને પ્રવીરે અર્જુનની પાસે પત્ર મોકલ્યો – 'હું આપનો અશ્વ રોકી રહ્યો છું. આપ રણાંગણમાં આવી જાઓ.'

દૂત જવાબ લઈ આવ્યો. વીર પ્રવીરે વાંચ્યો – 'વીર! ક્ષત્રિય-ઉચિત પત્ર વાંચીને મને પ્રસન્નતા થઈ; આ માટે અત્યંત પ્રસન્ન થઈને હું તને ધન્યવાદ આપું છું; કિન્તુ તું હજુ નાનો બાળક છે. જીવનનો આનંદ છોડીને મૃત્યુના મુખમાં જવા માટે હઠ કરવી સારી નથી.' પ્રવીરે તરત પત્ર લખ્યો – 'વીરવર! કાયરતાપૂર્ણ વાણી આપને શોભતી નથી. યુદ્ધ કરવાની ઈચ્છા ન હોય તો આપ ઈન્દ્રપ્રસ્થ પાછા જઈ શકો છો. અશ્વને હું નથી છોડવાનો.'

પછી શું, બીજા દિવસે અરુણોદય થતાં જ યુદ્ધ છેડાઈ ગયું. ભયંકર યુદ્ધ થયું. ભક્તવર વીર પ્રવીરનાં તીક્ષ્ણ બાણોથી અર્જુન વ્યાકુળ થઈ ઊઠ્યા. તેમણે પ્રદ્યુમ્નને કહ્યું – 'પ્રવીરના કુમળાપણાનો વિચાર છોડીને તમે બાણોની વર્ષા કરો.' પરંતુ પ્રદ્યુમ્ને તરત કહ્યું – 'આપની માફક વીર પ્રવીર પણ મારા પિતાજીના પ્રિય ભક્ત છે. માટે એમની ભક્તિનું ધ્યાન આવતાં મારા હાથ ઢીલા પડી જાય છે અને હું પૂરા વેગથી યુદ્ધ કરી શકતો નથી.' એ પછી મહાબલી ભીમ આગળ આવ્યા, કિંતુ ભગવાનના બળથી ભગવાનનાં ચરણોના આશ્રિત બળવાન પ્રવીરનાં ચોટદાર બાણોની સામે તેમનું કંઈ પણ ચાલ્યું નહિ. આ દશા જોઈને અત્યંત ક્રોધથી અર્જુને આગ્નેય-અસ્ત્રનો પ્રયોગ કર્યો; પરંતુ અગ્નિની ભયંકર જ્વાળાઓ પ્રવીરના બાણોની જલધારાની સામે ઠંડી પડી ગઈ. આ રીતે અર્જુને જે જે ભયંકર તેમજ ઝેરી બાણોને પ્રવીરનું મસ્તક

છેદવા માટે ચલાવ્યાં, તે બધાં વ્યર્થ સિદ્ધ થયાં. રાજકુમાર પ્રવીરે અર્જુનસહિત તેમના સૈન્યને વ્યાકુળ તેમજ પરાજિત કરી દીધું.

અર્જુનના વીરતાથી ઝગમગતા ચહેરા પર વિષાદની કાલિમા છવાઈ ગઈ. તે જ સમયે પ્રવીરે આવીને કહ્યું – 'વીરવર અર્જુન! અશ્વમેધનો અશ્વ આ જ બળ પર છોડ્યો હતો? હું આપને સ્પષ્ટ જણાવી દઉં છું કે જો આપને આપના પ્રાણ પ્યારા ન હોય, તો આપ કાલે ફરીથી રણ-ભૂમિમાં આવજો, નહીં તો હવે સુખપૂર્વક પાછા જાઓ અને અહીં એ દિવસે ભેટ લઈને આવજો, જે દિવસે આ ઘોડાથી હું અશ્વમેધ યજ્ઞ કરીશ. આપ ભગવાન શ્રીકૃષ્ણની સહાય વિના મારા પર વિજય ક્યારેય પ્રાપ્ત કરી શકશો નહિ. મને જીતવાની ઇચ્છા મનમાં હોય તો શ્રીકૃષ્ણને બોલાવો, તેમનાં દર્શન કરીને હું પણ કૃતકૃત્ય થઈ જઈશ.' પ્રવીર થોડીક ક્ષણો માટે ભગવાનના ધ્યાનમાં તન્મય થઈ ગયો.

પરંતુ પ્રવીરની વાણી અર્જુનના હૃદયમાં તીરની માફક સોંસરવી ઊતરી ગઈ. તેમણે હવે ભગવાનની સામે અભિમાન ભરેલી વાણીમાં કહ્યાની પોતાની ભૂલનો અનુભવ કર્યો. તરત વ્યાકુળ થઈને ભગવાનને પ્રાર્થના કરી – 'હે હરિ! હે ગોવિંદ!! હે વાસુદેવ!! હે નારાયણ!!! મારી અનુચિત વાણી માટે ક્ષમા કરો. આપ સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વેશ્વર છો. આપ શીઘ્ર આવીને મારી રક્ષા કરો.' અર્જુનનો પોકાર સાંભળતાં જ ભક્ત-ભય-ભંજન ભગવાન તરત ત્યાં પ્રગટ થઈ ગયા, જાણે અત્યાર સુધી અહીં ક્યાંક છુપાયા હોય!

ભગવાનને જોતાં જ અર્જુન તેમના ચરણોમાં ઢળી પડ્યા. પ્રભુએ દૃષ્ટિ ફેરવી તો જોયું કે પ્રવીર પણ પ્રભુના પાવન ચરણોમાં દંડની માફક પડીને પ્રણિપાત કરી રહ્યો છે. ભગવાન અર્જુન અને પ્રવીર બન્નેને મળ્યા. પ્રવીર ગદ્‌ગદ થઈ રહ્યો હતો. હર્ષના ઉમળકાથી તેમણે કહ્યું – 'પ્રભો! આપનાં દર્શન પામીને આજે હું ધન્ય થઈ ગયો.' તેણે ફરીથી અર્જુનને કહ્યું – 'પાર્થ! હું આપનો પણ ઋણી છું. આપની જ કૃપાથી મને આજે શ્યામસુન્દરની ત્રણે લોકોને પાવન કરનારી મધુર મનોહર

ઝાંખીનાં દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. હવે આપણે આપણા શિબિરમાં જઈએ. કાલથી ભગવાનની સામે જ યુદ્ધ થશે. પછી બન્ને પોતપોતાની શિબિરોમાં ચાલ્યા ગયા.

પ્રવીરને જોતાં જ દેવી જુન્હાએ તેમને છાતી સરસા ચાંપી દીધા અને કહ્યું – 'બેટા! તારા વિજય માટે હું ભગવતી ભાગીરથીની આરાધના કરવા જઈ રહી છું.' કાઠા કાળજાની, ધર્મમાં આસ્થા રાખનારી પ્રવીરની પત્ની મદનમંજરીએ અત્યંત આનંદ પ્રદર્શિત કરતાં કહ્યું – 'ભગવાન શ્રીકૃષ્ણને પોતાની ભક્તિથી પ્રસન્ન કરીને હું આપના વિજય માટે તેમને પ્રાર્થના કરીશ.' પ્રવીર પણ ભગવાનના ધ્યાનમાં મગ્ન હતો.

અડધી રાત વીતી ગઈ. આ બાજુ પ્રવીરપત્ની મદનમંજરીએ અર્જુનના સૂતેલા સૈન્યમાં પ્રવેશ કર્યો. તેના હાથમાં લાંબી ખુલ્લી તલવાર હતી. પહેરેદારના સ્થાન પર ભગવાન શંકર ત્રિશૂલ લઈને ઊભા હતા. તેમણે મદનમંજરીનો પરિચય અને અર્ધરાત્રિમાં ખુલ્લી તલવાર લઈને શિબિરમાં આવવાનું કારણ પૂછ્યું.

મદનમંજરીએ સંકોચ વગર સત્ય કહી દીધું – 'હું પ્રવીરની પત્ની છું. પોતાના પતિના પ્રાણોની રક્ષા માટે શ્રીકૃષ્ણની પાસે જવા માગું છું.'

ભગવાન શંકર બોલી ઊઠ્યા, 'આ સંભવ નથી. ભગવાન સૂઈ રહ્યા છે. તું પાછી વળ.'

'જો એમ જ છે તો પછી આપના જ ચરણોમાં આ મસ્તક હમણાં પડી જશે.' કહેતાં જ મદનમંજરીએ તલવાર ઉઠાવી.

ભગવાન શંકરે પોતાનો પરિચય આપતાં કહ્યું, 'હું તમારી પર અત્યંત પ્રસન્ન છું અને કૈલાસ જઈ રહ્યો છું. અહીંથી પ્રયાણ કર્યા પછી મારી કોઈ જવાબદારી નથી.'

મદનમંજરી શ્રીકૃષ્ણની શિબિરના દ્વાર પર પહોંચી તો દ્વારપાલે ઠપકો આપતાં ત્યાં આવવાનું કારણ પૂછ્યું. મદનમંજરીએ વિનમ્રતાથી દ્વારપાલને પણ ઉત્તર આપ્યો – 'પોતાના પ્રાણધનના પ્રાણોની ભીખ માગવા મહારાજ નીલધ્વજની પુત્રવધૂ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણો સમીપ જવા માગે છે.'

દ્વારપાલે કહ્યું – 'અહીંથી પાછા ફરી જાઓ. પ્રભુ આ સમયે શયન કરી રહ્યા છે.'

મદનમંજરીએ તલવાર તાણી લીધી અને કહ્યું – 'જો આપ ભગવાનની સમીપ નહીં જવા દો તો હું અત્યારે પોતાનું મસ્તક કાપીને આપના ચરણોમાં સમર્પિત કરું છું.'

દ્વારપાલે મદનમંજરીનો હાથ પકડી લીધો, પરંતુ તેણીએ જોયું – આ તો એ જ ત્રૈલોક્યનાથ મદનમોહન શ્યામસુંદર ભગવાન શ્રીકૃષ્ણ છે, જેમના માટે પોતે પ્રાણો પર ખેલીને આવી હતી. તે પ્રભુના ચરણોમાં પડી ગઈ. થોડીવાર પછી તેણીએ કહ્યું – 'પ્રભો! આપ તો અંતર્યામી છો, પરંતુ કહ્યા વિના મારાથી રહેવાતું નથી. પ્રાતઃકાળે જ ધનુર્ધર અર્જુન સાથે મારા પતિદેવનું યુદ્ધ થશે. ધનુર્ધારી અર્જુનને આપની સહાય મળેલી છે અને આપની સહાયતા પામીને તેઓ જે ચાહે તે કરી શકે છે. આ કારણે હું આપની પાસે પોતાના જીવન-ધનના પ્રાણોની ભીખ માંગું છું.'

પોતાની કૌમોદકી ગદા અને સહસ્રાર (હજાર આરાનું) સુદર્શનચક્ર તેના હાથમાં આપતાં ભક્તવત્સલ કરુણામય ભગવાને કહી દીધું – 'આને જ્યાં સુધી પ્રવીર પોતાની પાસે રાખશે, યુદ્ધમાં તેને કોઈ મારી શકશે નહિ.' મદનમંજરીએ ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યા અને ઝડપથી પાછા ફરીને બન્ને આયુધો પોતાના પતિને આપી દીધાં. ભગવાનની વાત પણ જણાવી દીધી.

પેલી બાજુ ધર્મપરાયણા જુન્હાદેવીએ શ્રીગંગાજીને સંતુષ્ટ કરી લીધાં અને શ્રીશિવજીને પ્રાર્થના કરવા માટે કહ્યું કે – 'તેઓ પોતાના ત્રિશૂળની સાથે પ્રવીરની તરફથી યુદ્ધ કરે. શ્રીગંગાજીની પ્રાર્થના સાંભળતાં જ આશુતોષે કહ્યું – 'અર્જુનની સાથે શ્રીકૃષ્ણ છે અને તેમની સામે રણભૂમિમાં ઊતરવું મારા માટે શક્ય નથી.'

પ્રાતઃકાળ થતાં જ અર્જુન પોતાના સખા શ્રીકૃષ્ણની પાસે પહોંચ્યા તો જોયું કે તેઓ ઉદાસ અને ચિંતિત મુદ્રામાં મુખ નીચું રાખીને બેઠા છે. અર્જુનને જોતાં જ તેમણે કહ્યું – 'બન્ધુવર! પ્રવીરની પત્નીની ભક્તિથી

સંતુષ્ટ થઈને પોતાનાં બન્ને આયુધો મેં તેને સમર્પિત કરી દીધાં અને જ્યાં સુધી તે આયુધો તેની પાસે છે, તું તેનું કંઈ અનિષ્ટ નથી કરી શકવાનો. મારી હાજરીથી હરેક સમયે તારા ભલામાં વિઘ્ન જ ઊભું થઈ જાય છે.

ભગવાનની વાણી સાંભળતાં જ ભીમ ક્રુદ્ધ થઈ ગયા. તેમણે કહ્યું – 'આપે સમજી-વિચારીને વરદાન દેવું હતું. આપ અમારી રક્ષા કરવા માટે આવ્યા છો કે એથીય વિશેષ વિપત્તિમાં ધકેલવા માટે અહીં આવ્યા છો.' પરંતુ ભીમને બહુ જ વિનયથી ચુપ કરાવતાં અર્જુને સરળતાભર્યા વિશ્વાસ સાથે ભગવાનને વિનમ્ર શબ્દોમાં કહ્યું – 'આ શું કહો છો પ્રભો! આપની પ્રત્યેક ક્રિયામાં મંગળ છુપાયેલું છે, એમાં મારો દૃઢ વિશ્વાસ છે. આ આયુધ આપવામાં પણ મારું કોઈ હિત જ છે. હું સંપૂર્ણ નિશ્ચિન્ત છું. આપ મારા સર્વસ્વ છો. આપે જ આ યજ્ઞના અનુષ્ઠાનની પ્રેરણા તેમજ એની નિર્વિઘ્ન સમાપ્તિનું વચન આપ્યું છે. આપ જેમ યોગ્ય સમજો, તેમ કરો.'

ભગવાન શ્રીકૃષ્ણ ચુપ હતા. તેમને પોતાની ઉપર આધાર રાખતા અર્જુનની ચિંતા હતી. તેઓ બોલી ન શકતા હતા. અર્જુને ફરીથી કહ્યું – 'પ્રભો! સવાર થઈ ગયું. યુદ્ધનો સમય આવવા જ માગે છે. હવે આપની શી આજ્ઞા છે?'

ભગવાને કહ્યું – 'આવો, શ્રીશંકરજીની પાસે જઈએ. તેઓ કોઈ યુક્તિ વિચારીને બતાવી શકે છે.' તેઓ બન્ને ભગવાન શંકરજીની પાસે ગયા. ત્યાં શ્રીકૃષ્ણે કહ્યું – 'ભગવન્! પ્રવીરની પત્નીની ભક્તિ પર મુગ્ધ થઈને મેં પોતાની કૌમોદકી ગદા તથા ચક્ર પણ તેના પતિના માટે આપી દીધાં. તે જ્યાં સુધી પ્રવીરની પાસે રહેશે, યુદ્ધમાં તેને કોઈ મારી શકશે નહિ. હવે અર્જુન કેવી રીતે વિજયી થાય, એનો ઉપાય જાણવા માટે અમે બન્ને આપની સેવામાં આવ્યા છીએ.'

શ્રીશંકરજી બોલ્યા – 'સર્વજ્ઞ થઈને પણ આપે તેને વરદાન કેમ આપી દીધું?' શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો – 'જે પ્રકારે તેની ભક્તિ પર મુગ્ધ

થઈને આપ રાત્રિમાં કૈલાસ ચાલ્યા આવ્યા, તે જ પ્રકારે ભક્તિથી વિવશ થઈને મારે પણ વરદાન દેવું પડ્યું.'

ભગવાન શંકરે ધીરે-ધીરે કહ્યું – 'હું પણ મોટી સમસ્યામાં પડી ગયો છું. પેલી બાજુ પ્રવીરની માતા જુન્હાની આરાધનાથી સંતુષ્ટ થઈને શ્રીગંગાજી પ્રવીરના પક્ષમાં ત્રિશૂળ લઈને અર્જુન સાથે યુદ્ધ કરવા માટે આગ્રહ કરી રહી છે. આ બાજુ આપનો અનુરોધ છે. આવી દશામાં મેં નિશ્ચય કરી લીધો છે કે હું કોઈ પણ પક્ષ તરફથી યુદ્ધભૂમિમાં ઊતરીશ નહિ.'

નિરાશાભર્યા શબ્દોમાં ભગવાને અર્જુનને કહ્યું, – 'ભાઈ અર્જુન! મારી પહોંચ તો અહીં સુધી હતી અને આમણે સ્પષ્ટ ઉત્તર આપી દીધો. હવે શું કરવું?' અર્જુને ઉત્તર આપ્યો – 'મહારાજ! હું તો કંઈ નથી જાણતો. હું માત્ર એટલું જ જાણું છું કે આપ જે કંઈ કરશો તેમાં જ મારું જરૂર હિત હશે. હા, યુદ્ધનો સમય નજીક આવી રહ્યો છે.'

ભગવાને એક ક્ષણ વિચાર કર્યો અને પછી તેઓ અર્જુનની સાથે ભગવતી ઉમાની પાસે ગયા. ત્યાં તેમણે શ્રીયુધિષ્ઠિર મહારાજના અશ્વમેધ-યજ્ઞાનુષ્ઠાન તેમજ પ્રવીરની બાધા તથા પોતાના બન્ને આયુધો અને વરદાન આપવાની વાત પણ સંભળાવી અને અર્જુનના વિજયની યાચના કરતાં કહ્યું કે 'જો આપ રણભૂમિમાં મોહિની રૂપમાં આવીને તેની પાસેથી આયુધો લઈ લો તો અમે બન્ને નિશ્ચિંત થઈ જઈએ.' ભગવતી ઉમાએ 'તથાસ્તુ' કહી દીધું. શ્રીકૃષ્ણ તો આ જ ચાહતા હતા. અર્જુનની સાથે પાછા ફર્યા.

અર્જુન યુદ્ધભૂમિમાં પહોંચ્યા તો તેમણે જોયું – પ્રવીર પોતાની વિશાળ સેનાની સાથે યુદ્ધની પ્રતીક્ષા કરી રહ્યો છે. યુદ્ધ પ્રારંભ થવાની જ વાર હતી, કે પ્રવીરે પોતાની આંખોની સામે આકાશમાં એક નવયૌવનસમ્પન્ના અપૂર્વ લાવણ્યવતી સુન્દરીને જોઈ. વિશ્વમાં આવી સુંદરતા હોય છે, એની તેને કલ્પના પણ ન હતી. ભગવાનની અઘટન-ઘટના-પટીયસી માયાએ જિતેન્દ્રિય ભક્ત પ્રવીરની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કરી દીધો અને તે એક વિષયી કામાસક્ત મનુષ્યની માફક પેલી દેવી પાસે પ્રેમ-યાચના કરવા લાગ્યો. માયાનો આવો જ મહિમા છે.

પરમ સુંદરી દેવીએ કહ્યું – 'યુદ્ધભૂમિમાં પ્રેમની વાત નકામા બકવાસ જેવી લાગે છે. જો તમે સાચેસાચ પ્રેમદાન ચાહતા હો તો પોતાનાં આયુધ ફેંકી દો.' માયામોહિત પ્રવીર આ સમયે મૂઢ બની ગયો હતો. તેણે શ્રીકૃષ્ણે પ્રદાન કરેલાં બન્ને આયુધો ફેંકી દીધાં. ભગવતી તેમને ઊંચકીને તરત અંતર્ધાન થઈ ગઈ. માયાનો પડદો ખસી ગયો, પ્રવીરની આંખો ઊઘડી તો તેણે મનમાં ને મનમાં પસ્તાવો કરતાં કહ્યું કે 'મેં શું અનર્થ કરી નાખ્યો!'

છેવટે તેણે વિચાર કર્યો – કદાચ આ કાર્ય ભગવાને જ કર્યું છે. પ્રેમપૂર્વક રોષ પ્રગટ કરીને તેણે ભગવાનને કહ્યું – 'પ્રભો! તે અસ્ત્રો જો માયા કરીને લઈ જ લેવાં હતાં તો આપે આપવાનું નાટક શા માટે કર્યું?' ભગવાને જવાબમાં કહ્યું – 'પ્રિયવર પ્રવીર! મેં અસ્ત્રો લીધાં નથી. જો મારે જ તેમને લેવાં હોત તો હું આપત જ શા માટે?' પ્રવીર તરત બોલી ઊઠ્યો – 'પ્રભો! જો આવી વાત છે તો આપના માટે અર્જુનને સહાય કરવી યોગ્ય નથી. હું પણ આપને પોતાના પ્રાણોથી અધિક માનું છું. આપના ચરણોમાં મારો અનુરાગ ઓછો નથી.'

પ્રવીરની વાત સાંભળતાં જ અર્જુને કહ્યું – 'પ્રભો! મેં આપને યુદ્ધમાં મદદ આપવા માટે બોલાવ્યા છે. પ્રવીરમાં શક્તિ ન હોય તો અશ્વ છોડી દે.' પ્રવીરે રોષપૂર્વક ઉત્તર આપ્યો – 'અશ્વ મેં છોડવા માટે નથી પકડ્યો. પછી શું હતું – બંને તરફથી ઘનઘોર બાણોની વર્ષા થવા લાગી. આકાશ તીક્ષ્ણ બાણોથી છવાઈ ગયું, પરંતુ અર્જુનનું કશું ન ચાલ્યું, તેઓ પરાજિત થવા લાગ્યા.

ભગવાને કહ્યું – 'પ્રવીરના પ્રભાવને જોઈ લે. મારી મદદ હોવા છતાં પણ તે તને પરાજિત કરી રહ્યો છે.' સતત બાણવર્ષા કરતા અર્જુને જવાબ આપ્યો – 'પ્રભો! માટે તો મેં આપને બોલાવ્યા છે. હવે હું આપની કૃપાથી આને હમણાં પરાજિત કરી દઉં છું.'

અર્જુને પોતાનાં તીક્ષ્ણ બાણો ચલાવ્યાં, પરન્તુ પ્રવીરે તેમના વચમાં જ ટુકડે-ટુકડા કરી દીધા. અર્જુન જે પણ અસ્ત્ર ક્રોધિત થઈને ચલાવતા,

પ્રવીર તેને જ નષ્ટ કરી દેતો, પરન્તુ છેવટે તે દિવસે અર્જુને પ્રવીરને પરાજિત કર્યો.

પ્રવીરે રોષપૂર્વક કહ્યું – 'અર્જુન! આને હું આપનો નહિ, પરંતુ પ્રભુનો વિજય માનું છું. પ્રભુ વિના આપ મને પરાજિત કરી દો તો હું આપને વીર સમજું.' અર્જુન બોલ્યા – 'મેં જ્યારે ભગવાનને બોલાવ્યા છે, તો તેમને શા માટે છોડું? તારે યુદ્ધ ન કરવું હોય તો પાછો ચાલ્યો જા.'

અર્જુનની આ વાત સાંભળતાં જ ભક્ત પ્રવીરે કહ્યું – 'સ્વામિન્! આપ તો સૌના છો, પછી યુદ્ધભૂમિમાં આ પક્ષપાત કેવો! એ જ ક્ષણે તેણે પ્રભુનું વિશ્વમોહન સ્મિત જોયું. પછી શી વાત હતી! તેમને સંતુષ્ટ જોઈને પ્રવીરે અર્જુનના રથમાંથી ખેંચીને તેમને પોતાના રથ પર બેસાડી દીધા. ભગવાને લગામ લઈ લીધી. અત્યંત ગર્વની સાથે પ્રવીરે કહ્યું – 'અર્જુન! હવે મનભરીને યુદ્ધ કરી લો. હવે આપને જીવ લઈને ભાગવું પડશે અથવા હંમેશના માટે અહીં રણભૂમિમાં શયન કરવું પડશે.'

પ્રવીરને કોઈ પણ જવાબ ન આપીને અર્જુને ભગવાનને કહ્યું 'ભગવન્! હું આપના વિના નથી જીવી શકતો. આપ મારા રથ પર આવી જાઓ. આપને મેં બોલાવ્યા છે.' આ સાંભળીને ભગવાને અર્જુનના રથ પર આવીને ઘોડાઓની લગામ સંભાળી લીધી.

ઉદાસ થઈને પ્રવીરે કહ્યું – 'પ્રભો! કમ-સે-કમ એક યુદ્ધમાં તો આપ મારા સારથિ બન્યા હોત!' પછી તેણે અર્જુનને કહ્યું – 'આજે હું આપનું પુરુષત્વ જોઈશ.'

અર્જુન બહુ સાવધાનીથી પોતાનાં તીક્ષ્ણ બાણોની વર્ષા કરવા લાગ્યા; પરંતુ પ્રવીર સાધારણ વીર ન હતો. તેની સામે અર્જુન વિચલિત થવા લાગ્યા. એ જ વખતે ભગવાન બોલી ઉઠ્યા – 'મારી સહાય મેળવીને પણ તમે વિજય પ્રાપ્ત કરી નથી રહ્યા?' પ્રબળ આગ્નેયાસ્ત્ર ફેંકતા અર્જુને કહ્યું – 'મહારાજ! થોડી ધીરજ રાખો, હું એને હમણાં પરાજિત કરું છું.'

પરંતુ તેઓ સફળ રહ્યા નહિ. અન્ય કેટલાય દિવ્યાસ્ત્રોના પ્રયોગથી પ્રવીર પરાજિત થયો, પરંતુ તેણે અર્જુનને ફટકારતાં કહ્યું – 'બીજાંઓના

બળ પર યુદ્ધ કરનારા શૂરવીર નથી કહેવાતાં – ભગવાન વિના આપ મને પરાજિત કરી શકો, એવા સામર્થ્યનો આપનામાં અંશ પણ નથી.'

પછી તેણે ભગવાનને કહ્યું – 'પ્રભો! આપ અમારા બેઉના છો. આપ હવે અર્જુનનો રથ હાંકવાનું છોડીને નિષ્પક્ષભાવથી અમારા બેઉનું યુદ્ધ-કૌશલ્ય જુઓ, પછી આપ સમજી લેશો કે વાસ્તવમાં વીર યોદ્ધા કોણ છે અને આજે અર્જુન પણ યુદ્ધનો સ્વાદ ચાખી શકશે.'

ભગવાન હસવા લાગ્યા. ભક્તવર પ્રવીરે ભગવાનને સંતુષ્ટ જાણીને ફરીથી તેમને અર્જુનના રથમાંથી ખેંચી લીધા અને પાસેના જ તાડવૃક્ષની સાથે બાંધી દીધા. પછી તેણે અર્જુનને કહ્યું – 'અર્જુન! હવે આપ પોતાની વીરતાનો પરિચય આપો. હવે હું આપને યુદ્ધ કરવાનું ફળ ચખાડું છું.' પરંતુ અર્જુને કરુણ નેત્રોથી ભગવાનની તરફ જોતાં કહ્યું – 'પ્રભો! શું મેં આપને આ માટે જ બોલાવ્યા હતા? કૌરવોની સભામાં જ્યારે મહાબળવાન યોદ્ધાઓ પણ આપને ન બાંધી શક્યા, ત્યારે અહીં આપ કેવી રીતે બંધાઈ ગયા? હું વ્યાકુળ થઈ રહ્યો છું, દેવ! આપ શીઘ્ર આવો, મારા રથની લગામ સંભાળો.' **જેમના એક નામથી સર્વ બંધનો કપાઈ જાય છે, એ જ અચિન્ત્યશક્તિ ભગવાન આજે પોતાના પ્રેમી ભક્તની પ્રેમ-દોરથી બંધાયા છે, પરંતુ બીજી તરફ પણ એવો જ ભક્ત છે. તેની દીન વાણી પણ ભગવાનને ખેંચી રહી છે.** ભગવાન અર્જુનની દીન વાણી સાંભળતાં જ દોર તોડાવીને તેના રથ પર આવીને બેસી ગયા અને રથ હાંકવા લાગ્યા. ભગવાનની આજે વિચિત્ર દશા છે. તેઓ પ્રેમી ભક્તોની ખેંચાતાણીમાં પ્રેમમય થઈને આશ્ચર્યયુક્ત ક્રીડા કરી રહ્યા છે.

પ્રવીરથી ન રહેવાયું. તેણે ફરીથી ભગવાનને કહ્યું – 'પ્રભો! મોટું આશ્ચર્ય છે. થોડીક ક્ષણ પણ તટસ્થ થઈને આપે બન્ને ભક્તોનું યુદ્ધ અને વીરત્વ તો જોયું હોત! પરન્તુ જેવી આપની ઇચ્છા!' તેણે પુનઃ અર્જુનને સંબોધિત કરીને કહ્યું – 'વીરતા નામની કોઈ વસ્તુ આપનામાં નથી. બીજાઓને આધારે વીરોને પરાજિત કરવાનો પ્રયત્ન તો રણભૂમિમાં ઘણો જ અશોભન છે.' અને તેણે રોષમાં આવીને એટલા તીક્ષ્ણ બાણો

તેમજ દિવ્યાયુધોની વર્ષા કરી કે અર્જુન વ્યાકુળ થઈ ઉઠ્યા અને તેમની સમગ્ર સેના ક્ષત-વિક્ષત થઈને વેરવિખેર થઈ ગઈ. અહીં પણ ભગવાનની જ લીલા કાર્ય કરી રહી હતી.

એના પર આશ્ચર્ય પ્રગટ કરતાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું – 'જ્યારે એક પ્રવીરની સામે જ તમારી આ દશા છે, ત્યારે તમે બીજા યોદ્ધાઓની સામે શું કરી શકશો?' અર્જુને તરત પોતાની ભાગી જતી સેનાને ક્ષત્રિયોની વીરગતિ તેમજ તેમની મર્યાદાનું ભાન કરાવીને યુદ્ધના માટે પ્રોત્સાહિત કરી. વિશાળ સેના ફરીથી પૂરી તાકાતથી પ્રવીરની સેના પર તૂટી પડી. અર્જુન પણ પોતાના બાણોની અપૂર્વ વર્ષામાં તલ્લીન થઈ ગયા. બન્ને પક્ષો પોતાના વિજયના માટે શક્તિ-પ્રયોગ કરી રહ્યા હતા. આ પ્રકારે થતાં-થતાં છેવટે આજે પ્રવીર હારી ગયો અને અર્જુનનો વિજય થયો.

કિન્તુ વીર પ્રવીરને જરાક પણ ચિન્તા ન હતી. તેણે ફરીથી અર્જુનને ધમકાવીને કહ્યું – 'અર્જુન! આપ સાચા વીરત્વનો સ્વીકાર કરો. જો શ્રીકૃષ્ણ વિના આપ યુદ્ધ કરો તો આપને પ્રાણ રક્ષવામાં પણ મુશ્કેલી થઈ જાય.' પછી તેણે ભગવાનને કહ્યું – 'સ્વામિન્! હું પણ આપનો ભક્ત છું, પરન્તુ આજે આપ હજી પણ અર્જુનમાં અને મારામાં અંતર સમજો છો. એમ કેમ કરો છો, નાથ! મને આપની પાસેથી મોટી આશા છે.'

ભગવાન હસી પડ્યા. પ્રવીરે તેમને પોતાની અનુકૂળ સમજીને તરત ખેંચી લીધા અને પાસેના જ તાડવૃક્ષની સાથે ફરીથી બરાબર તાણીને બાંધતાં કહ્યું – 'પ્રભો! હવે તો પ્રતિજ્ઞા કરો કે કોઈનો પણ પક્ષ ન લઈને નિષ્પક્ષ-ભાવથી યુદ્ધ જોઈશ!!' પ્રભુએ હસતાં-હસતાં મૌન સ્વીકૃતિ આપી દીધી.

પછી શી વાત હતી, પ્રવીર ઝડપથી કૂદીને પોતાના રથ પર જઈ ચઢ્યો અને શર-સંધાન કરતાં બોલ્યો – 'પાર્થ! હવે આપ પ્રાણ બચાવીને ભાગવા અથવા હંમેશના માટે અહીં સૂઈ જવાને તૈયાર થઈ જાઓ.' પ્રભુ પ્રતિજ્ઞાબદ્ધ થઈ ચુક્યા છે. બંધાયેલા પ્રભુ હસી રહ્યા હતા; જાણે આજે તેમને પોતાની આ વિવશતામાં જ આનંદ મળી રહ્યો છે. પરન્તુ અર્જુન પ્રભુની તરફ જોઈ રહ્યા હતા. તેમણે કહ્યું – 'દેવ! આ કઈ

લીલા કરી રહ્યા છો. મારા પ્રાણોનું આવી બન્યું છે. હવે હું અધીર થઈ ગયો છું. કૌરવ-યુદ્ધના સમયે આપે મારી રક્ષા માટે શસ્ત્રગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા કરી હતી; પરન્તુ ભક્તના માટે તેને તોડી દીધી. તે જ આપનો પ્રાણપ્રિય અર્જુન મરવા માગે છે, માટે આજે ફરીથી પ્રતિજ્ઞા તોડો અને સત્વરે આવીને મારી રક્ષા કરો.' ભગવાન તરત અર્જુનના રથ પર પ્રગટ થઈ ગયા. તેઓ તેમ જ હસી રહ્યા હતા.

પ્રવીરે વ્યાકુળ થઈને કહ્યું – 'પ્રભો! આ આપે શું કર્યું? આપે પોતાની પ્રતિજ્ઞા પણ તોડી દીધી.' ભગવાને તરત કહ્યું – 'મેં તો કોઈ પ્રતિજ્ઞા નહોતી કરી.'

ભક્ત પ્રવીરે પ્રણય-રોષથી કહ્યું – 'પ્રભો! આપ અસત્ય બોલશો તો સંસારની શી દશા થશે. આપે પ્રતિજ્ઞા કરી હતી કે હું ચુપચાપ યુદ્ધ જોઈશ; પરન્તુ આપ ફરીથી અર્જુનના રથ પર આવીને બેસી ગયા.'

ભગવાને કહ્યું – 'જેણે પ્રતિજ્ઞા કરી હતી, તેને કહો ભાઈ!' પ્રવીરે તાડવૃક્ષની તરફ જોયું તો ભગવાન ત્યાં જ બંધાયેલા ઊભા હતા. તેણે એક વાર તાડવૃક્ષ અને એકવાર અર્જુનના રથની તરફ જોયું. હવે એક જ ભગવાનનાં બે રૂપો થઈ ગયાં હતાં. પ્રવીરે અર્જુનને કહ્યું -- 'અર્જુન! આપ ઘણા ધન્ય છો અને આપનાં માતા-પિતા સઘળાં ધન્ય છે; જેમના માટે ભગવાનને બે રૂપો ધારણ કરવાં પડ્યાં.'

પછી પ્રવીર તાડવૃક્ષ સાથે બંધાયેલા ભગવાનને જોવા લાગ્યો. તેના હૃદયમાં છુપાયેલો પ્રેમસમુદ્ર પ્રગટ થઈને ઊભરાવા લાગ્યો. તે પોતાની જાતને ભૂલી ગયો. ભગવાનની નિત્ય નવ-નવાયમાન સુર-મુનિ-મનમોહિનીરૂપ માધુરીએ પ્રવીર પર એવો વિલક્ષણ જાદુ કર્યો કે પ્રવીરનું બાહ્ય-જ્ઞાન સર્વથા લુપ્ત થઈ ગયું. તે અલૌકિક રૂપ-સુધા-સાગરમાં ડૂબી ગયો.

આ જ સમયે ભગવાને કહ્યું – 'પાર્થ! તમે અતિ શીઘ્ર પ્રવીરનું મસ્તક ઉતારી લો.' અર્જુન બોલ્યા – 'પ્રભો! પ્રવીર યુદ્ધ છોડીને આપના ધ્યાનમાં તલ્લીન છે, આવી અવસ્થામાં એને મારવો ધર્મવિરુદ્ધ છે.' ભગવાન તરત બોલી ઉઠ્યા – 'અર્જુન! મારા ભક્ત પ્રવીરને યુદ્ધમાં

સમ્મુખ મારી શકવાનું સામર્થ્ય કોનામાં છે? આ મારી ઈચ્છા છે કે મારો ભક્ત મારા ધ્યાનમાં નિમગ્ન રહેતાં જ મારા પરમ ધામમાં પહોંચી જાય. મારી આજ્ઞા છે, તમે એને મારી નાખો. તમને પાપ લાગશે નહિ.'

અર્જુને એક અત્યંત તીક્ષ્ણ અર્ધચન્દ્રાકાર દિવ્ય બાણ છોડ્યું, જેનાથી પ્રવીરનું મસ્તક કપાઈને ઉછળ્યું અને ભગવાનના ચરણોમાં જઈ પડ્યું.

તેમાંથી એક પરમ નિર્મળ જ્યોતિ નીકળી અને તે શ્રીભગવાનના મંગલમય શ્રીવિગ્રહમાં સમાઈ ગઈ. પ્રવીરનો પ્રાણાન્ત થતાં જ તેની વધી-ઘટી સેના ભાગી ગઈ. માહિષ્મતીમાં શોક છવાઈ ગયો.

પ્રવીરના મૃત્યુના સમાચાર સાંભળીને તેના પિતા વિલાપ કરવા લાગ્યા, અને પુત્ર-શોકમાં રોતી-રોતી, પરંતુ પુત્રની વીર તથા ભક્ત-ગતિથી ગર્વિતા તેની માતાએ કહ્યું – 'બેટા! તું અર્જુનના બાણથી કપાઈને પ્રભુના ધામમાં ગયો અને હું વીર ક્ષત્રિયકુમારની માતા સિદ્ધ થઈ. મારો જન્મ સફળ થયો.'

એ વખતે જ ભગવાન આવી પહોંચ્યા. તેમણે વિલાપ કરતી જુન્હાદેવીને કહ્યું – 'આપ ચિંતા ન કરો. જો કહો તો પ્રવીરને પુનઃ જીવિત કરી દઉં.' જુન્હાદેવીએ કહ્યું – 'પ્રભો! આપની સમ્મુખ મૃત્યુ પામીને ફરીથી કોણ જીવિત થવા માંગશે? પરંતુ હું ચાહું છું કે અમ દમ્પતીને પણ તે જ ગતિ પ્રાપ્ત થાય, જે આપે પુત્રને આપી છે!'

ભગવાને 'તથાસ્તુ' કહેતાં કહ્યું – 'હવે મહારાજ નીલધ્વજ અર્જુનને આદરપૂર્વક વિદાય કરે તથા યુધિષ્ઠિર મહારાજના અશ્વમેધયજ્ઞમાં નિયત સમયે ભેટની સાથે ઉપસ્થિત થાય, ત્યાં પુનઃ મારાં દર્શન થશે.' અને પ્રભુ અંતર્ધાન થઈ ગયા.

ભગવાનના આદેશાનુસાર નીલધ્વજે અર્જુનને અત્યન્ત સત્કારપૂર્વક વિદાય કર્યા અને તેઓ ભગવાનના ભજનમાં પરોવાઈ ગયા. પતિવ્રતા મદન-મંજરી પણ પતિની સાથે સતી થઈને ભગવાનના પરમધામમાં પહોંચી ગઈ.



સંસાર-વાટિકા

कुरङ्गमातङ्गपतङ्गभृङ्ग-
मीना हताः पञ्चभिरेव पञ्च।
एकः प्रमादी स कथं न हन्यते
यः सेवते पञ्चभिरेव पञ्च॥

'હરણ, હાથી, પતંગિયું, ભમરો અને માછલી – આ પાંચ જીવો પાંચેય વિષયોમાંથી એક-એક દ્વારા માર્યા જાય છે, તો પછી જે પ્રમાદી માણસ એકલો જ પોતાની પાંચેય ઇન્દ્રિયોથી પાંચેય વિષયોનું સેવન કરે છે, તે શા માટે માર્યો નહિ જાય.'

આથી મનુષ્યોને માટે ઉચિત છે કે વિષયોથી મન-ઇન્દ્રિયોનો સંયમ કરીને તેમને પરમાત્માની તરફ લગાવે. આ વિષયમાં એક દૃષ્ટાન્ત છે – એક ચક્રવર્તી રાજા હતા. એકવાર તેમણે એવી ઘોષણા કરી કે જે કોઈ મનુષ્ય કાલે મારાં દર્શન કરી લેશે, તેને હું યુવરાજપદ આપી દઈશ. હું પોતાના જે બગીચાના બંગલામાં નિવાસ કરું છું, તે કાલે આખો દિવસ બધાના માટે ઉઘાડો રહેશે. મારી પાસે કોઈ પણ મનુષ્ય આવી શકે છે. કોઈ માટે પણ કોઈ રોકટોક રહેશે નહિ. પ્રત્યેક મનુષ્યને બગીચામાં સહેલ કરવા માટે માત્ર બે કલાકનો સમય આપવામાં આવશે. કોઈ પણ વ્યક્તિ બે કલાકથી વધારે રહી શકશે નહિ. બગીચામાં પ્રવેશ થયા પછી મારી પાસે પહોંચવામાં તો અડધી મિનિટનો સમય જ પૂરતો છે, કારણ કે ત્યાંના રસ્તાઓ બહુ જ સુગમ અને સુલભ છે. આથી જે મનુષ્ય નિયત સમયની અંદર મારાં દર્શન કરી લેશે, તેને તો યુવરાજપદ આપી દેવામાં આવશે અને જે બગીચામાં જ રમતો રહેશે, તેને ત્યાંથી બે કલાક સમાપ્ત થતાં જ બહાર કાઢવામાં આવશે.

આ જાહેરાતનો રાજ્યમાં સર્વત્ર પ્રચાર કરી દેવામાં આવ્યો. પછી તો વાત જ શી હતી, સૌ લોકો પ્રાતઃકાળ થતાં જ બગીચામાં ધડાધડ પ્રવેશ કરવા લાગ્યા. બગીચાના દરવાજા પર જ પ્રબંધકર્તાનું કાર્યાલય હતું. તે પ્રબંધકર્તા જે પણ વ્યક્તિ બગીચાની અંદર પ્રવેશ કરતો તેને એક ટિકિટ આપી દેતો અને તેની એક નકલ પોતાની પાસે રાખી લેતો. આ રીતે લોકો ટિકિટ લઈને અંદર જવા લાગ્યા. બગીચામાં જઈને કેટલાક જણ તો વિવિધ પ્રકારનાં ચમેલી, કેવડો, ગુલાબનાં ફૂલોને સૂંઘતા શીતળ, મંદ, સુગંધિત હવામાં સહેલ કરવા લાગ્યા. કેટલાક તો તેમની આગળ પહોંચીને મેવા અને મધુર ફળ તોડી-તોડીને ખાવા લાગ્યા. કેટલાક તેમનાથી પણ આગળ જઈને સરકસ, બાયસ્કોપ, સિનેમા, અજાયબ-ઘર, ખેલ-તમાશા વગેરે તથા રત્નોના ઢગલાઓ અને સોના-ચાંદીના વિવિધ પ્રકારના સિક્કાને તેમજ બીજાં પણ અનેક પ્રકારના પહેલાં ક્યારેય પણ નહિ જોયેલા પદાર્થોને જોવા લાગ્યા. કેટલાક લોકો તેમનાથી આગળ વધીને પુષ્પોની શય્યા પર શયન કરતી સ્ત્રીઓની સાથે રમણ કરવા લાગ્યા અને કેટલાક મનુષ્યો તો તેમનાથી પણ આગળ વધીને ગ્રામોફોન-રેડિયો વગેરેનાં ગાયન સાંભળવા લાગ્યા. આમ તે લોકો બગીચામાં એશ-આરામ, ભોગોમાં ફસાઈને રાજાના દર્શનથી નિરાશ થઈ ગયા અને અજ્ઞાનવશ થઈને આ જ વિચારવા લાગ્યા કે અમને લોકોને રાજાનાં દર્શન ક્યાંથી? તેમનામાંથી થોડાઘણા જે વિરક્ત પુરુષ હતા, જેમનાં મન-ઈન્દ્રિયો વશમાં હતા, તેઓ તે એશ-આરામ, સ્વાદ-શોખનો તિરસ્કાર કરીને મહારાજની પાસે જઈ પહોંચ્યા અને તેમને મહારાજ સાહેબે યુવરાજપદ આપી દીધું.

પ્રબંધકર્તા તરફથી તે બગીચામાં ઘણા જ સિપાઈઓ ઘૂમતા હતા. તેઓ જે માણસનો સમય પૂરો થઈ જતો હતો તેની ટિકિટ લઈને તેને બગીચામાંથી બહાર કરી દેતા હતા. જે ભાઈ પુષ્પોની સુગંધ લેતો હવા ખાતો હતો, તે કહેતો – 'થોડીવાર અમને હજી રહેવા દો.' કિન્તુ સિપાઈઓ ગોઠવીને મુકરર કરવામાં આવ્યા હતા. કોઈ પણ આદમી

એક મિનિટ પણ વધારે કેવી રીતે રહી શકે! સિપાઈઓ તેને બળજબરીથી બહાર કાઢી મૂકતા હતા. જે લોકો મેવા અને મધુર-મીઠાં ફળો તોડી-તોડીને ખાઈ રહ્યા હતા, તેઓ સિપાઈઓને કહેવા લાગ્યા કે – 'ભાઈ! અમને બે મિનિટ હજી વધારે રહેવા દો. અમે જે મેવા અને મીઠાં ફળો તોડ્યાં છે, તેમની ગાંસડી તો બાંધી લઈએ.' સિપાઈઓએ કહ્યું – 'અહીંથી કોઈ કશું પણ બાંધીને લઈ જઈ શકતું નથી. જે કંઈ તમે ખાઈ લીધું, તે જ તમારું છે.' એમ કહીને તેમની ગાંસડી-પોટલી છીનવી લીધી અને તેમને બહાર કાઢી મૂક્યા. જેઓ ખેલ-તમાશા, સિનેમા જોઈ રહ્યા હતા તેઓ તો ત્યાંથી ઊઠવા જ માગતા ન હતા.

પરંતુ ત્યાં કોઈ એક મિનિટ પણ વધારે કેવી રીતે રહી શકે? સિપાઈઓ તેમને ધક્કા મારીને બળપૂર્વક બહાર કાઢવા લાગ્યા. કેટલાકે તો રૂપિયા, મહોરો અને રત્નોની ગાંસડી બાંધી લીધી. સિપાઈઓએ પૂછ્યું – 'આ શું છે અને તમે આ ગાંસડી કેમ બાંધી છે?' તેમણે જવાબ આપ્યો કે – 'આમાં રૂપિયા, મહોરો તથા રત્નો છે, અમે એમને પોતાની સાથે લઈ જઈશું.' સિપાઈઓ તેમને દંડા મારવા લાગ્યા અને કહેવા લાગ્યા – 'મૂરખાઓ! આનાં તમે માત્ર દર્શન જ કરી શકો છો, અહીંથી કોઈ પણ આદમી એક પાઈ પણ પોતાની સાથે નથી લઈ જઈ શકતો.' તે લોકોને બાંધેલી ગાંસડી છોડવામાં ઘણું દુઃખ થતું હતું, પરંતુ ઉપાય પણ શો? બાધ્ય થઈને છોડવું જ પડ્યું. જે લોકો ફૂલોની સેજ પર સૂઈને સ્ત્રીઓની સાથે રમણ કરી રહ્યા હતા, તેઓ તો કોઈ પણ પ્રકારે બહાર જવા માગતા ન હતા; પરંતુ નિયમવિરુદ્ધ એક ક્ષણ પણ ત્યાં કેવી રીતે રહી શકે. સિપાઈઓએ તેમને પણ મુદત સમાપ્ત થતાં જ દંડા મારીને બહાર કાઢી મૂક્યા. અને જે ગ્રામોફોન, રેડિયો વગેરે સાંભળી રહ્યા હતા, તેમને તો કંઈ ખબર જ ન રહી કે કેટલો સમય વીતી ગયો છે. સિપાઈઓએ તેમની ટિકિટોના નંબર જોઈને કહ્યું કે – 'ચલો! તમારો સમય થઈ ગયો.' સાંભળનારાઓએ કહ્યું – 'અરે ભાઈ! આ ગાયન તો પૂરું સાંભળી લેવા દો.' સિપાઈઓએ કહ્યું – 'તમારો

સમય સમાપ્ત થઈ ગયો છે, તમે હવે એક ક્ષણ પણ અહીં નહીં રહી શકો.' એમ કહીને તેમને પણ દંડાથી મારીને બળજબરીથી બગીચામાંથી બહાર ધકેલી દીધા.

* * *

આ એક કલ્પિત દૃષ્ટાન્ત છે; આને દાર્ષ્ટાંતરૂપમાં આ પ્રકારે સમજવું જોઈએ કે ચક્રવર્તી રાજા અહીં પરમેશ્વર છે અને તેમનો બગીચો જ આ સંસાર છે. રાજાની જાહેરાત જ શ્રુતિ-સ્મૃતિ આદિ શાસ્ત્ર છે. લોકોનું આવવું-જવું જ સૃષ્ટિ છે. બગીચાના માટે નિયત કરેલો બે કલાકનો સમય જ મનુષ્યનું આયુષ્ય છે. રાજાના દર્શનમાં કોઈના પણ માટે મનાઈ નથી, આ જ મનુષ્યમાત્રના માટે ઈશ્વર-પ્રાપ્તિમાં સ્વતંત્રતાની જાહેરાત છે. યુવરાજપદ જ પરમ નિઃશ્રેયસની પ્રાપ્તિ છે. સુગમ અને સુલભ રસ્તાઓ પર ચાલીને અડધી મિનિટમાં માર્ગ સમાપ્ત કરવો જ ભક્તિ આદિ ઉચ્ચકોટિના સુગમ સાધનો દ્વારા છ મહિનામાં ઈશ્વર-સાક્ષાત્કારનો રસ્તો સમાપ્ત કરવાનો છે. પ્રબંધકર્તા ધર્મરાજ છે. ટિકિટ દેવી જ આયુષ્ય-દાન છે. ટિકિટની નકલ પોતાની પાસે રાખવી જ આયુષ્યનો હિસાબ રાખવાનો છે. બગીચામાં પ્રવેશ કરવો અને પાછા બહાર જવું જ મનુષ્યનું જન્મ-મરણ છે. બગીચામાં પ્રવેશ કરીને જે પુષ્પાદિની સુગંધ લેતાં લેતાં હવા ખાવાની છે, એ જ અહીં ઘ્રાણેન્દ્રિયને વશ થઈને મનુષ્યો દ્વારા પુષ્પમાળા, અત્તર, ફૂલેલ, લવંડર વગેરેની સુગંધમાં પોતાનો સમય બરબાદ કરવો છે. બગીચામાં જે મેવા અને મધુર ફળો ખાવાનું છે, તે જ અહીં રસનેન્દ્રિયને વશ થઈને ભોજન વગેરેના રસાસ્વાદમાં સમય બગાડવો છે. બગીચામાં ખેલ-તમાશા વગેરે જોવા એ જ અહીં ચક્ષુ-ઇન્દ્રિયને વશીભૂત થયેલા મનુષ્યોનો નાશવાન ક્ષણભંગુર આશ્ચર્યમય પદાર્થોને જોઈને પોતાના અમૂલ્ય સમયને નષ્ટ કરવો છે. બગીચામાં સ્ત્રીઓની સાથે ફૂલોની સેજ પર રમણ કરવું વગેરે જ અહીં ત્વચા–ઇન્દ્રિયને વશ થઈને મનુષ્યોનો સ્પર્શાદિ દ્વારા સ્પર્શ કરવા યોગ્ય નાશવંત ક્ષણભંગુર પદાર્થોનો ઉપભોગ કરીને પોતાના જીવનને જોખમમાં નાખવાનું છે.

બગીચામાં ગ્રામોફોન, રેડિયો વગેરે સાંભળવું જ અહીં કર્ણેન્દ્રિયને વશ થઈને મનુષ્યોનો રસની વાતોને સાંભળીને પોતાના જીવનના અમૂલ્ય સમયને નકામો વેડફવો છે. રાજાનાં દર્શનથી નિરાશ થવું જ અહીં પરમાત્માની પ્રાપ્તિમાં શ્રદ્ધાની ઊણપના કારણે થનારી સાધન-સમ્બન્ધી અકર્મણ્યતા છે. બગીચામાં સીધો જ રાજાની નિકટ જનાર જે મન-ઇન્દ્રિયોનો સંયમી વિરક્ત પુરુષ છે, તે જ અહીં પરમ સાક્ષાત્કારરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરવા યોગ્ય ઉચ્ચકોટિનો સાધક છે. બગીચામાં રાજાનાં દર્શન કરવાં જ ભગવત્સાક્ષાત્કાર અને યુવરાજપદ જ પરમપદની પ્રાપ્તિ છે. બગીચામાં દેખરેખ રાખનારા પ્રબંધકર્તાના સિપાઈઓ આ સંસારમાં ધર્મરાજાના દૂતો છે. ટિકિટની મુદત સમાપ્ત થવી જ અહીં મનુષ્યના આયુષ્યની સમાપ્તિ છે. બગીચામાંથી લોકોને બહાર કરી દેવા જ અહીં મનુષ્યોને યમરાજાના હવાલે કરી દેવા છે. બગીચામાં ફળોની અને રૂપિયાની ગાંસડી બાંધવી જ અહીં મરવાના ટાણે અજ્ઞાન અને સ્નેહના કારણે ધન આદિ પદાર્થોનો સંગ્રહ કરવો છે. ઇચ્છા ન હોવા છતાં પણ તેમને સિપાઈઓના દંડા અને ધક્કા મારીને બળપૂર્વક બહાર કાઢી મૂકવા જ અહીં મરવાની ઇચ્છા ન હોવા છતાં પણ યમદૂતોનું બળાત્કારથી પીડા આપીને યમના દ્વાર પર લઈ જવાનું છે. બગીચામાંથી મેવા-ફળ, રૂપિયા વગેરે કોઈ પણ પદાર્થ સાથે ન લઈ જઈ શકવાનું જ આ સંસારના મેવા-મિષ્ટાન્ન, ધન, સ્ત્રી-પુરુષ વગેરે પદાર્થોને અહીં છોડીને જવાનું છે, કારણ કે આ સંસારની કોઈ પણ - સ્હેજ પણ વસ્તુ કોઈ પણ પ્રકારે ન તો આજના પહેલાં કોઈની સાથે ગઈ અને નથી જઈ શકવાની. માટે આ નાશવાન ક્ષણભંગુર પદાર્થોથી અને વિષયોથી વૈરાગ્યપૂર્વક મન-ઇન્દ્રિયોને ખસેડીને પરમાત્મામાં પરોવવાં જોઈએ.



ભગવાન છપ્પર ફાડીને આપે છે

'આપ આખો દિવસ ગીતાપાઠ કરો અને ગીતાના અનુસાર જીવન બનાવવાના પ્રયત્નમાં લાગ્યા રહો, પરંતુ પેટ-પૂજાનું પણ થોડું ધ્યાન તો રાખવું જોઈએ' – નાના ભાઈએ મોટાભાઈને કહ્યું. મોટો ભાઈ નિરન્તર ગીતાપાઠમાં લાગ્યો રહેતો હતો. તેણે સાંભળી લીધું હતું કે 'સંપૂર્ણ ગીતાપાઠની તુલનામાં અર્થ અને ભાવસહિત એક અધ્યાયનો પ્રતિદિન પાઠ કરી લેવો ઉત્તમ છે, ગીતા મુજબ પોતાનું જીવન ઢાળી દેવું, એ તો સૌથી ઉત્તમ છે. ગીતામાં ઘણા-ખરા એવા શ્લોકો છે, જેમનામાંથી કોઈ એક શ્લોકને પોતાના જીવનમાં ઉતારી લેવાથી કલ્યાણ થઈ જાય છે. તે ચારે ભાઈઓમાં આ મોટો ભાઈ ગીતાપ્રેમી હતો. તે ૧૨મા અધ્યાયના ૧૭મા શ્લોકને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. નાનાભાઈની ઉપરોક્ત વાત સાંભળીને પણ તે ચુપ રહ્યો.

'ધનોપાર્જન માટે અમારી માફક આપને પણ શ્રમ કરવો પડશે.' – બીજા નાના ભાઈએ કહ્યું.

'અમે ક્યાં સુધી કમાઈને ખવડાવીશું?' ત્રીજાએ પણ તેનું જ સમર્થન કર્યું.

'સૌથી સારું એ જ છે કે આપ અલગ થઈ જાઓ.' – પહેલા નાના ભાઈએ આવેશમાં કહી દીધું.

'ખરેખર આપની સાથે અમારા લોકોનો નિર્વાહ થઈ શકશે નહિ.' બીજા નાના ભાઈએ વધારે કર્કશ સ્વરમાં કહ્યું.

મોટાભાઈએ ગંભીરતાથી જવાબ આપ્યો –

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः॥

(ગીતા ૧૨/૧૭)

'ભાઈ! આ શ્લોક ગીતાનો છે. અર્જુનને ભગવાન કહે છે કે; 'જે ન તો કદી હર્ષ પામે છે, ન દ્વેષ કરે છે, ન શોક કરે છે, ન કશાયની કામના કરે છે તથા જે શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે – એ ભક્તિયુક્ત માણસ મને પ્રિય છે.' આમ ગીતાભ્યાસીએ શ્લોક સંભળાવ્યો, એ બોલ્યો-ન-બોલ્યો ત્યાં તો –

'ઉપદેશ પોતાની પાસે રાખો. આજે જ આપ જુદા થઈ જાઓ.' – ત્રીજા નાના ભાઈએ જોરથી કહ્યું.

'તમે લોકો મને આલગ કરો છો, આથી ન તો મને કોઈ હર્ષ છે અને ન કોઈ શોક છે' – ગીતાપ્રેમી મોટાભાઈએ શાંતિથી ઉત્તર આપ્યો. 'ન દ્વેષ છે અને ન અલગ થવાની ખેવના પણ છે. હર્ષ, શોક, ઈચ્છા તથા દ્વેષથી રહિત પુરુષ જ પ્રભુનો પ્રિય પાત્ર છે. તમે લોકો જે ઉચિત સમજો એ કરો.'

'અલગ કર્યા વિના એમની અક્કલ ઠેકાણે આવશે નહિ. મજેદાર ઉપદેશ આપીને આનંદપૂર્વક દિવસ વિતાવવા ચાહે છે.' પહેલા નાના ભાઈએ નિશ્ચય સંભળાવી દીધો.

'આપણે લોકોએ ઘણા દિવસો સુધી એમનું પાલન-પોષણ કર્યું. હવે તંગ આવી ગયા' – બીજા નાના ભાઈએ પણ બન્ને ભાઈઓનું અનુમોદન કર્યું.

'હું સહિયારી રહું તો ત્રણેનું ભોજન બનાવવું પડે' – અંદરથી ગીતાભ્યાસીની કર્કશા પત્નીએ જોરથી કહ્યું. 'ત્રણેને અલગ થઈ જવા દો, ચિંતાની કોઈ વાત નથી.'

'અનુકૂળ પરિસ્થિતિ પ્રાપ્ત કરીને જેને હર્ષ નથી થતો, તે જ પ્રભુનો પ્રિય પાત્ર છે.' ગીતાભ્યાસીએ પોતાની પત્નીને પ્રેમથી સમજાવી – 'તારે આ રીતે ન બોલવું જોઈએ. વળી, અલગ થવાનું તો અનુકૂળ પણ નથી;

કારણ કે ભગવાને તને આટલા પ્રાણીઓની સેવાનો અવસર આપ્યો હતો. આ તો તારા સૌભાગ્યની વાત હતી, તારે આના માટે પ્રભુનો પાડ માનવો જોઈતો હતો.'

'આટલાં ઘરેણાં, કપડાં, વાસણો અને રૂપિયા આપનાં ભાગમાં આવ્યાં અને નાનું ઘર આપના રહેવા માટે.' ત્રણે ભાઈઓએ મોટાભાઈની સામે થોડી-ઘણી ચીજો રાખી દીધી. બધા ભાઈઓ જુસ્સામાં હતા. ભાભીની કડવી વાણીએ ક્રોધાગ્નિમાં ઘીનું કામ કર્યું હતું.

'ભગવાનની જેવી ઇચ્છા!' – ગીતાભ્યાસીએ શાંતિપૂર્વક ઉત્તર દીધો. તેની મુખમુદ્રા પહેલાંની માફક જ સ્વાભાવિક પ્રસન્ન અને શાંત હતી. ચિંતાની કોઈ રેખા તેની આકૃતિ પર દેખાતી ન હતી.

* * *

'હજી પણ આપ ચુપચાપ બેઠા છો, કેવી રીતે કામ ચાલશે?' ગીતાભ્યાસીની પત્નીએ કહ્યું. 'ન કાંક્ષતિ' – જવાબ મળ્યો. 'મને કોઈ ધનની વાંછના નથી. આકાંક્ષારહિત વ્યક્તિ જ પ્રભુને પ્રિય છે.'

'રૂપિયા ખર્ચ થઈ ગયા પછી કેવી રીતે કામ ચાલશે?' – ફરીથી પ્રશ્ન થયો.

'ન શોચતિ' – યોગ્ય જવાબ મળ્યો. 'શોક-રહિત પુરુષ પ્રભુનો પ્રિય પાત્ર છે. આથી ગુજરાન માટે મને શોક નથી.' ગીતાભ્યાસીની પત્ની ચુપ થઈ ગઈ.

* * *

'હવે તો મારી પાસે રૂપિયા નથી રહ્યા, શું કરું?' ચિંતિત પત્નીએ એક દિવસ પતિને પૂછ્યું.

'ન કાંક્ષતિ' – તે જ જૂનો જવાબ મળ્યો.

'આભૂષણ તો શરીર પર એક પણ નથી રહ્યું.' દુઃખી પત્નીએ કેટલાક દિવસો પછી ફરીથી કહ્યું. 'સઘળે-સઘળાં પેટનો ખાડો પૂરવામાં સમાપ્ત થઈ ગયાં. હવે તો આપ કંઈ કરો.'

'ન શોચતિ' – પાછો તે જ ચાર અક્ષરોનો જવાબ મળ્યો. સ્ત્રી

નિરાશ થઈ, મનમાં સમસમીને રહી ગઈ.

* * *

'હવે મારી પાસે કંઈ નથી રહ્યું.' રોતાં રોતાં ગીતાભ્યાસીની પત્નીએ કહેવાનું શરૂ કર્યું. 'આપણું મકાન તો વેચાઈ જ ગયું. ઘર ભાડાનું છે. વાસણો બીજાઓ પાસેથી ઉધાર લઈને રસોઈ બનાવી છે. પહેરવા માટે બે કપડાં સિવાય હવે તો આપણી પાસે રૂપિયા-પૈસા, ઘરેણાં-કપડાં, વાસણ-કુસણ અથવા અન્ય કોઈ વસ્તુ રહી ગઈ નથી કે જેનાથી જીવન-નિર્વાહ થઈ શકે. હવે તો કંઈક કામ કરો.' પત્નીએ આશાન્વિત થઈને આગ્રહ કર્યો.

'ન કાંક્ષતિ' – તે જ પુરાણો જવાબ મળ્યો. 'મને કોઈ આકાંક્ષા નથી.'

'તો પછી કામ કેમ ચાલશે?' – આંસુ લૂછતી અધીર નારીએ કહી દીધું.

'ન શોચતિ' - હું શોક નથી કરતો, આવો જ પુરુષ પ્રભુને પ્રિય છે' કહીને ગીતાભ્યાસી મૌન થઈ ગયો.

'ઘણું વિચિત્ર મગજ છે આપનું!' પત્નીએ ખિજાઈને કહ્યું. – 'મને તો આશા હતી કે સર્વ કંઈ સમાપ્ત થઈ ગયા પછી તો આપ કંઈક કરશો જ, પરંતુ 'ન કાંક્ષતિ', 'ન શોચતિ' એનાથી જ ભગવાન સંતુષ્ટ રહે છે – આ બધું સાંભળતાં-સાંભળતાં તો હું હેરાન થઈ ગઈ.'

'હું સાચી વાત કહું છું બ્રાહ્મણી!' ગીતાભ્યાસી કહેવા લાગ્યો. 'આજે જ પ્રાતઃકાળની વાત છે. શૌચથી નિવૃત્ત થઈને જ્યારે હું નદી-કિનારે ગયો તો જોયું કે નદીનું જળ ઉપરથી સુકાઈ ગયું છે, અંદર-અંદર વહી રહ્યું છે; જળના માટે મેં ઘાટના કિનારે જ ખાડો ખોદ્યો તો ત્યાં મણિ-માણેક તથા સુવર્ણ-મુદ્રાઓથી ભરેલો એક ઘડો નીકળી આવ્યો. તે સમયે ભગવાનનું વાક્ય મને તરત સ્મરણ થઈ આવ્યું – 'અનુકૂળની પ્રાપ્તિમાં જે હર્ષિત નથી થતો, તે મારો પ્રિય છે.' આ માટે તે રત્નોના ઢગલાને જોઈને હું જરા પણ હર્ષિત ન થયો.'

ભગવાને 'ન દ્વેષ્ટિ' કહ્યું છે, માટે જ મેં તેનો દ્વેષ પણ ન કર્યો,

તેને બહાર કાઢીને ક્યાંય ફેંક્યું પણ નહિ. તેની મને 'આકાંક્ષા' પણ ન હતી. હું તેને જેમનું તેમ ઢાંકીને પાછો આવી ગયો. તે અનંત ધન-રાશિનો પરિત્યાગ કરીને રજમાત્ર પણ મને શોક નથી. આ પ્રકારે ભગવાનની દયાથી મને ન હરખ થયો, ન દ્વેષ અને ન પસ્તાવો થયો કે ન આકાંક્ષા. તેને હું તો લાવ્યો નહિ, પરંતુ કોઈ લાવીને મને આપી જાય તો હું રાખી લઉં – એવી પણ મારી ભાવના નથી. કારણકે ભગવાને કહ્યું છે – 'જે શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે, એ ભક્તિયુક્ત માણસ મને પ્રિય છે.'

સ્ત્રીએ ખિજાઈને કહ્યું – 'આપને નહિ હોય, મને તો આકાંક્ષા છે.' પંડિતજીએ કહ્યું – 'તારે પણ આકાંક્ષા ન કરવી જોઈએ.'

* * *

'અરે! આ તો કાળો નાગ છે' – ચોંકીને એક ચોરે કહ્યું. 'ગીતાભ્યાસી એકદમ ઠગ છે.' બીજા ચોરે ધીમેથી જવાબ આપ્યો. 'તેણે સમજી લીધું હતું કે આપણે તેના ઘરમાં ઘુસી ગયા છીએ, માટે જ્ઞાન વધારવા લાગ્યો અને આપણને સાપથી દંશ દેવાની દાનતથી જ ઘડામાં હીરા-પન્ના બતાવીને તેણે આપણને દગો દીધો!'

'તેની સ્ત્રી પણ ઓછી ઠગ નથી.' ત્રીજો ચોર તરત બોલી ઉઠ્યો. 'બન્ને જણે મળીને આપણને છેતર્યા છે. સાચેસાચ મારી નાખવાની યુક્તિ જ તે બન્નેએ વિચારી હતી.'

'આ જ યુક્તિ તેમની પર લગાવવામાં આવે.' ચોથાએ સલાહ આપી. નાગની સાથે ઘડો તેમની ઝૂંપડીમાં ફેંકી દેવામાં આવે, બસ, 'ન શોચતિ', 'ન કાંક્ષતિ'નો પૂરો અભ્યાસ થઈ જશે.'

જે સમયે રાત્રે બ્રાહ્મણ પોતાની પત્નીને ઘડાની વાત કહી રહ્યો હતો, તે જ સમયે ચોરો ઘરમાં ઘુસ્યા હતા અને તેમણે તેમની વાતો સાંભળીને ધનના લોભથી નદી કિનારે આવીને ઘડાને બહાર કાઢ્યો હતો અને તેનું ઢાંકણું ખોલતાં જ તેમને ભયંકર કાળો નાગ ફુંફાડો મારતો દેખાઈ પડ્યો, ત્યારે તેમનામાં ઉપર લખેલી વાતચીત થઈ.

ચોથા ચોરની વાતનું બધાએ એક અવાજે સમર્થન કર્યું. ઘડાનું ઢાંકણું બંધ કરીને ચારે ચોરોએ તેને ખભા પર ઉઠાવ્યો. હાંફતા-હાંફતા બધા જ ગીતાભ્યાસીના મકાન પર આવ્યા. ઘરની ઉપર છાપરામાં એક છિદ્ર બનાવીને ત્રણ તો સરકી ગયા. ચોથો ઘડાને મકાનની ઉપરના છિદ્ર ઉપર ઉલટો રાખીને નાસી છુટ્યો.

'અરે, આ જુઓ સોનાની મહોરોનો ઢગલો!' – ગીતાભ્યાસી પંડિતની પત્ની મણિ-માણેક અને સોનામહોરોના અવાજથી જાગી ગઈ. નાગ મણિઓના નીચે દબાઈને પરલોકમાં સિધાવી ચુક્યો હતો. બ્રાહ્મણી હર્ષના અતિરેકથી ઉત્સાહિત થઈ રહી હતી. તેણીએ કહ્યું – 'ભગવાને છપ્પર ફાડીને રત્નોનો ભંડાર મોકલી દીધો.'

'હરખઘેલા ન થવું જોઈએ' – પંડિતજીએ સહજ ભાવથી તરત કહ્યું. 'પ્રિય વસ્તુ પામીને જે હર્ષિત નથી થતો, ભગવાન તેને જ પ્રેમ કરે છે.'

* * *

'અમે લોકો ક્ષમા માગીએ છીએ' – ત્રણે ભાઈઓએ એક દિવસ આવીને લજ્જિત સ્વરમાં કહ્યું.

'હું કોઈનો દ્વેષ કરતો નથી, તમે લોકો તો મારા ભાઈ છો, મને શરમમાં ન નાખો' – ગીતાભ્યાસીએ ઘણી નમ્રતાથી જવાબ આપ્યો.

'મોટાભાઈ!' ત્રણે ભાઈઓનો કંઠસ્વર રુંધાઈ ગયો. તેમને આવા પ્રેમભર્યા શબ્દોની મોટાભાઈ પાસે આશા ન હતી. એકે કહ્યું – 'આપનાથી અલગ થઈને અમારે હંમેશાં ભૂલ જ ભોગવવી પડી છે. લક્ષ્મીદેવીએ ઘર જ ત્યાગી દીધું. અમે બધા દેવાદાર થઈ ગયા છીએ, દાણા-દાણા માટે તલસીને સમાજમાં અપમાનિત તથા કલંકિત જીવન વીતાવી રહ્યા છીએ.'

'અમારું જીવતર બોજો બની ગયું મોટાભાઈ!' – બીજા નાના ભાઈએ કહ્યું.

'શરમના માર્યા અમે લોકો આપની પાસે આવતા ન હતા, પરંતુ મુશ્કેલીઓએ અમને મોકલ્યા છે.' નાના ત્રીજા ભાઈએ કહી દીધું.

'આપ સગા ભાઈ છો.' ફરીથી પહેલો નાનો ભાઈ બોલ્યો.

'આપ પુણ્યાત્મા છો જે હંમેશાં ગરીબોને એટલું ધન છૂટા હાથે વહેંચી રહ્યા છો. અમે તો આપના નાના ભાઈઓ છીએ, અમને ક્ષમા કરો' – બીજાએ માફી માંગતા કહ્યું.

'આ રત્નો-સોનામહોરો આપલોકો લઈ જાઓ.' ગીતાભ્યાસી પંડિતની પત્ની ત્રણે દિયરોના દયાભર્યાં દીન વચનો સાંભળીને પીગળી ગઈ હતી. કેટલાંક રત્નો-સોનામહોરો લાવીને આપતાં બોલી – 'અમને તો ભગવાને છપ્પર ફાડીને દીધું છે, હજી પણ દઈ જશે.'

'ભગવાન આપણને ફરીથી આપી જશે. આવી આકાંક્ષા તારે ન કરવી જોઈએ.' પોતાની પત્નીને ઉદ્દેશીને પંડિતજીએ કહ્યું. આકાંક્ષારહિત માણસ જ ભગવાનનો પ્રિય પાત્ર બને છે.'

'અપરાધના માટે ક્ષમા માગું છું' – પત્નીએ ભૂલને સ્વીકારી લીધી.

'ભાઈ, આપ અમને આપની સાથે રાખી લો' – એક નાના ભાઈએ પ્રાર્થના કરી.

'હા ભાઈ! મોટી કૃપા થશે આપની.' બીજા નાના ભાઈએ પણ આગ્રહ કર્યો.

'આપના પુણ્યથી અમે દેવામાંથી મુક્ત થઈ જઈશું, અમારું બધું દુઃખ દૂર થઈ જશે, ભાઈ!' ત્રીજાએ પણ આગ્રહ કર્યો.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः॥

ગીતાભ્યાસી પંડિતે એ જ પ્રાચીન શ્લોક, જે તેમનો પ્રાણ હતો, ફરી કહ્યો. તમે લોકો મને ફરીથી સંમિલિત કરવા માગો છો, એમાં મને કોઈ પણ પ્રકારની આપત્તિ નથી કે ન હર્ષ પણ છે. જો ફરીથી તમે લોકો મને અલગ કરી દેશો, તો પણ મને શોક થશે નહિ કે ન હું તમારા લોકો પ્રત્યે દ્વેષ રાખીશ, કારણકે હર્ષ, દ્વેષ, શોક, આકાંક્ષા તથા શુભાશુભ કર્મનો પરિત્યાગ કરનાર પુરુષ જ ભગવાનનો સાચો પ્રેમી સમજવામાં આવે છે.

* * *

'આપે પગ મૂકતાં જ આપની કૃપાથી આપણું ઘર અને ઘરનો તમામ સામાન, જે ગીરવી રાખ્યો હતો, છૂટી ગયો. અમે દેવામાંથી છૂટા થઈ ગયા.' – એક દિવસ ચારેય ભાઈઓ ભેગાં થતાં સૌથી નાના ભાઈએ કહ્યું – 'અમારું જીવન આનંદથી વીતી રહ્યું છે.'

'લક્ષ્મીદેવીની આપણી પર ઘણી કૃપા થઈ ગઈ છે.' બીજા નાના ભાઈએ કહ્યું.

'યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ' શ્લોક ગાતી... ગીતાભ્યાસી પંડિતની પત્નીએ આવીને કહ્યું – 'ચાલો, ભોજન તૈયાર છે.'

ભોજન કરવા માટે તૈયાર થતાં ત્રીજા નાના ભાઈએ કહ્યું – 'હવે તો ભાઈ અને ભાભીની માફક અમે લોકો પણ દરરોજ નિયમપૂર્વક ગીતાપાઠ કર્યા કરીશું.'

'ગીતાના અનુસાર જીવન બનાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરીશું.' – સૌથી નાના ભાઈએ કહી દીધું.

'પછી તો આપણું ઘર ભગવાનનું મંદિર બની જશે.' – બીજા નાના ભાઈએ કહ્યું.

'પ્રભુ કરે એવું જ થાય.' – સ્મિત કરતા ગીતાભ્યાસી સૌથી મોટા ભાઈ બોલી ગયા.

(નિવૃત્તિપરક સ્વભાવનું અનુસરણ કરીને આ વાર્તા લખવામાં આવી છે. આ શ્લોકનો અર્થ પ્રવૃત્તિપરક પણ થાય છે અને આ રીતે પ્રત્યેક કર્મશીલ ભક્તના માટે પણ આ શ્લોક આદર્શ છે.)

પરમાનંદની ખેતી

'ભાઈ! આટલે દૂર ક્યાંથી આવ્યા? – સ્વાગત કર્યા પછી પંજાબમાં રહેનાર મિત્રે પૂછ્યું. રાજપૂતાનાથી પંજાબ આવવાનું કોઈ વિશેષ કારણ જરૂર હશે, તેણે સમજી લીધું હતું.

'મારા ત્યાં દુકાળ પડ્યો છે. લોકો દાણા-દાણા માટે તલસી રહ્યા છે અને કેટલાય ભૂખથી તરફડીને પ્રાણ છોડી રહ્યા છે. વ્યાકુળ થઈને હું પરિવારસહિત આપની પાસે આવી ગયો.' રાજપૂતાનાના વૈશ્યે પોતાના મિત્રને સાચી વાત જણાવી દીધી. પોતાના મિત્રની પાસે અનાજનો ઢગલો જોઈને તે મનમાં ને મનમાં પ્રસન્ન પણ થઈ રહ્યો હતો.

'આપ અહીં આવી ગયાં તે બહુ સારું કર્યું. આપનું જ ઘર છે, આનંદપૂર્વક રહો.' – વૈશ્યના મિત્રે ઘણાં પ્રેમથી ઉત્તરમાં કહ્યું.

'આપના ત્યાં તો અનાજના ભંડાર લાગ્યા છે, અમારા દેશમાં તો અનાજ આજકાલ કોઈ ભાગ્યશાળીને જ મળે છે. ત્યાં તો એક-એક દાણા માટે સમડી-કાગડાઓની માફક ખેંચ-તાણ થઈ રહી છે. આપના ત્યાં હજારો મણ અનાજના ઢગલા જોઈને મારા જીવમાં જીવ આવી ગયો' – વૈશ્યે સ્થિતિ સ્પષ્ટ કરી.

'અહીં તો ભગવાનની કૃપાથી અનાજની અછત નથી. આમાં આશ્ચર્યની કોઈ વાત પણ નથી, અહીં તો કોઈ પણ આવે, તેના માટે અન્નની કમી નથી. અહીં આવીને આપે ઘણું સારું કર્યું' – મિત્ર બોલ્યો. તે ચતુર અને અનુભવી ખેડૂત હતો.

'આપની બધી વસ્તુઓ અમારી છે, એમાં તો સંદેહ નથી, પરંતુ હું જાણવા માગું છું કે આટલું અનાજ આપની પાસે આવ્યું ક્યાંથી?' વૈશ્યે ચકિત થઈને પૂછ્યું.

'અમારે અહીં સારી ખેતી થાય છે. તેનો જ આ પ્રતાપ છે.' ખેડૂત-મિત્રે વૈશ્ય બંધુનું સમાધાન કરવા ઈચ્છ્યું. આપ પણ ખેતી કરવા માંડો તો આપની પાસે પણ અનાજના ઢગલા થઈ જશે.'

'ઘણી સુંદર વાંત છે, ખેતીના કાર્યમાં હું પણ જોડાઈ જઈશ. પરંતુ આનો અનુભવ મને નથી. મારી પાસે એક હજાર રૂપિયા છે. આટલાથી ખેતીનો આરંભ થઈ શકે શું?' – વૈશ્યે પૂછ્યું.

એક હજારની મૂડી ઓછી નથી. આટલા રૂપિયાથી ખેતીનું કામ ઘણી સુંદર રીતે આરંભ કરી શકો છો. મારો પૂરો સહયોગ રહેશે જ.' ખેડૂતે સહાનુભૂતિપૂર્ણ શબ્દોમાં પોતાના વૈશ્ય-મિત્રને કહ્યું.

'મને તો આનું કોઈ જ્ઞાન નથી. આપ જેમ ઉચિત સમજો તેમ કરો.' પોતાની બધી મૂડી ખેડૂતના હાથમાં સમર્પિત કરતાં વૈશ્યે જવાબ દીધો.

* * *

'જુઓ, આ બધા ઘઉં તો માટીમાં મળી ગયા. ઘઉંનો એકેએક દાણો સાવ નષ્ટ થઈ ગયો.' અત્યંત નિરાશ થઈને વૈશ્યે કહ્યું. તેણે પોતાના પંજાબી ખેડૂત મિત્રના કોઈ પણ કામમાં બાધા નાખી કરી ન હતી. ખેડૂતે મિત્રની મૂડીમાંથી બીજ વગેરેની વ્યવસ્થા કરાવીને હળ ચલાવી દીધું હતું. બીજ વાવી દીધાં હતાં. પરંતુ અનુભવ વગરનો વૈશ્ય આ બધું જોઈને ચિંતિત થઈ રહ્યો હતો. બે-ત્રણ દિવસો પણ ન વીત્યા કે તે ખેતરમાં જઈને ખોદીને ઘઉંના દાણા જોવા લાગ્યો. તેને ઘણાં બીજના ફણગા ફૂટેલા દેખાયા, આ પરથી સમજ્યો કે મારા બધા રૂપિયા માટીમાં મળી ગયા. અત્યંત દુઃખી થઈને તેણે પોતાના મિત્રને ઉપરની વાત કહી.

'આપના ખેતરમાં અંકુર ફુટવાં શરૂ થઈ ગયાં છે. આપ જરાપણ ચિંતા ન કરો. બીજનાં લક્ષણો સારાં છે. આપને ખબર નથી.' – ખેડૂત મિત્રે વૈશ્યને આશ્વાસન આપ્યું.

'મને તો ધન અને શ્રમનો વ્યય કરવા છતાં પણ કોઈ લાભ થતો દેખાતો નથી. હું તો બહુ જ ચિંતામાં પડી ગયો છું.' વૈશ્યે મનનું દુઃખ સ્પષ્ટતાથી કહી દીધું.

'શરૂઆતમાં એવું જ થાય છે. આપ નિશ્ચિંત રહો. આપની ખેતી ઘણી સુંદર થઈ રહી છે.' ખેડૂત મિત્રે ઘણા પ્રેમથી જવાબ આપ્યો.

વૈશ્ય ચૂપ હતો. એના સિવાય એના વશમાં પણ શું હતું?

* * *

'મારા ખેતરમાં તો બધે ઘાસ જ ઘાસ દેખાઈ રહ્યું છે. મને તો ઘણું નુકસાન થયું. મારા બધા રૂપિયા નકામા ગયા.' – વૈશ્યે થોડા જ દિવસમાં ફરીથી ખેડૂતને કહ્યું. વેંત બરાબર ઘઉંના છોડને તેણે ઘાસ સમજી લીધું હતું.

ગભરાયેલો ખેડૂત પોતે ખેતરમાં ગયો, પરંતુ ત્યાં ખેતી જોઈને તે ઘણો જ પ્રસન્ન થયો.

'અરે! આપનું ખેતર તો આસપાસના બધા ખેતરો કરતાં શ્રેષ્ઠ છે.' ખેડૂતે નિરાશ થયેલા મિત્રના ભ્રમનું નિવારણ કર્યું. 'આપ સમજી લો કે હવે ઘઉંનો વિશાળ ઢગલો આપની પાસે એકઠો થવાનો જ છે. પરંતુ એ વાતનું ધ્યાન અવશ્ય રાખો કે છોડ સુકાઈ ન જાય. આ કુમળા નાના છોડોનું જીવન પાણી છે. આની સિંચાઈ માટેની વ્યવસ્થા આપ શીઘ્ર કરી લો. સાથે સાથે ખેતરને ચારે તરફ કાંટાની વાડ લગાવીને ઘેરી લો, નહિ તો પશુ આવીને એને ચરી જશે. ખેતરની રખેવાળી આપે સાવધાનીથી કરવી પડશે.'

'આપની હરેક આજ્ઞાનું હું શબ્દશઃ પાલન કરીશ.' વૈશ્યે કહ્યું. અને તેમ જ કર્યું. કુવો ખોદાવીને ખૂબ સિંચાઈ કરી. ભગવાનની કૃપાથી વચ્ચે-વચ્ચે વાદળાંએ પણ જલ-વર્ષા કરી. છોડો વધવા લાગ્યા.

* * *

'છોડોની વચ્ચે જે ઘાસ ઊગી આવ્યું છે, તે એકેએક ઘાસને ઉખાડી નાખો. તેઓ ઘઉંની વૃદ્ધિમાં બાધારૂપ છે.' એક દિવસ ખેતરમાં આવીને ખેડૂતે વૈશ્યને પ્રેમભર્યા શબ્દોમાં આદેશ કર્યો.

'એક તણખલું પણ ખેતરમાં રહેવા પામશે નહિ.' – વૈશ્યે તરત ઉત્સાહપૂર્ણ શબ્દોમાં જવાબ આપ્યો.

* * *

'ઘઉંના દાણા તો થઈ ગયા, પરંતુ આ તો બધાને બધા કાચા જ થયા છે.' – માથાનો પરસેવો લૂછતાં વૈશ્યે ખેડૂત ભાઈને કહ્યું. તે ખેતરમાંથી દોડતો આવ્યો હતો અને જોરથી હાંફી રહ્યો હતો. તેણે પોતાના ખેડૂત મિત્રના આદેશ પ્રમાણે પોતાના ખેતરમાં નકામા ઘાસનું કોઈ ચિહ્ન પણ બાકી રહેવા દીધું ન હતું. તેનો પરિશ્રમ અતુલનીય હતો. ઘઉંનાં ડૂંડાં પણ લાગ્યાં હતા, પરંતુ આટલા દિવસો પછી તેણે જોયું તો સઘળે ડૂંડાં કાચાં હતાં. ખેતીના જ્ઞાન વિનાનો હોવાના કારણે તે ગરીબ ગભરાઈ ગયો હતો. તે સમજ્યો કે રૂપિયાની સાથે સાથે મારી તનતોડ મહેનત પણ એળે જઈ રહી છે.' તેણે બે-ત્રણ ઘઉંનાં ડૂંડાં પણ ખેડૂતના સામે રાખી દીધાં, જેમને તે સાથે જ લઈ આવ્યો હતો.

'આપના ઘઉંના દાણા તો ઘણા પુષ્ટ છે. આ હવે જલદી જ પાકી જશે. હવે આમાં વિલંબ થશે નહિ. આપ ગભરાઓ નહિ. કોઈ પણ પ્રકારનો વિચાર પણ ન કરો. આપના ઘરમાં ઘઉં અને ભૂસાના પહાડ લાગી જશે.' પ્રસન્નતાભર્યા શબ્દોમાં ખેડૂતે વૈશ્યને કહ્યું. 'પરંતુ આવા સમયે પક્ષીઓ આવી-આવીને મીઠી-મીઠી બોલી સંભળાવે છે અને બધા દાણા ચણી જાય છે, આથી ખેતીની ખૂબ રક્ષા કરવી પડશે. પક્ષીઓથી નહીં બચાવો તો પક્ષીઓ સમસ્ત ખેતરના પાકનો નાશ કરી નાખશે.'

* * *

'હું આપનો આભારી છું. મારા આનંદનો પાર નથી. મારી પાસે

ઘઉંનો વિશાળ ઢગલો થઈ ગયો છે.' – વૈશ્યે આનંદભર્યા શબ્દોમાં ખેડૂત મિત્ર પ્રત્યે આભાર પ્રદર્શિત કર્યો.

'આ બધી ભગવાનની કૃપા અને આપની મહેનતનું ફળ છે. આપ પક્ષીઓના કલરવ પર ધ્યાન ન આપીને તેમને ઉડાડવામાં જ લાગ્યા રહેતા હતા. આપે ઘણી તત્પરતાથી ખેતી કરી હતી.' – ખેડૂતે વૈશ્યબંધુને યશ આપ્યો.

વૈશ્ય નતમસ્તક થઈ ગયો. તેના ચહેરા પર આનંદ વરસી રહ્યો હતો.

* * *

આ વાર્તા એક દૃષ્ટાન્તરૂપે કહેવામાં આવી છે. એને પરમાર્થ-વિષયમાં આ પ્રકારે ઘટાવવી જોઈએ. સાચા સુખની પ્રાપ્તિ માટે સાધન કરનાર જિજ્ઞાસુને અહીં અકાલ-પીડિત વૈશ્ય સમજવો જોઈએ. સાધકનાં સાંસારિક કષ્ટોની જ્વાળામાંથી ઉપજેલી સાચા સુખની અભિલાષાને અકાલપીડિત વૈશ્યની ભૂખની જ્વાલાના કારણે અન્નની આવશ્યકતા સમજવી જોઈએ. મહાત્માને પંજાબમાં રહેનાર વૈશ્યનો ખેડૂત મિત્ર સમજવો જોઈએ. વૈશ્યનું જે રાજપૂતાનાથી પોતાના મિત્રની પાસે પંજાબ જવાનું છે, એ જ સાધકનું પોતાના ઘરેથી મહાત્માના આશ્રમમાં મહાત્માની પાસે જવાનું છે, મિત્રની પાસે જઈને વૈશ્યની જે પોતાના કષ્ટની વાત કહેવી છે, તે જ જિજ્ઞાસુ સાધકનું મહાત્માને પોતાનું દુઃખ નિવેદન કરવું છે. વૈશ્ય ભાઈની જે પોતાની સંપૂર્ણ મૂડી મિત્રને સોંપી દેવી છે, એ જ સાધકનો પોતાના માનવ-જીવનનો બાકી સમય મહાત્માના ચરણોમાં સમર્પિત કરવો છે. મિત્રના કહ્યા અનુસાર જે ધનનો વ્યય કરવો છે, એ જ મહાત્માની આજ્ઞા અનુસાર સમયનો સદુપયોગ કરવો છે. ખેડૂત મિત્રની જે જમીન અને બીજની વ્યવસ્થા કરાવી દેવી છે, એને મહાત્મા દ્વારા સમયને સદુપયોગમાં લાવવાનો બોધ આપવો સમજવું જોઈએ.

ખેતીના માટે જે પોતાના સુખનો ત્યાગ કરવો છે, એને પરમ

આનંદની પ્રાપ્તિ માટે વર્તમાન સાંસારિક સુખનો ત્યાગ કરવો સમજવું જોઈએ. બીજનું જે ખેતરમાં વાવવાનું છે, એને મહાત્મા દ્વારા સાધનના બીજમંત્રનું હૃદયમાં ધારણ કરવું સમજવું. ખેતી કરવાથી ખેતરમાં બીજના ફણગા ફૂટવાથી અણસમજના કારણે દુઃખ અને નિરાશાનો અનુભવ થવો એ સાધન-કાળમાં થનારી નિરાશા અને તેમાંથી પેદા થયેલ ક્લેશ સમજવાં જોઈએ. વૈશ્યનું ભ્રમથી ઘઉંના નાના છોડોને જે ઘાસ સમજવું છે, એ જ સાધનકાળમાં સાધનની ઉન્નતિ થવા છતાં પણ સાધનમાં પરિશ્રમ અધિક હોવાના કારણે તેને ભ્રમથી સાધન ન સમજીને વ્યર્થ સમજવું છે. મન અને ઈન્દ્રિયોના સંયમને વાડ સમજવી. અધ્યાત્મ-વિષયને સાંસારિક સ્વાર્થી મનુષ્યોના સંપર્કમાં ખર્ચ ન કરવો, એ જ પશુઓથી ખેતરને બચાવવું છે. ભગવાનના ગુણ-પ્રભાવસહિત રૂપની સ્મૃતિ અને સત્સંગ-સ્વાધ્યાયને કુવો ખોદીને ખેતરને પાણી પાવાનું સમજવું. આપોઆપ સત્સંગ-પ્રાપ્તિ અને ધ્યાનનો અભ્યાસ ચાલવાને ઈશ્વર-કૃપાથી સમયસર આપમેળે વરસાદ થવો સમજવું જોઈએ. દુર્ગુણો અને દુરાચારોને પોતાના હૃદયમાંથી કાઢતા રહેવું, અહીં ઘઉં સિવાયના અન્ય નકામા ઘાસ-ફૂસને ખોદીને દૂર કરવાનું છે. પરમાત્માના ધ્યાનની સ્થિરતાને અહીં ઘઉંનું પાકવું તથા સ્વાર્થી મનુષ્યો દ્વારા કરવામાં આવતી સાધકની સ્તુતિ-કીર્તિને, ઘઉંને ખાવા માટે આવનારાં પક્ષીઓની કાલી બોલી સમજવાં જોઈએ. સાધન પરિપક્વ થવા માટે સ્તુતિ-કીર્તિની તથા સ્તુતિ-કીર્તિ કરનારાઓની અવગણનાને અહીં ખેતીની રક્ષા માટે પક્ષીઓને ઉડાડી મૂકવાનું સમજવું તેમજ સંપૂર્ણ દુઃખોનો અભાવ થઈને પરમાનંદસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ થઈ જવાને ઘઉં પાકી જતાં તેનો ભંડાર લાગી જવો સમજવું જોઈએ.



સમતા અમૃત છે, વિષમતા વિષ છે

રાજપૂતાનાના કોઈ ગામમાં એક અત્યંત ગરીબ વૈશ્ય રહેતો હતો. દૈવયોગે ત્યાં એક વાર ભયાનક દુકાળ પડ્યો. અન્નના અભાવે લોકો તડપી-તડપીને મરવા લાગ્યા. ગરીબ વૈશ્ય પર પણ વિપત્તિ તૂટી પડી. કેટલાક દિવસ તો તેણે જેમ-તેમ કામ ચલાવ્યું. આખરે પરિવારના ભરણ-પોષણનો કોઈ ઉપાય ન દેખાતાં, ઘરવાળાઓની કેટલાક દિવસ માટે કોઈ પણ પ્રકારે વ્યવસ્થા કરીને તે નીકળી પડ્યો. તેનો એક બાળપણનો ધરમનો ભાઈ હતો. તે આસામમાં વેપાર કરતો હતો. ખૂબ સમ્પન્ન હતો. તેનો મોટો વેપાર ચાલતો હતો. ગરીબ વૈશ્યને તેની યાદ આવી ગઈ અને –

"બિપતિ કાલ કર સતગુન નેહા" – વિપત્તિકાળમાં સો ગણો સ્નેહ કરવા લાગે છે. મિત્રનું આ લક્ષણ સમજીને કોઈપણ રીતે આસામ પહોંચ્યો. જે સ્થળે મિત્રનો કારોબાર હતો, ત્યાં જઈને તેણે મિત્રની મુલાકાત કરી. તેને પૂરો ભરોસો હતો કે ત્યાં સ્વાભાવિક જ આદર મળશે અને દુઃખના દિવસો સારી રીતે પસાર થઈ જશે. મિત્રે તેનું સ્વાગત કર્યું, પરંતુ તેના ચહેરા પર પ્રફુલ્લતાના બદલે કંઈક ચીડની, કંઈક ભારની રેખાઓ દેખાવા લાગી. ગરીબ વૈશ્ય તો દુઃખી હતો. તેણે સંક્ષેપમાં બહુ જ કરુણ શબ્દોમાં પોતાની સઘળી હકીકત સંભળાવીને આશરાની આજીજી કરી અને કહ્યું – 'ભાઈસાહેબ! ઘરમાં આપની ભાભી અને બાળકો ભૂખ્યા મરી રહ્યા હશે, તેમના માટે આજે જ કેટલીક જરૂરી ખર્ચ માટેની રકમ મોકલવી જરૂરી છે. સાથે જ મારા માટે પણ એવા કામની વ્યવસ્થા થવી જોઈએ, જેથી આ મારા દુઃખના દિવસો નીકળી

જાય અને બાળકોને હરમાસ કંઈક મોકલાવી શકાય!'

ધનવાન મિત્રે લાંબો નિસાસો નાખીને કહ્યું – 'ભાઈસાહેબ! વાત તો ઠીક છે. મારે આ સમયે આપની કંઈક સેવા કરવી પણ જોઈએ, પરંતુ મારી અહીં ન તો એટલી આવક છે કે હું આપની કંઈ સહાયતા કરી શકું અને ન આજકાલ એવું કોઈ કામ પણ છે, જે આપને આપી શકું. મૂળ મુદ્દલના વ્યાજમાંથી, મકાનોના ભાડામાંથી અને વેપારની આવકમાંથી કુલ મળીને ચાલીસ-પચાસ હજાર રૂપિયા આવતા હશે. આપ જાણો છો. આજકાલ મોંઘવારી છે, પાછું પોતાની આબરૂ પ્રમાણે ખર્ચ પણ કરવું પડે છે. પરિવાર છે, મુનીમ-ગુમાસ્તાઓ છે. મુશ્કેલીથી કામ ચાલે છે. પછી બતાવો, આપનું અને આપના પરિવારનું ભરણપોષણ કરવાની મારામાં ક્યાં શક્તિ છે? મને ખેદ છે, પરંતુ લાચાર થઈને કહેવું જ પડે છે કે મારાથી આ સમયે કંઈ પણ બની શકશે નહિ. આપ કોઈ બીજો રસ્તો વિચારો.'

ગરીબ વૈશ્યે ઉદાસ થઈને કહ્યું – 'ભાઈસાહેબ! હું તો અહીં કોઈને પણ ઓળખતો નથી, કેવળ આપના જ ભરોસે આવ્યો છું, વળી મારું ખર્ચ પણ કયું ભારે છે! પચાસ રૂપિયા આ સમયે રાજસ્થાન મોકલવામાં આવે અને પછી પચાસ-સાંઈઠ રૂપિયા માસિક મજૂરીનું કામ મને મળી જાય તો કામ ચાલી જશે. કંઈક મારા ખર્ચમાં જશે, બચશે તે બાળ-બચ્ચાઓના માટે મોકલી દઈશ. જ્યાં પચાસ હજારની આવક છે ત્યાં આટલું ખર્ચ આપને ભારે ન પડવું જોઈએ. વળી હું તો કામ કરીને મજૂરીના પૈસા લેવા માગું છું.' એમ કહેતાં કહેતાં તેની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. મિત્રનાં નિરાશાજનક વચનોથી તેને ઘણો સંતાપ થઈ રહ્યો હતો. ધનિક મિત્રે તેના ચહેરાની તરફ જોયું, પરન્તુ તેનું હૃદય પીગળ્યું નહિ. તેણે ફરી બનાવટી વિનયની સાથે એ જ કહ્યું – 'ભાઈસાહેબ! આપનું કહેવું તો ખરું છે, પરંતુ હું લાચાર છું. આપે

કોઈ બીજો ઉપાય જ વિચારવો પડશે. હા, બે-ચાર દિવસ જ્યાં સુધી આપના કામની કોઈ વ્યવસ્થા ન થાય, આપ અહીં રહી જાઓ. ઘરમાં જ ખાઓ-પીઓ. અત્યારે શૌચ-સ્નાન કરો. ભોજન તૈયાર થઈ ગયું હશે.' આટલું કહીને ધનિક મિત્ર પોતાના કામમાં લાગી ગયો. ગરીબ વૈશ્ય બીચારો મનમાં ને મનમાં જાણે કેવા કેવા વિચાર કરતો શૌચ-સ્નાનમાં લાગ્યો.

ધનિક મિત્રનો તો કઠોર અને કંજૂસ સ્વભાવ હતો જ, તેની પત્ની તેનાથી પણ ચઢિયાતી હતી. તેને કોઈ બીજું ગમતું જ ન હતું. પતિ તો સભ્યતાવશ ક્યારેક ક્યારેક કંઈક સહન પણ કરી લેતો હતો, પરંતુ પત્ની તો પતિને પણ ફટકારી દેતી હતી. ઘરે આવેલા બાળપણના પરિચિત મિત્રને સભ્યતાવશ ભોજન કરાવવું જ પડશે. તેણે અંદર જઈને પત્નીને કહ્યું – 'રાજપૂતાનાથી મારા એક જૂના ધર્મ-ભાઈ આવ્યા છે, તેને ભોજન કરાવવાનું છે. જ્યાં સુધી બની શકે, તેમના માટે સારી વસ્તુઓ બનાવીને આદરપૂર્વક ખવડાવવી જોઈએ. મિત્ર છે, વળી અતિથિ છે.' પરંપરાથી અતિથિસત્કારની વાત સાંભળેલી હતી, પત્ની ખીજાઈ ન જાય, એટલા માટે તેણે આ દલીલ પણ સામે રાખી દીધી; પરંતુ તેના પર એનો શો પ્રભાવ પડે. તેણીએ તાડુકીને કહ્યું – 'ચૂલામાં જાય આપનો આ મિત્ર અને અતિથિ. ચૂલો ફૂંકતા-ફૂંકતા મારી તો આંખો ફૂટવા લાગી. આજે મિત્ર, કાલે અતિથિ, પરમ દિવસે વેપારી – રોજ એક ને એક આફત ચોંટેલી જ રહે છે. હું તો તંગ આવી ગઈ આ ગૃહસ્થીથી. મારાથી આ બધું થશે નહિ, આપ બીજી વ્યવસ્થા કરો.'

પતિએ સંકોચાઈને ધીમેથી કહ્યું – 'અરી! જરા ધીરે તો બોલ. તેઓ બહાર જ ઊભા છે, સાંભળી લેશે તો તેમને ભારે દુ:ખ થશે.' તેણીએ ખિજાઈને કહ્યું – 'તો વળી વધારે સારું થશે, જલદી બલા ટળશે.' પતિએ તેણીની કંઈ બડાઈ કરીને કોઈ પણ પ્રકારે મનાવીને કહ્યું –

'જો! મેં પહેલાંથી જ તેમને કહી દીધું છે કે મારી પાસે કામ નથી, આપ બીજો ઉપાય વિચારો. બે-ચાર દિવસોમાં તેઓ ચાલ્યા જશે. આટલા દિવસ કોઈ પણ પ્રકારે આપણી આબરૂ પ્રમાણે તેમને ભોજન તો કરાવવું જ જોઈએ.' પત્નીએ વાત માની લીધી અને ભોજન બનાવ્યું, પરંતુ મનમાં કષ્ટ તો થતું જ રહ્યું.

ભોજન તૈયાર થતાં ગરીબ અતિથિને સાથે લઈને ધનવાન મિત્ર અંદર આવ્યો તો પત્નીએ કહ્યું – 'પહેલાં તમારા મિત્રને ભોજન કરાવી દો, કારણકે અતિથિને પહેલાં ભોજન કરાવવાનો ધર્મ છે; પછી આપ કરી લો.' પતિએ આ વાત માની લીધી અને અતિથિને સારી રીતે ભોજન કરાવ્યું. ભોજનમાં ખાંડ નાખીને બનાવેલી ખીર, પૂરી, દહીં અને કેટલાય પ્રકારની શાકભાજી હતી, પરંતુ ભોજન કરાવનારાઓના ચહેરા પર કોઈ ઉલ્લાસ અથવા મીઠાશ ન હતી. ત્યાં તો પ્રત્યક્ષ કઠોરતા તથા ખેદ હતો. એવું જણાતું હતું, તેઓ કોઈ આફતમાં આવી પડ્યા છે અને તેમને ક-મને આ બધું કરવું પડ્યું છે. ગરીબ અતિથિએ ચુપચાપ ભોજન તો કરી લીધું, પરંતુ તેમની મુખમુદ્રા જોઈને તેને સુખ ન મળ્યું. સુખ તો પ્રેમમાં જ સમાયેલું હોય છે.

ભોજન કર્યા પછી લઘુશંકાના માટે બહાર ગયો, આ બાજુ શેઠાણીએ પોતાના પતિના માટે ભોજન પીરસ્યું. એમાં ઘણીખરી એવી ચીજો હતી, જે અતિથિથી છુપાવીને રાખવામાં આવી હતી. તે બીચારો લઘુશંકા કરીને અંદર હાથ ધોવા આવ્યો અને ઇચ્છા ન હોવા છતાં પણ સ્વાભાવિક જ ધનવાન મિત્રની ભોજનની થાળીની તરફ તેની દૃષ્ટિ ચાલી ગઈ, તેણે જોયું બદામનો હલવો છે. એક વાટકામાં ખીરની મલાઈ અને બીજામાં દહીંની મલાઈ છે. બહુ સરસ ફૂલેલા પાતળા-પાતળા ફુલકા છે જેની પર તાજુ માખણ લગાડવામાં આવ્યું છે. ફુલાવર, પરવરની તેમજ કેટલીક વધારે શાકભાજીઓ તથા કેટલાંય પ્રકારનાં અથાણાં રાખ્યાં છે. આ બધું

જોઈને તેની સમજમાં સ્પષ્ટ આ વાત આવી ગઈ કે આ જ વિષમતાના કારણે મને મિત્ર સાથે ભોજન કરાવવામાં આવ્યું ન હતું. વિષમતાને લીધે પેદા થયેલ સંતાપ વળી વિશેષ વધી ગયો અને તે ચુપચાપ હાથ ધોઈને બહાર ચાલ્યો ગયો.

રાત્રિનો સમય થયો તો ધનવાન મિત્રે પત્નીને પૂછ્યું – 'અતિથિના સૂવાની વ્યવસ્થા ક્યાં કરવી જોઈએ?' સ્ત્રીએ ખીજાઈને કહ્યું – 'મારા માથા પર, ભલા આ પણ કોઈ પૂછવાની વાત છે? જ્યાં સુવિધા હોય ત્યાં જ કરી દેવામાં આવે. ઘરમાં તો તે સૂઈ ન શકે.' પતિએ કહ્યું – 'સારું. બહાર ગાદી પર તેઓ સૂઈ જશે, પરંતુ ત્યાં મચ્છર બહુ વધારે છે, બીચારાને ઉંઘ નહિ આવે. બે દિવસ માટે મચ્છરદાની આપી દે તો સારું થાય.' તેણીએ તાડુકીને કહ્યું – 'મારી પાસે તો એક જ મચ્છરદાની છે, આપ લગાવો અથવા તેના માથે મારો.' પત્નીના સ્વભાવને તે જાણતો હતો. વાતને અધિક વધારવી હિતકારક ન સમજીને ચુપચાપ બહાર ચાલ્યો આવ્યો અને અતિથિ મિત્રને કહેવા લાગ્યો – 'ભાઈસાહેબ! ગાદી-તકિયા પાથરેલા જ છે, આપ અહીં જ સૂઈ જાઓ. અહીં સુવિધા રહેશે.' તે બીચારાએ વિનય-વિનમ્ર શબ્દોમાં સ્વીકાર કર્યો. શેઠ અંદર ચાલ્યા ગયા અને તે ત્યાં જ સૂઈ ગયો. ગરમીની મોસમ હતી; મચ્છર તો હતા જ, ગાદી-તકિયાઓમા માંકણની પણ કમી ન હતી. આડા પડતાં જ લાઈન ને લાઈનમાં નીકળીને તેના પર આક્રમણ શરૂ કર્યું. માંકણોને વીણી વીણીને ફેંકવામાં અને મચ્છરોને ઉડાડવામાં જ રાત વીતી ગઈ. બીચારો ઘડી પૂરતો પણ આરામથી સૂઈ ન શક્યો.

બીજા દિવસે સવારમાં તે ઘેરથી નીકળી બજારની તરફ ગયો. ચૉરાએ પહોંચતાં જ તેને પોતાના ગામનો એક પરિચિત માણસ દેખાયો. તેણે પણ એમને જોઈ લીધા. તે ઘણો ગરીબ હતો, પરંતુ હતો બહુ પરગજુ. જોતાં જ દોડીને પાસે આવ્યો અને ઘણા પ્રેમ તથા ઉલ્લાસથી પૂછવા

લાગ્યો – 'ભાઈસાહેબ! આપ અહીં ક્યારે આવી ગયા? મને કોઈ ખબર પણ આપી નહિ. આપને બહુ કષ્ટ થયું હશે. ખબર પડી હોત તો સ્ટેશને ચાલ્યો આવત. અહીં પહોંચીને પણ આપે કોઈ સંદેશો ન મોકલ્યો. બતાવો, આપ ક્યાં રોકાયા છો? ચાલો ઘરે. હું સામાન લઈ આવીશ. મારું મોટું ભાગ્ય છે, જે આપને મળવાનું થઈ ગયું. પરદેશમાં ભલા ઘરના પ્રેમાળ પુરુષો ક્યાં મળે છે.'

તેની સાચા પ્રેમથી ભીંજાયેલી વાણી સાંભળીને તે બાપડા ગરીબનું હૃદય પીગળી ગયું. તેને મોટું આશ્વાસન મળ્યું, જાણે ડૂબતા માણસને મદદ મળી ગઈ. તેણે પોતાના આવવાનું કારણ કહી સંભળાવ્યું અને કહ્યું કે સામાનમાં તો મારી પાસે એક ધોતી-અંગરખો છે, એક શેતરંજી અને લોટો જ છે. તે શેઠજીના ત્યાં રાખ્યું છે. ગરીબ ભાઈએ કહ્યું – 'તેઓ તો બહુ મોટા માણસ છે. જો આપ મારું માનતા હો તો આપે મારા ઘરે આવી જવું જોઈએ. ઘરમાં આરામથી રહો જે કંઈ લૂખું-સૂકું ઘરમાં બને છે, તે આનંદથી જમો. હું છૂટક ખરીદ-વેચાણનું કામ કરું છું. વીસ રૂપિયા રોજ કમાઈ લઉં છું. એકલો છું. આપ રહેશો તો આપણે બે થઈ જશું. બમણું કામ થશે તો આવક પણ બે-અઢી ગણી થવા લાગશે. મહેનત તથા સચ્ચાઈનું કામ છે. જેટલી મહેનત, તેટલી બરકત. પચાસ રૂપિયા માસિક તો આપ ઘરે મોકલાવી જ દેશો. અધિકના માટે પણ પ્રયત્ન કરવામાં આવશે. આપ ગભરાશો નહિ. ભગવાન ગરીબોનું સાંભળશે જ. પચાસ રૂપિયા તો મારી પાસે પહેલાંના રાખેલા છે, એમને તો આજે જ ઘરે મોકલાવી દો.' એમ કહીને તેને એ પોતાના ઘેર લઈ ગયો. નાનું-સરખું પતરાંથી ઢાંકેલું માટીનું સાફ-સ્વચ્છ ઘર હતું. તેમાં બહાર નાની-સરખી દુકાન હતી. જતાંની સાથે જ તેણે પાંચસો રૂપિયા બહાર કાઢ્યા અને તેમનો તરત મનીઓર્ડર કરાવી દીધો. તે સમયે બીચારા દુકાળ-ગ્રસ્ત ગરીબને કેટલું સુખ ને

આશ્વાસન મળ્યું, એ કહી શકાય નહીં. પછી તે ગરીબ દુકાનદાર શેઠના ત્યાં જઈને તેનો સામાન લઈ આવ્યો.

ઘરે પાછા આવતાં પેલા પરગજુએ પોતાની પત્નીને કહ્યું – 'આપણા દેશના એક સજ્જન આવ્યા છે. આપણા પરિચિત પણ છે. તેમના માટે ભોજન બનાવ.' સાધ્વી પત્નીએ પ્રસન્ન થઈને કહ્યું – 'મોટાં ભાગ્ય છે અમારાં, જે આજે આપણા દેશના સજ્જન આવ્યા છે. આપણે પણ ધન્ય છીએ, જે ભગવાને આપણને આવો સારો અવસર આપ્યો.' તેણીએ ઘણા પ્રેમથી રસોઈ તૈયાર કરી. ચોખાના ભાત બન્યા, કોબીનું શાક, છાશ, લૂખી જવ-ચણાની રોટલીઓ અને ગૃહિણીએ બન્નેને ઘણા આદરની સાથે કોઈ પણ ભેદ વગર સમાન ભાવથી ભોજન કરાવ્યું. અતિથિને વારંવાર ઘણા પ્રેમથી આગ્રહ કરીને તે પીરસી રહી હતી. આજે તેને ભોજન કરવામાં ઘણી તૃપ્તિ મળી, ઘણું સુખ મળ્યું. પ્રેમની લૂખી રોટલીમાં જે આનંદ છે, તે પ્રેમરહિત મેવા-મિષ્ટાન્નમાં કદાપિ નથી. ખાઈ-પીને બન્ને દુકાનનું કામ જોવા લાગ્યા.

રાત્રે પોતાના સમ્માન્ય અતિથિને સૂવા માટે તે ગરીબ દુકાનદારે એક મુંજનો વણેલો પુરાણો ખાટલો, જે તેણે ત્રીસ રૂપિયામાં ખરીદ્યો હતો તે આપ્યો. તેના પર તેણે ટાટના કોથળા બિછાવી દીધા. મચ્છરોથી બચવા માટે તેની પત્નીએ મુલાયમ મલમલની જૂની ઓઢણી ચાર વાંસની પટ્ટીઓ ઊભી કરીને તેના ઉપર તાણી દીધી. દુકાળપીડિત ભાઈની પહેલી રાતની ઊંઘ બાકી જ હતી, ખાટલાની ઉપર સૂતાં જ તેને ગાઢ નિદ્રા આવી ગઈ. આખી રાત તે એકદમ આરામથી ઊંઘ્યો. બધો થાક ઊતરી ગયો.

ત્રણ-ચાર દિવસો પછી એક દિવસ રસ્તામાં ધનિક મિત્રની સાથે દુકાળપીડિત ભાઈનો ભેટો થઈ ગયો. ધનિક મિત્રે સભ્યતાથી પૂછ્યું – 'કેમ, ક્યાંય કામની વ્યવસ્થા થઈ? ક્યાં રહો છો, ખાવા-પીવાનું મળી રહે છે ને?' તેણે કહ્યું – 'બહુ જ સારી વ્યવસ્થા થઈ ગઈ છે. હું

પોતાના દેશના અમુક દુકાનદાર ભાઈના ઘરમાં રહું છું, પતિ-પત્ની બન્ને ઘણાં સજ્જન છે. દુકાનમાં મારો અડધો ભાગ કરી આપ્યો છે. પચાસ રૂપિયા તો તે જ દિવસે ઘેર મોકલી આપ્યા અને ભવિષ્યના માટે એવું આશ્વાસન આપ્યું છે કે ભોજનનો તો કોઈ વાંધો જ નથી, ઘરમાં એકસાથે જમીશું. ઓછામાં ઓછા પચાસ રૂપિયા હરમાસ બાલ-બચ્ચાઓ માટે ઘેર મોકલી દઈશું. ખાવા-પીવાની પણ ઘણી સારી વ્યવસ્થા છે. તેમના ત્યાં અમૃતતુલ્ય ભોજન કરીને મને ઘણી જ તૃપ્તિ મળે છે. તેમનો એટલો ઊંચો પ્રેમભર્યો સમતાનો વ્યવહાર છે કે હું તો તેને જીવનભર નહીં ભૂલી શકું.' તેની આ વાતો સાંભળીને જાણે કે શેઠના ગર્વ પર કંઈક ઠેસ પહોંચી, પરંતુ સાચી વાત હતી. તેને પોતાના વર્તનની પૂરી ખબર હતી. બોલે પણ શું? એક વાત સૂઝી, તેને મોટો ગર્વ હતો કે અમારા ઘેર બહુ જ શ્રેષ્ઠ ભોજન બને છે. સુંદર સજ્યું-સજાવેલું મકાન છે, ગાદી-તકિયા, ઝાડ-ફાનસ લાગેલાં છે. પેલા ગરીબના ત્યાં આવી ચીજો ક્યાંથી હોય. એટલા માટે તેણે પોતાની વાત ઊંચી રાખવા તથા તે ગરીબ દુકાનદારની નિંદા કરવાની ભાવનાથી કહ્યું, 'ત્યાં આપને ભોજન શું મળ્યું હશે. તે જ મોટા ભાત, લૂખી-સૂકી રોટલી, ઘાસ-પત્તાંની શાક-ભાજી અને સૂવાને ખાલી જમીન અથવા બહુ-બહુ તો કોઈ પુરાણો ખાટલો મળ્યો હશે. તે કંગાળના ત્યાં બીજું છે શું? અહીંનું સુંદર ભોજન અને સજ્યું-સજાવેલું ઘર છોડીને આપ ત્યાં ગયા, હવે તો મનમાં પસ્તાતા હશો.' તેણે હસીને કહ્યું – 'ભાઈસાહેબ! આપ પોતાના ઘરમાં મોટા ધનવાન છો. આપના ત્યાં ગાદી-તકિયા છે, ઝાડ-ફાનસ લાગેલાં છે. સજ્યું-સજાવેલું મકાન છે. મારે માટે તો આ બધું ઝેરની તોલે થયું. સરસ ભોજન પણ બને છે, પરંતુ મને એથી શું? આપના ત્યાં મને ન તો ખાવાનું સુખ મળ્યું અને ન ઊંઘવાનું પણ! હું તો માંકણ-મચ્છરોથી તંગ આવી ગયો. આખી રાત ઊંઘ આવી નહિ. મારા માટે તો તે મુંજનો

ખાટલો, ટાટનું બિછાનું અને પુરાણી ઓઢણીની મચ્છરદાની જ પરમ સુખદાયક છે, જેનાથી હું રાત્રે બહુ જ ચેનથી ઊંઘું છું. ભોજનનું તો હું શું કહું. ત્યાં મને તે મોટા ભાત, લૂખી રોટલીઓ અને કોબીના શાકમાં જેવું સુખ મળે છે, એવું સુખ ક્યાંય ન મળ્યું. આપનું ભોજન તો ઝેર જેવું હતું અને તેનું સાક્ષાત્ અમૃતના જેવું છે. આપલોકોના મનમાં હું બોજારૂપ હતો. આપ મારું આવવાનું આફત માનતા હતા અને મનમાં વિષમતા ભરેલી હતી. મહાત્મા લોકો કહ્યા કરે છે કે, 'વિષમતા જ વિષ છે અને સમતા જ અમૃત છે.' આથી આપનાં મેવા-મિષ્ટાન્ન પણ વિષમતાના કારણે વિષતુલ્ય હતાં અને તેના લૂખા-સૂકા ભોજનમાં સમતા હોવાથી તે અમૃતની તોલે છે. એટલું જ નહિ, તેનું વર્તન અમૃતના સમાન છે. આપની પાસે લાખો રૂપિયા છે અને લાખોની આવક છે તથા આપ મારા નાનપણના ધર્મભાઈ પણ છો, પરન્તુ આપે મારા ભૂખથી ટળવળતાં બાળકો માટે ન તો કંઈ મોકલવાનું સ્વીકાર કર્યું અને ન મારા માટે પચાસ-સાંઈઠ રૂપિયાની નોકરી પણ દીધી. તે બીચારા ગરીબ દુકાનદારે, જેની સાથે મારો માત્ર એક ગામના હોવાના નાતે સાધારણ પરિચય-માત્ર હતો, ગરીબ નિર્ધન હોવા છતાં પણ મને આશરો આપ્યો, મારી સહાયતા કરી, પચાસ રૂપિયા તરત ઘેર મોકલાવી દીધા. મને પોતાના કામમાં બરાબરનો ભાગીદાર બનાવી દીધો. બતાવો, હું તેના ઉપકારને ક્યારેય ભૂલી શકું ખરો? તેણે આ જે કર્યું, તે પણ ઉપકારની ભાવનાથી નહિ - વિશુદ્ધ પ્રેમથી અને કર્તવ્યની ભાવનાથી. તે મારી પર ઉપકાર નથી કરતો, બલકે મને સુખ પહોંચાડીને તે ઉપરથી મારો કૃતજ્ઞ થાય છે અને એમાં પોતાની જાતને ધન્ય માનીને સુખી થાય છે. તેની ધર્મ-પત્નીનો પણ એવો જ ઊંચો ભાવ છે. માટે જ તે બન્નેના ચહેરા પ્રફુલ્લતા અને ઉલ્લાસથી ચમકતા-દમકતા રહે છે.'

ધનિક મિત્રે પૂછ્યું – 'મારા ત્યાં આપને કઈ વાતમાં વિષમતા

દેખાઈ અને તેના ત્યાં સમતા કેવી રીતે હતી?' આ સાંભળીને તેણે કહ્યું — 'આપના ત્યાં મને બહુ જ સરસ ભોજન-પદાર્થો મળ્યા, એમાં કોઈ સંદેહ નથી. પરંતુ મારા માટે તેઓ વિષ-સમાન થઈ પડ્યા. આપને યાદ હશે, મને અતિથિ બતાવીને પહેલા મને એકલાને ભોજન કરાવવામાં આવ્યું. ભોજન કર્યા પછી હું લઘુશંકા માટે બહાર ગયો. હું હાથ ધોવા માટે પાછો આવ્યો તો મારી દૃષ્ટિ અચાનક આપના પીરસેલા ભાણા તરફ ચાલી ગઈ. મેં જોયું, આપના માટે બદામનો હલવો, માખણ, પાતળા-પાતળા ફુલકા, ખીર, દહીંની મલાઈઓ, ફ્લાવર-પરવર વગેરેની શાકભાજીઓ અને અથાણા આદિ રાખેલા છે. આ બધી ચીજો મને પીરસવામાં આવી ન હતી. મને એ ખાવાનો શોખ નથી, પરંતુ આ વિષમતાને જોઈને મને દુ:ખ થયું. મને લાગે છે, આપને આ સામગ્રીઓ વિશેષરૂપે ખવડાવવી હતી, માટે જ આપની ધર્મપત્નીએ 'અતિથિને પહેલાં ભોજન કરાવવાનું' બહાનું કાઢીને આપને પછી અલગ જમાડવાની ઇચ્છા કરી. આવો ભેદ ન કરીને મને પણ આપની સાથે જ ભોજન કરાવ્યું હોત તો શું થાત? નહીં જેટલા પૈસાનું જ તો અધિક ખર્ચ થાત. આપે પણ આ વાત પર કોઈ પણ વિચાર ન કર્યો અને પત્નીનો પ્રસ્તાવ માની લીધો. ધર્મભાઈની સાથે આવું વર્તન શું કલંક નથી? આ જ વિષમતાના કારણે આપનું ભોજન ઝેર સમાન હતું.

'ત્યાં તેનો વ્યવહાર જુઓ. એ બીચારો ઘણો ગરીબ છે, પરંતુ તેની પત્નીએ મોટા ભાત, લૂખી-સૂકી રોટલીઓ, કોબીનું શાક અને છાશ – જે કંઈ ઘરમાં હતું, અમને બન્નેને એક સાથે બેસાડીને સમાન ભાવથી ઘણા આદર-પ્રેમ તથા ઉલ્લાસની સાથે ભોજન કરાવ્યું. રાત્રે સૂવા માટે પોતાના માટે સૂવાની એક માત્ર ખાટલી ઢાળી દીધી. બિછાનાના માટે ટાટ પણ આપ્યું અને મચ્છરોના ઉપદ્રવથી બચવા માટે પોતાની ઓઢણીની મચ્છરદાની તાણી દીધી. તેના આવા નિષ્કામ પ્રેમ અને


સમતાના વ્યવહારે મારી પર જે પ્રભાવ પાડ્યો તેને હું જ જાણું છું. હું તો ત્યાં એટલા જ માટે અમૃત જ અમૃત પામું છું અને તેના વ્યવહારનું સ્મરણ કરીને વારંવાર પ્રફુલ્લિત અને આનંદથી ગદ્‌ગદ થઈ જાઉં છું.'

ધનવાન મિત્રે બહાનું કરીને કહ્યું – 'હું બીમાર રહું છું. મને મન્દાગ્નિ થાય છે, આથી જ વૈદ્યે મને આ ચીજો ખાવા માટે બતાવી રાખી છે.' આ સાંભળીને તેણે કહ્યું કે – 'પ્રથમ તો મન્દાગ્નિની બીમારીમાં આ ચીજો ખાવા માટે આપવામાં નથી આવતી, અને જો એવું હોય તો પણ મને એ ચીજો પીરસી હોત તો શું હાનિ હતી?'

ધનિક મિત્રની પાસે કોઈ જવાબ ન હતો. તે ઘણો લજ્જિત થઈને પોતાની વ્યવહાર-વિષમતા તથા પ્રેમહીનતા માટે મનમાં ને મનમાં પસ્તાવા લાગ્યો અને માથું નીચું કરીને ત્યાંથી ચાલ્યો ગયો.

* * *

આ એક કલ્પિત દૃષ્ટાન્ત છે. આનાથી આપણે આ બોધ લેવો જોઈએ – સૌની સાથે સપ્રેમ અને સવિનય, ત્યાગ તથા ઉદારતાનું વર્તન કરવું. ખાન-પાનાદિ વ્યવહારમાં પૂર્ણ સમતા રાખવી. આનો એ અર્થ નથી કે વિધર્મી અને વિજાતીય પુરુષોની સાથે એક પંક્તિમાં બેસીને તેમના જેવો જ નિષિદ્ધ આહાર કરીએ. ભાવ એટલો જ છે કે વિધર્મી અને વિજાતીય કોઈ પણ કેમ ન હોય સૌને યથાયોગ્ય શાસ્ત્રાનુકૂલ આદર-સત્કારપૂર્વક વિનય અને પ્રેમપૂર્વક કોઈ પણ જાતના ભેદભાવ વિના તે જ ભોજન કરાવીએ, જે પોતાના માટે બનાવવામાં આવ્યું હોય અને પહેલાં તેમને ભોજન કરાવીને પછી સ્વયં ભોજન કરીએ. દાનત શુદ્ધ હોવી જોઈએ અર્થાત્ મનમાં જરા પણ વિષમતા ન હોવી જોઈએ.



ઈશ્વર દયાળુ અને ન્યાયકર્તા છે

સચ્ચિદાનંદઘન, અખિલ-વિશ્વેશ્વર, પરમ દયાળુ પરમેશ્વરની સત્તાનો સ્વીકાર કરનારા લગભગ બધા જ મતોના અર્થાત્ સંપ્રદાયોના લોકો એ વાતનો સ્વીકાર કરે છે કે ઈશ્વર દયાળુ અને ન્યાયકર્તા છે. ઈશ્વરમાં માત્ર દયાળુતા અથવા માત્ર ન્યાયકારિપણાનો એકાંગી ભાવ નથી, તેમનામાં આ બંનેય ગુણ એક જ સમયે એકસાથે પૂર્ણપણે રહે છે અને તેઓ જીવો પ્રત્યેનો વ્યવહાર કરવામાં બંનેય ભાવો પાસેથી એકસાથે જ કામ લે છે. આ બાબતમાં કેટલાક લોકો એવી શંકા કર્યા કરે છે કે, 'ન્યાય અને દયા એ બંને ગુણ એકીસાથે કેવી રીતે રહી શકે? અદાલતમાં ન્યાયાસન પર બેઠેલા ન્યાયાધીશ જો દયાવશ થઈને, સજાને પાત્ર ખરેખરી અપરાધી વ્યક્તિને બિલકુલ સજા ન કરે અથવા કરવા-પાત્ર સજા કરતાં ઓછી સજા કરે તો શું તેમના ન્યાયમાં કોઈ ઊણપ નહિ આવે? અથવા જો તેઓ અપરાધીને પૂરી સજા કરે તો શું ત્યાં તેમની દયા બિલકુલ બેકાર નથી થઈ જતી? આ જ રીતે ઈશ્વર વિશે પણ કેમ નહિ સમજવું?'

આ શંકાનો ઉત્તર આપવો એ સહેલું કામ નથી. પરમાત્માના ગુણોનું વિવેચન કરવું અને તેમના વિશે ટીકા-ટિપ્પણી કરવી એ મારા જેવા મનુષ્ય માટે તો બાલિશતા જ છે, છતાં પોતાના ચિત્તવિનોદ માટે પરમાત્માનાં ગુણગાન કરવાની ભાવનાથી યત્કિંચિત્ પ્રયત્ન કરવામાં આવે છે.

ખરેખર તો મનુષ્યે ઘડેલા કાયદા-કાનૂનની સાથે ઈશ્વરના કાયદા-કાનૂનની સરખામણી કદાપિ કરી શકાય નહિ. મનુષ્ય જો સ્વાર્થવશ કાનૂન

બનાવતો નથી તો પણ તેના પર વાતાવરણ અને પરિસ્થિતિ અર્થાત્ સંજોગનો પ્રભાવ જરૂર પડે છે. ભવિષ્યના વિવેચનમાં પણ માણસના કાયદાને નિર્દોષ માની શકાય નહિ. આસક્તિના કારણે અથવા કોઈ અન્ય કારણસર મનુષ્યે ઘડેલા કાનૂનમાં અન્ય અનેક પ્રકારે પણ ભૂલ રહી જવાની ગુંજાશ છે; પરંતુ ઈશ્વરના કાનૂનમાં ભૂલ રહી જવાની લેશમાત્ર ગુંજાશ નથી. આ સિવાય, ઈશ્વર દયા, ન્યાય અને ઉદારતાના અનંત ભંડાર હોવાના કારણે તેમના કાનૂનમાં પણ દયા, ન્યાય અને ઉદારતાની વિપુલતા હોય છે. સાચી વાત તો એ છે કે જગતને સત્ય સમજનારો મનુષ્ય પોતે સ્વાર્થહીન ન હોવાના કારણે દયા, ન્યાય અને ઉદારતાયુક્ત કાનૂન બનાવી જ શકે નહિ. સર્વથા સ્વાર્થરહિત, સૌના સુહૃદ, દયાસાગર મહાપુરુષો કે જેમના દયા, પ્રેમ, વાત્સલ્ય, સુહૃદતા વગેરે ગુણોનો તાગ મેળવી શકાતો નથી તેઓ ભલે દયા વગેરેથી યુક્ત નિયમ બનાવી શકે, બાકી સાધારણ મનુષ્યોનું તો તે કામ જ નથી. તેથી, જોકે માનવીય કાનૂનની સાથે ઈશ્વરીય કાનૂનની તુલના તો ન જ થઈ શકે તોપણ વિચાર કરવાથી મનુષ્યમાં પણ દયા અને ન્યાય - બંનેનું એકસાથે રહેવાનું સિદ્ધ થઈ શકે છે. આ વાતના પ્રતિપાદન માટે થોડાંક કલ્પિત દૃષ્ટાંતો અહીં આપવામાં આવે છે.

રામલાલ નામના એક વેપારીના બે હજાર રૂપિયા નારાયણપ્રસાદ નામના કાયસ્થ પાસે લેણા હતા. નારાયણપ્રસાદ સાચો અને પ્રામાણિક માણસ હતો, પરંતુ ઘણા પ્રકારની આફતો આવી જવાના કારણે તેનો બધો ધંધો-રોજગાર પડી ભાંગ્યો, ઘરની બધી સંપત્તિ ફના થઈ ગઈ - ત્યાં સુધી કે તેની પત્નીનાં સૌભાગ્યનાં ઘરેણાં પણ વેચાઈ ગયાં અને તે માસિક ચાલીસ રૂપિયાના પગારથી એક જગ્યાએ નોકરી કરવા લાગ્યો. આટલી ટૂંકી આવકમાં તેના મોટા કુટુંબના પેટને મહામુસીબતે ધાન પૂરું પડતું હતું, પરંતુ ચારે તરફ ફેલાયેલી બેકારીને લીધે વધુ આવક

મેળવવાની ક્યાંય કશી ગુંજાશ જ ન હતી. રામલાલે લેણા પૈસાની ચાંપતી ઉઘરાણી શરૂ કરી, પરંતુ નારાયણપ્રસાદ કોઈ રીતે પૈસા ચૂકવી શક્યો નહિ. રામલાલે અદાલતમાં દાવો મૂક્યો. જે ન્યાયાધીશ આગળ આ દાવો મુકાયો તેઓ ઘણા જ ઈમાનદાર, કાનૂનના જાણકાર, ન્યાયકારી અને દયાળુ હતા. નારાયણપ્રસાદે ન્યાયાધીશ સમક્ષ હાજર થઈને કહ્યું કે, 'સાહેબ! શેઠ રામલાલના બે હજાર રૂપિયા મારી પાસે લેણા છે એ સાચું છે અને એ મારી છેલ્લી ઘડી સુધીમાં પણ તેમને ચૂકવી દઈશ, પરંતુ અત્યારે તો મારી ખૂબ કફોડી હાલત છે. મારા ઘરમાં એક પૈસો પણ નથી અને નથી તો મારી પાસે કોઈ મિલકત. તમે સારી રીતે તપાસ કરી જુઓ. હું એક જગ્યાએ મહિનાના ચાલીસ રૂપિયાના પગારથી નોકરી કરું છું. ઘરમાં બાળ-બચ્ચાં મળીને કુલ આઠ જણ છે. તેમનો ગુજારો મહામુસીબતે થાય છે, તોપણ હું તકલીફ વેઠીને પણ કોઈ પણ રીતે વાર્ષિક બસો રૂપિયાનો હપ્તો રામલાલજીને ચૂકવતો રહીશ. આટલું કરવા છતાં પણ રામલાલજી મને વિવશ કરશે અને તમે મને જેલમાં મોકલશો તો હું જેલમાં જઈશ પણ નાદાર (દેવાળિયો) તો નહિ જ થાઉં. પણ એવી હાલતમાં મારાં બાળબચ્ચાં પર આફતનો પહાડ તૂટી પડશે. હવે સાહેબ, તમને જેમ યોગ્ય લાગે તેમ કરો.'

નારાયણપ્રસાદની સાચી વાતો સાંભળીને ન્યાયાધીશ ખુશ થયા. તેમણે કહ્યું કે, 'ભાઈ! તું તારા લેણિયાત શેઠને સમજાવી-મનાવીને ઉકેલ લાવ. તારી આવી હાલતમાં તેણે જરૂર તારી શરત સ્વીકારી લેવી જોઈએ.' નારાયણપ્રસાદે રામલાલને ઘણો સમજાવ્યો, કાલાવાલા કર્યા, પરંતુ રામલાલે તો કહી જ દીધું કે, 'હું કોઈ રીતે માનીશ નહિ.' મામલો અદાલતમાં રજૂ થયો અને રામલાલના બે હજાર રૂપિયા નારાયણપ્રસાદે આપવાના છે તે સાબિત થઈ ગયું. ન્યાયાધીશે તપાસ કરીને એ વાતની જાણકારી મેળવી લીધી કે નારાયણપ્રસાદે પોતાની જે હાલત કહી હતી

તે અક્ષરશઃ સાચી છે. રામલાલે પોતે પણ એ વાત કબૂલી. તેથી, જોકે રામલાલ સંમત ન હતો તોપણ ન્યાયાધીશે નારાયણપ્રસાદના કહ્યા મુજબ વાર્ષિક બસો રૂપિયાનો હપ્તો બાંધી આપીને તે પ્રમાણે બે હજાર રૂપિયા ચૂકવવાનો હુકમ કર્યો.

ન્યાયાધીશનો દયાભાવ જોઈને નારાયણપ્રસાદ ગદ્‌ગદ થઈ ગયો.

આ ચુકાદામાં શું ન્યાયાધીશને અન્યાયી સમજી શકાશે? શું તેમનું આ કામ રુશવતખોરીનું માની શકાશે? શું તેમાં દયાભાવ છે એવું નહિ માની શકાય? વાસ્તવમાં તેમાં દયા અને ન્યાય - બંનેય છે. જ્યારે અહીંના કાનૂનમાં આવું બની શકે છે ત્યારે શ્રીભગવાન પોતાના ભક્તની ઈચ્છા મુજબ જો ચુકાદો આપે તો તેથી તેમાં તેમના દયાળુપણામાં અને ન્યાયમાં શું કોઈ દોષ આવે ખરો?

હવે, ફોજદારી કાયદાનાં બે ઉદાહરણો જોઈએ -

ગોવિંદરામ અને રામપ્રસાદ એક જ મહોલ્લામાં રહેતા હતા. તેઓ હંમેશાં પરસ્પર વાદ-વિવાદ કર્યા કરતા હતા. વાદવિવાદમાં ઝઘડો થવાનો ભય હોય જ છે. એક દિવસ પરસ્પર શાસ્ત્રાર્થની ચર્ચામાં રામપ્રસાદને પોતાનાથી વિરુદ્ધનો સિદ્ધાંત સાંભળીને ગુસ્સો આવી ગયો. ક્રોધમાં મનુષ્યની બુદ્ધિ બહેર મારી જાય છે. તેથી તેણે ગોવિંદરામને જોરથી બે-ચાર લપડાક મારી દીધી. ગોવિંદરામે તેના પર ફોજદારી દાવો કર્યો. રામપ્રસાદને આ વાતની જાણ થતાં જ તેણે મેજિસ્ટ્રેટ સમક્ષ રૂબરૂ જઈને બધી વાત સાચેસાચી કહી દીધી. તેણે કહ્યું - 'અમે બંને ધર્મ સંબંધી અંદરોઅંદર ચર્ચા કરી રહ્યા હતા. ગોવિંદરામે ન્યાયી રીતે જ મારા મતનું ખંડન કર્યું હતું, પણ તેનો મત મારા વિચારથી ઘણો અવળો હતો તેથી મને ગુસ્સો થઈ જ આવ્યો, જેના કારણે મારાથી આ અપરાધ થઈ ગયો. જે કંઈ વાંક છે તે ખરેખર મારો જ છે; અને મેં જે કર્યું

તેનો મને ઘણો જ પસ્તાવો થાય છે. હવે, તમે જે કંઈ હુકમ કરો તે પ્રમાણે કરવા હું તૈયાર છું.' મેજિસ્ટ્રેટે કહ્યું - 'ભાઈ! આમાં હું કંઈ પણ કરી શકું નહિ. તું ગોવિંદરામ પાસે જા અને તેની વિનંતીપૂર્વક માફી માગ. તારા માટે આ જ સૌથી સહેલો ઉપાય છે.' મેજિસ્ટ્રેટની વાત સાંભળીને રામપ્રસાદ ગોવિંદરામના ઘરે ગયો અને તેના પગમાં પડીને, પોતાનો વાંક કબૂલ કરીને તેણે વિનંતીપૂર્વક ક્ષમા માગતાં કહ્યું કે, 'અત્યારે હું તમારા ચરણોમાં, તમારા શરણે આવ્યો છું. હું જરૂર અપરાધી છું, પણ તમારે મને છોડવો પડશે.' તેના કાલાવાલા સાંભળીને તથા તેનો હૃદયનો સાચો પશ્ચાત્તાપ જોઈને ગોવિંદરામ માની ગયો અને તેણે કેસ પાછો ખેંચવા અદાલતમાં દરખાસ્ત કરી. મેજિસ્ટ્રેટે દરખાસ્ત મંજૂર કરી અને રામપ્રસાદને નિર્દોષ છોડી મૂક્યો.

આ ઘટનામાં શું કોઈ એવું કહી શકશે કે ગોવિંદરામે અથવા મેજિસ્ટ્રેટે કોઈ અન્યાય કર્યો છે? અથવા તેમણે દયા દાખવી નથી? એક વાર ભક્ત અંબરીષનો અપરાધ કરવાથી દુર્વાસા મુનિને શ્રીવિષ્ણુ ભગવાને તેના શરણે મોકલ્યા હતા અને અંબરીષે શરણે આવેલા દુર્વાસાના પ્રાણ સુદર્શન ચક્રને વિનંતી કરીને બચાવ્યા હતા. આ ઘટનામાં એ રીતે દયા અને ન્યાય - બંનેય એકસાથે સંપન્ન થયાં હતાં.

શિવરામ નામનો સરળ સ્વભાવનો એક સદાચારી માણસ એક ગામમાં રહેતો હતો. તે ગામમાં એક લુટારાનું ઘર હતું. શિવરામ કોઈ કોઈ વાર તેની પાસેથી લૂંટફાટની ઘટનાઓ સાંભળતો હતો. કુસંગનું ફળ ઘણું ખરાબ આવે છે. શિવરામનું મન એક દિવસ લલચાયું, લોભે તેની બુદ્ધિ બગાડી, પરિણામ શું આવશે એનો બિલકુલ વિચાર નહિ કરતાં તેણે નંદરામ નામના ગૃહસ્થના ઘરમાં લૂંટ ચલાવી અને ત્રણ હજાર રૂપિયા રોકડા તથા કેટલાંક ઘરેણાં પણ લૂંટ્યાં. પોતાના બચાવ ખાતર તેણે તેને રોકનારાઓ ઉપર બે-ચાર લાકડીઓ પણ ફટકારી દીધી.

ધન લઈને તે ઘરે ગયો અને પોતાની પત્નીને બધો વૃત્તાંત કહ્યો. શિવરામની પત્ની ઘણી વિવેકી સન્નારી હતી. તેને પોતાના પતિનું આ ખરાબ કૃત્ય સાંભળીને ઘણું દુઃખ થયું. તેણે ચરણોમાં માથું ટેકવીને પોતાના પતિને ધર્મનું ભાન કરાવ્યું અને વિનંતી કરી કે આ ધન તમે અત્યારે જ પાછું આપી આવો. શિવરામ ખરેખર તો સારો માણસ હતો, તે કોઈ ધંધાદારી લુટારો તો હતો જ નહિ, કુસંગને લીધે તેની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ હતી. પત્નીના સમજાવવાથી તેને પોતાનો અપરાધ દીવાની જેમ સ્પષ્ટ દેખાવા લાગ્યો. પત્નીની સલાહથી તે તરત જ પેલું ધન લઈને કલેક્ટર સાહેબના બંગલે ગયો અને રૂપિયા તથા ઘરેણાં તેમની આગળ મૂકીને, આત્મસમર્પણ કરીને તેણે કરગરતાં કહ્યું - 'મારાથી મોટો અપરાધ થઈ ગયો છે. કુસંગના કારણે મારા મનમાં લોભ જાગ્યો હતો. અને તેથી મારી બુદ્ધિ બહેર મારી ગઈ હતી. મેં બિચારા નંદરામને અન્યાયપૂર્વક સતાવ્યો અને એવું કુકર્મ કર્યું કે જે મારા બાપદાદાઓમાં કોઈએ પણ કર્યું નથી. મારો અપરાધ કોઈ રીતે માફ કરી શકાય તેવો નથી જ, પરંતુ હું તમારા શરણે આવ્યો છું. તમે મને બચાવી લો. ભવિષ્યમાં કદી પણ હું આવું કુકર્મ નહિ કરું.' કલેક્ટરને તેની વાતમાં વિશ્વાસ બેઠો. તેમણે વિચાર્યું કે જો આની દાનત ખરાબ જ હોત તો માલ લઈને હાજર જ શા માટે થાત? કલેક્ટરે તેને ત્યાં રોકી લીધો અને પોલીસ મોકલીને નંદરામને બોલાવ્યો. નંદરામ તે વખતે પોલીસમાં ફરિયાદ કરવા જ જઈ રહ્યો હતો અને ત્યારે જ એક પોલીસ કોન્સ્ટેબલે આવીને કહ્યું - 'તમારા ઘરમાં જેણે લૂંટ ચલાવી છે તે માણસ માલ સાથે કલેક્ટર સાહેબના બંગલે હાજર છે, સાહેબે તમને અત્યારે જ બોલાવ્યા છે.' માલ મળી આવ્યાની વાત સાંભળતાં જ નંદરામ ઘણો ખુશ થયો અને તે તરત જ પોલીસની સાથે સાહેબના બંગલે ગયો. તેને જોઈને શિવરામે તેના પગ પકડી લીધા અને પોતાનો અપરાધ

માફ કરવા રડી-રડીને વિનંતી કરવા લાગ્યો. નંદરામે તેની કોઈ વાત સાંભળી નહિ અને કહ્યું કે, 'તને હું છોડવાનો નથી, તને જેલમાં મોકલાવીને જ જંપીશ.' મામલો કોર્ટમાં ગયો. કલેક્ટર સાહેબના પૂછવાથી શિવરામે તે જ વાતો સાચેસાચી ફરીથી કહી સંભળાવી કે જે વાતો તેણે સાહેબના બંગલે કહી હતી. એ સાંભળીને સાહેબે નંદરામને પૂછ્યું - 'તમે જણાવો કે આની ચાલ-ચલગત વિશે તમારો શો ખ્યાલ છે?' નંદરામે કબૂલ કરવું પડ્યું કે, 'હું આને ઓળખું છું. આ ખાનદાન ઘરનો યુવાન છે. લુટારાઓની સોબતથી જ તેનામાં કુબુદ્ધિ જન્મી હશે. પરંતુ તેને સજા તો જરૂર થવી જોઈએ, નહિતર આ ફરી પાછો આવું જ કામ કરશે.' કલેક્ટર દયાળુ હતા. તેઓ શિવરામની નિખાલસતા અને સચ્ચાઈ પર મુગ્ધ થઈ ગયા અને તેમણે ભવિષ્યમાં સાવધાન રહેવા ચેતવણી આપીને શિવરામને છોડી મૂક્યો. આ રીતે દયા કરનારા કલેક્ટરને શું અન્યાયી માની શકાય? બસ, આ જ રીતે ભગવાન પણ નિખાલસ અને સાચા હૃદયથી તેમના શરણે થનારને મુક્ત કરી દે છે.

અહીં એવો પ્રશ્ન ઊઠી શકે કે, 'આ બધાં ઉદાહરણો તો સાધારણ અપરાધોનાં છે. ખૂન વગેરેના ગંભીર બનાવમાં પ્રતિપક્ષના લોકો ખુશીથી ચુકાદો માની લે તોપણ ન્યાયકર્તા ન્યાયાધીશ અપરાધીને છોડી શકતા નથી; અને જો છોડી મૂકે છે તો તેમને જરૂર અન્યાયી માનવામાં આવે છે.'

આ સવાલનો જવાબ મેળવતાં પહેલાં એ સમજવું જરૂરી છે કે ખૂન અથવા મનુષ્ય-હત્યા ત્રણ પ્રકારે કરવામાં આવે છે - ન્યાય કરવાના ખ્યાલથી, ભૂલથી અને જાણીજોઈને અન્યાયથી.

(૧) ન્યાય કરવા માટે કરાનારો મનુષ્યવધ તો ખૂનનો અપરાધ જ ગણાતો નથી. ધર્મનું રક્ષણ કરવા માટે, લોકહિત સાધવા માટે, ન્યાયનું રક્ષણ કરવા માટે અથવા આત્મરક્ષા માટે નિઃસ્વાર્થભાવે જે મનુષ્યવધ

થાય છે તેવી હત્યાઓમાં વધ કરનારો દંડને પાત્ર બનતો નથી. અપરાધીને ન્યાયપૂર્વક ફાંસીની સજા આપનારા ન્યાયાધીશને અથવા ફાંસીની સજા મેળવનારા મનુષ્યને ફાંસી પર લટકાવનારા જલ્લાદને કોઈ અપરાધી નથી માનતું. ડાકૂલુટારાઓથી ધન અને પ્રાણ બચાવવા માટે તેમના પર શસ્ત્રપ્રહાર કરનારાને તો પુરસ્કારપાત્ર ગણવામાં આવે છે. તાજેતરમાં એક બંગાળી યુવતીએ બદઇરાદાથી ઘરમાં ઘૂસી આવેલા એક નવયુવાનને હણી નાખ્યો હતો, તે પકડાઈ ગઈ, પરંતુ અદાલતે તેના કૃત્યની પ્રશંસા કરી અને તેને નિર્દોષ છોડી મૂકી હતી. એ ખરું કે, મનુષ્યકૃત ન્યાયમાં એવી ભૂલ થવાની સંભાવના રહી શકે છે કે તે મનુષ્ય કોઈ કિસ્સામાં ન્યાયસંગત કર્મ કરનારને પણ સજાપાત્ર માની બેસે છે; પરંતુ અંતર્યામી, સર્વતશ્ચક્ષુ (અર્થાત્ બધી જ બાજુએ દૃષ્ટિ ધરાવનારા) પરમાત્માના ન્યાયમાં તો આવી ભૂલ થવાની કોઈ સંભાવના જ નથી.

(૨) બીજા પ્રકારનું ખૂન ભૂલથી અર્થાત્ અજાણતાં અથવા ગેરસમજથી થતું હોય છે. આવું ખૂન કરનારા અપરાધીને દોષિત તો માનવામાં આવે જ છે, કારણ કે તેની અસાવધાનીથી જ મનુષ્યવધ થયો હોય છે; પરંતુ તેનો ગુનો સાપેક્ષ રીતે ઘણો હળવો માનવામાં આવે છે. આવો અપરાધી પ્રયત્ન કરવાથી છૂટી પણ જાય છે અથવા પ્રયત્નના અભાવ કે ઊણપને લીધે તેને થોડી સજા પણ થઈ શકે છે.

(૩) ત્રીજા પ્રકારનું ખૂન ક્રોધ, લોભ, વેરભાવ વગેરેના કારણે જાણી-જોઈને કરવામાં આવતું હોય છે. આવું ખૂન કરનારો અપરાધી તેનો ગુનો સાબિત થવાથી અહીંના કાનૂન પ્રમાણે ન્યાયાલયના ચુકાદામાંથી છૂટી શકતો નથી.

ઉપર્યુક્ત પૈકીના પ્રથમ પ્રકારના અપરાધનાં ઉદાહરણો તો અપાઈ ગયાં છે અને એવાં બીજાં પણ અનેક ઉદાહરણો મળી શકે છે.

શ્રીખડ્ગબહાદુર નામના એક નેપાળી યુવાને અત્યાચારી હીરાલાલ અગ્રવાલની હત્યા કરી હતી, તેને હળવી સજા પણ આપવામાં આવી હતી, પરંતુ લોકમતને માન આપીને વાઈસરોયે તેને છોડી મૂક્યો હતો.

બીજા પ્રકારના ખૂનના અપરાધ માટે નિમ્નલિખિત ઉદાહરણ આપવામાં આવે છે - રાજપૂતાનાના એક ગામનો રામસિંહ નામનો એક રાજપૂત નવયુવક જંગલમાં પર્વતની તળેટીમાં નિશાન તાકવાનું શીખી રહ્યો હતો. નિશાન પર ગોળી મારવા માટે તે બંદૂકનો ઘોડો દબાવવા જતો હતો ત્યારે જ સામેથી એક માણસ પસાર થતો દેખાયો અને તેને બચાવી લેવા માટે તેણે પોતાનો હાથ ઘુમાવ્યો, ઘોડો દબાઈ ગયો અને છૂટેલી ગોળી બાજુમાં ઊભેલા સજનસિંહનું હૃદય ચીરીને આરપાર નીકળી ગઈ અને તે ધડામ દઈને ઢળી પડ્યો. રામસિંહના હોશકોશ ઊડી ગયા. પોલીસ આવી પહોંચી. રામસિંહને ખૂનનો અપરાધ કરવા બદલ પકડવામાં આવ્યો. એક તરફ તેને પોતાના હાથે મિત્ર મરાયો તેનું દુ:ખ હતું, તો બીજી તરફ રાજસંકટ! બિચારાની ઘણી ભૂંડી દુર્દશા હતી. મામલો કૉર્ટમાં રજૂ થયો. રામસિંહે બનેલી આખીયે ઘટના સાચેસાચી કહી, દુ:ખ વ્યક્ત કર્યું અને માફી માગી. કૉર્ટે નીમેલા અધિકારી સાહેબે સજનસિંહના ઘરનાં માણસોને પૂછ્યું કે, 'તમે લોકો સાચેસાચું કહો કે રામસિંહની દાનતમાં કોઈ દોષ હતો કે નહિ? તે પોતાની જે ભૂલ બતાવી રહ્યો છે તે બાબતમાં તમારી શી ધારણા છે?' તે લોકોએ કહ્યું - 'અમે પણ એ વાત પર તો વિશ્વાસ કરીએ જ છીએ કે તેનો ઈરાદો સજનસિંહને મારવાનો ન હતો. એ તો તેનો મિત્ર હતો, અમે પણ તે સમયે ત્યાં હાજર હતા. પરંતુ તેની અસાવધાનીથી સજનસિંહ માર્યો ગયો છે, તેથી તેને સજા તો અવશ્ય મળવી જોઈએ.' અધિકારી સાહેબે રામસિંહની દાનત અને સચ્ચાઈ પર વિશ્વાસ કરીને, ભવિષ્યમાં સાવધ રહેવા તાકીદ કરીને તેને નિર્દોષ છોડી મૂક્યો. શું આ રીતે દયા દાખવનારા અધિકારીને

કોઈ અન્યાયી કહી શકશે? જો મનુષ્ય પણ આ રીતે દયા અને ન્યાયનો વર્તાવ એકસાથે કરી શકે છે તો પછી શરણે જવાથી ન્યાયનું રક્ષણ કરતા રહીને જ પરમાત્મા તે શરણાગતના અપરાધોને માફ કરી દે તો એમાં શું આશ્ચર્ય છે?

આ ઉદાહરણ પરથી એક પ્રાચીન કથાનું સ્મરણ થઈ આવે છે, જેમાં ભૂલની સજા અપરાધ કરનારા પરમ ધાર્મિક પુરુષે પણ ભોગવવી પડી હતી. ઈતિહાસ મહારાજ દશરથનો છે, કે જેમના હાથે માતાપિતાનો ભક્ત શ્રવણકુમાર માર્યો ગયો હતો. આ ઈતિહાસનો આધાર લઈને લોકો એવો પ્રશ્ન કરતા રહે છે કે, 'જો મહારાજ દશરથનો ભૂલથી થયેલો અપરાધ માફ નથી થયો, તો એમ કેમ માની શકાય કે અપરાધીનો ભૂલથી થયેલો અપરાધ માફ થઈ જાય છે?' આ શંકાનો ઉત્તર ઈતિહાસ સહિત આ પ્રકારે છે -

મહારાજ દશરથ એક વાર રાતના સમયે વનમાં હિંસક પશુઓના શિકાર માટે ગયા હતા. એક સ્થળે તેમણે નદીમાં હાથીની ગર્જના જેવો અવાજ સાંભળીને તીક્ષ્ણ શબ્દવેધી બાણ માર્યું અને તે જ ક્ષણે કોઈના કણસવાનો અવાજ આવ્યો અને આ શબ્દો સંભળાયા - 'અરે, મુજ - નિર્દોષ તપસ્વીને વિના-અપરાધે કોણે માર્યો? મેં કોઈનું શું બગાડ્યું હતું કે આમ મને મારી નાખ્યો? હવે મારાં ઘરડાં મા-બાપની સેવા કોણ કરશે? તેમને કોણ ખવડાવશે-પિવડાવશે?' આ દયાપાત્ર શબ્દો સાંભળીને દશરથના હૃદયમાં ભારે વેદના થઈ આવી. ગભરાયેલા તેઓ દોડ્યા અને નદીકિનારે આવીને જોયું તો એક જટાધારી તપસ્વી ઋષિ લોહીથી લથપથ પડેલા છે. દશરથે પોતાને ક્ષમા આપવા વિનંતી કરી ત્યારે ઋષિએ કહ્યું - 'મારાં આંધળાં મા-બાપ તરસ્યાં થયાં હતાં. હું તેમના માટે પાણી ભરવા અહીં આવ્યો હતો. ઘડો ભરતાં જે અવાજ થયો તેના પર તમે બાણ મારી દીધું. મારાં માતા-પિતા મારી વાટ જોતાં હશે.

તમે ત્યાં જઈને આ બનાવની વાત કહો, તેમને પ્રસન્ન કરો, કે જેથી તેઓ તમને શાપ ન આપી દે. મારા શરીરમાંથી બાણ કાઢી નાખો, મને ખૂબ વેદના થઈ રહી છે. તમને બ્રહ્મહત્યાનું પાપ લાગશે નહિ, કારણ કે હું શ્રવણકુમાર નામનો વૈશ્ય છું.' આ સાંભળીને દશરથે શ્રવણના શરીરમાંથી બાણ ખેંચી કાઢ્યું અને બાણ નીકળતાં જ શ્રવણના પ્રાણ નીકળી ગયા. રાજા દશરથ પાણી લઈને શ્રવણનાં માતાપિતા પાસે ગયા. તેઓ પુત્રની વાટ જોઈ રહ્યાં હતાં. પગલાંનો અવાજ સાંભળીને તેમણે આવવામાં મોડું થવાનું કારણ પૂછ્યું. દશરથે પોતાનું નામ-ઠામ બતાવીને અત્યંત વિનયપૂર્વક બધી વીતકકથા કહી સંભળાવી અને પાણી પીવા માટે વિનંતી કરી. વૃદ્ધ પતિ-પત્ની એક વાર તો બેહોશ થઈ ગયાં, પણ પછી હોશમાં આવતાં કહેવા લાગ્યાં - 'હે રાજન્! પોતાનું આ અધમ કૃત્ય તમે સ્વયં આવીને અમને ન કહ્યું હોત તો તમારા માથાના સેંકડો ટુકડા થઈ ગયા હોત. તમે ભૂલથી આ કૃત્ય કર્યું છે, પણ કદાચ જાણીજોઈને કર્યું હોત તો સમસ્ત રઘુકુળનો જ વિનાશ થઈ જાત. હવે અમને બંનેને પણ ત્યાં લઈ ચાલો.' દશરથ તે બંનેને ત્યાં લઈ ગયા. તેઓ બંને પુત્રના શરીરને સ્પર્શ કરીને ત્યાં ઢળી પડ્યાં અને અનેક પ્રકારે વિલાપ કરવા લાગ્યાં. દુ:ખી ઋષિએ મરતી વેળાએ કહ્યું - 'હે દશરથ! જેવી રીતે આજે હું પુત્ર - વિયોગના દુ:ખથી મૃત્યુ પામી રહ્યો છું તેવી જ રીતે તમારું મૃત્યુ પણ પુત્રવિયોગના શોકથી જ થશે.' આટલું કહ્યા પછી તે બંનેય પરલોક સિધાવી ગયાં.

ત્યારબાદ રાજા દશરથે યજ્ઞ કર્યો, જેના ફળસ્વરૂપ તેમને શ્રીરામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન - એ ચાર પુત્રો થયા. શ્રીરામને વનવાસ અપાયો અને એ પુત્રવિયોગના કારણે જ રાજા દશરથનું મૃત્યુ થયું.

આ ઇતિહાસ વાલ્મીકિ રામાયણમાં (૨/૬૩) છે. આ અપરાધની દશરથને સજા જરૂર મળી, પણ તે સજા વાસ્તવમાં ઘણી જ અલ્પ હતી.

પુત્રનો વનવાસ થતાં જ તેમને પુત્રનો શ્રવણની જેમ ચિરવિયોગ થયો હતો. અમારી સમજ પ્રમાણે, જો રાજા દશરથે વિશેષ પ્રયત્ન કર્યો હોત તો સંભવતઃ આ સજા પણ માફ થઈ શકત. રાજા દશરથની વ્યાકુળ દશા જોઈને શ્રવણે તો પોતાના તરફથી તેમને માફ કરી જ દીધા હતા અને પોતાનાં માતા-પિતાને સમજાવવા મોકલ્યા હતા. એવી જ રીતે શ્રવણનાં માતાપિતાની જો વિશેષ દયા થઈ હોત તો ત્યાંથી પણ દશરથ નિર્દોષ છૂટી શક્યા હોત. તેમણે જેટલો પ્રયત્ન કર્યો તેટલું જ કામ પણ થયું. પ્રયત્ન કરવો એ પણ પ્રાયશ્ચિત્ત જ છે. સંભવ છે કે તે સમયે મહારાજ દશરથે ભગવાનને વિશેષ પ્રાર્થના કરી હોત અને ઈશ્વરે ઈચ્છ્યું હોત તો શ્રવણકુમારના પિતાની બુદ્ધિમાં પવિત્રતા અને દયાનો સંચાર કરીને તેમના દ્વારા દશરથને માફ કરાવી દેત. જો એમ થયું હોત તો ઈશ્વરના ન્યાયમાં કોઈ પણ દોષ માની શકાત નહિ.

ખરી વાત તો એ છે કે મનુષ્ય વડે કોઈ પણ પ્રકારનો અપરાધ કેમ ન થઈ જાય, પણ ઈશ્વરના શરણે થઈને અપરાધને અનુરૂપ પ્રાયશ્ચિત્ત વગેરે ઉપાય કરવાથી, અપરાધનું ફળ ભોગવ્યા વિના જ તેનાં પાપ માફ થઈ શકે છે. પ્રાયશ્ચિત્ત વગેરે ઉપાયોથી પણ ફળભોગના નાશની જેમ જ પાપોનો નાશ થઈ જાય છે, કારણ કે પ્રાયશ્ચિત્ત પણ એક પ્રકારનો કર્મફળ-ભોગ જ છે.

એ વાત જરૂર સાચી છે કે વર્તમાન સમયના કાયદામાં ઉપર્યુક્ત ત્રીજા પ્રકારના, જાણીજોઈને બદઈરાદાથી કરેલા ખૂન માટે દયાનો એવો કોઈ વિનિયોગ થયો હોવાનું ઉદાહરણ મળી શકતું નથી કે જેનો ઉલ્લેખ કરીને ઈશ્વરની દયાને સમજાવી શકાય; પરંતુ એટલું તો બધાંએ માનવું જ પડશે કે સાચા, ન્યાયી, પ્રજાકલ્યાણવાંછુ રાજાનો સજાનો કાનૂન બનાવવા પાછળનો તથા તદનુસાર સજા કરવા પાછળનો ઉદ્દેશ્ય પણ

અપરાધી ઉપર દયા કરવાનો જ હોય છે. ન્યાયી રાજા અપરાધીને સજા કરીને તેને બોધ આપવા અને તેનો સુધાર કરવા ઈચ્છતો હોય છે અને દ્વેષપૂર્વક તેને દુઃખ પહોંચાડવા તથા અકારણ જ તેની હત્યા કરવા ઈચ્છતો હોતો નથી. હત્યાનો ઉદ્દેશ્ય તો દ્વેષપૂર્ણ અને પ્રતિહિંસાની વૃત્તિ રાખનારા મનુષ્યનો જ હોઈ શકે છે. આટલું હોવા છતાં પણ ન્યાય-પરાયણ રાજાની સરખામણી ઈશ્વરની સાથે તો કદી પણ કરી શકાય તેમ નથી. ઈશ્વરનો કાયદો દયા, સુહૃદતા અને જીવોના કલ્યાણના ભાવથી પરિપૂર્ણ હોય છે, આપણે તો એની કલ્પના સુદ્ધાં પણ ન કરી શકીએ.

ઈશ્વરે કરેલી સજા પણ તેમના વરદાન જેવી હોય છે. ઈશ્વરના ન્યાયથી ફરિયાદી અને આરોપી – બંનેયનું પરિણામે હિત થાય છે, બંનેનો ઉદ્ધાર થાય છે. આ જ તો તેમના ન્યાયની વિશેષતા છે. પરમ દયાળુ પરમાત્માના કાયદા પ્રમાણે, જે અપરાધી પોતાની ભૂલનો સાચા દિલથી એકરાર કરી લઈને, ભવિષ્યમાં ફરી અપરાધ નહિ કરવાની પ્રતિજ્ઞા કરે છે અને સાચા અંતઃકરણથી ભગવાનના શરણે થઈને સર્વસ્વ-સહિત પોતાની જાતને તેમના ચરણોમાં સમર્પિત કરી દે છે, તેમ જ ઈશ્વરની કઠોરમાં કઠોર આજ્ઞાનો - તેમના ભયંકરમાં ભયંકર વિધાનનો - તેમના પ્રત્યેક ન્યાયનો સહર્ષ સ્વીકાર કરે છે તથા તેને ઈશ્વરનો પુરસ્કાર માને છે અને એ સાથે જ પોતે કરેલા અપરાધોની માફી નહિ માગતાં તેની સજા ભોગવવામાં ખુશ થાય છે તેવા નિખાલસભાવે સર્વસ્વ અર્પણ કરી દેનારા શરણાગત ભક્તને ભગવાન અપરાધોમાંથી મુક્ત કરીને તેને નિર્ભય કરી દે છે. આમાં દયાળુ ઈશ્વરનો ન્યાય જ સિદ્ધ થાય છે. નિખાલસભાવના ભક્તને સજામાંથી મુક્ત કરવો એ જ પરમાત્માના શાસનનો, દયાસભર અને ન્યાયપૂર્ણ કાયદો છે; અને તેથી ભગવાનમાં દયા અને ન્યાય - બંને એકસાથે જ રહે છે.

શ્રીગીતાજીમાં ભગવાન સ્પષ્ટ કહે છે -

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः॥
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति।
कौन्तेय प्रति जानीहि न मे भक्तः प्रणश्यति॥

★ ★ ★

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥

(શ્રીમદ્‌ભગવદ્‌ગીતા - ૯/૩૦-૩૧; ૧૮/૬૬)

'જો કોઈ ઘણો દુરાચારી પણ અનન્યભાવે મારો ભક્ત બનીને મને ભજે છે, તો એ સાધુ જ માનવા યોગ્ય છે; કેમકે એ ખરો નિશ્ચય કરનારો છે એટલે કે એણે દૃઢતાથી નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન જેવું બીજું કશુંય નથી. એ સત્વરે ધર્માત્મા થઈ જાય છે અને સદા રહેનારી પરમશાન્તિને પામે છે; હે કૌન્તેય! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભક્ત નાશ નથી પામતો.... સઘળાંય ધર્મોને એટલે કે સઘળાંય કર્તવ્ય-કર્મોને મારામાં ત્યજીને, તું કેવળ એકમાત્ર મુજ સર્વ-શક્તિમાન સર્વાધાર પરમેશ્વરના જ શરણે આવી જા; હું તને બધાય પાપોથી મુક્ત કરી દઈશ, તું શોક કર મા.' ॥૬૬॥

